उन्नति

# વિચાર

વર્ષ ૧૪ અંક ૧ જાન્યુઆરી – એપ્રિલ, ૨૦૦૯

અનુક્રમ

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
બિન-સાંપ્રદાયિક
લોકશાહીને બચાવવા
બહુત્વવાદનું સંવર્ધન

**મંતવ્ય**
વંચિતતાલક્ષી વિકાસથી ૯
હિંદુત્વઃ ગુજરાતમાં
અહિંસાની દંતકથા

**સાંપ્રત પ્રવાહ** ૨૦

**સંદર્ભ સાહિત્ય** ૨૩

**અમારા વિશે** ૨૯

**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંસ્થાના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

સંપાદકીય

## સમાવેશી સમાજ માટે સમાધાનકારી અભિગમ

કોઈ પણ સમાજમાં વિવિધ વ્યક્તિઓ, જૂથો, સમુદાયો અને સ્તરો વચ્ચે જુદા જુદા પ્રકારના સંઘર્ષો અસ્તિત્વમાં આવતા હોય છે. સમાજની વ્યક્તિઓ જ્યારે વ્યક્તિગત અને સામૂહિક રીતે પરસ્પરના સંપર્કમાં આવે છે ત્યારે સહકાર અને સંઘર્ષ બંનેની ભૂમિકા ઊભી થાય છે. સમાજમાં જે શ્રેણીગત વ્યવસ્થા અને સ્તરીકરણ હોય છે તેમાં આ પ્રકારનાં સહકાર અને સંઘર્ષ સ્વાભાવિક રીતે જ જન્મે છે. આવા સંઘર્ષોનાં ઉકેલ અને નિવારણ કેવી રીતે કરવાં તે દરેક સમાજની આવશ્યકતા હોય છે. જ્યારે વિભિન્ન જૂથો અને સમુદાયો પરસ્પર પૂર્વગ્રહ અને તિરસ્કારની ભૂમિકાથી સામાજિક, આર્થિક અને રાજકીય વ્યવહારો કરે છે ત્યારે સંઘર્ષો વધે છે. માટે સંઘર્ષોનું નિવારણ પૂર્વગ્રહ અને તિરસ્કારની ભાવના છોડીને જ થઈ શકે તેમ હોય છે.

આ સંદર્ભમાં બે બાબતો અગત્યની છેઃ ભૂતકાળમાં જે કંઈ થયું અથવા જે કંઈ નથી થયું એવી તમામ ઘટનાઓને વાજબી ઠરાવવાનો પ્રયાસ છોડી દેવો પડે. બીજું, વિવિધ મતભેદો અને સંઘર્ષોના નિવારણના ઉપાય તરીકે બદલો લેવાની ભાવનાનો ત્યાગ કરવો પડે. અવેરથી જ વેર શમે છે એવા માનવધર્મના મૂળભૂત સિદ્ધાંતનો સ્વીકાર જો કરવામાં આવે તો સંઘર્ષોને બદલે સમાધાનની ભૂમિકા ઊભી થાય.

આવી સમાધાનની ભૂમિકામાં પણ બે બાબતો અગત્યની બને છે. એક છે વિકાસની પ્રક્રિયામાં સમાજના તમામ સમુદાયોનો સમાવેશ. સમાજની લઘુમતીઓ સહિતના અનેક સમુદાયો વિકાસના મુખ્ય પ્રવાહથી વંચિત રહી જાય છે. આ પ્રકારની પ્રક્રિયા પાછળ વિકાસનાં ધ્યેયો અને વ્યૂહરચના કામ કરે છે તો બીજી તરફ રૂઢિચુસ્તતા અને ધર્માંધતા પણ પોતાનો ફાળો આપે છે. સમગ્ર સમાજ અથવા સમાજનો ભદ્ર વર્ગ જેમ સમાજના અમુક સમુદાયોના પછાતપણા માટે જવાબદાર હોય છે તેમ એ સમુદાયોનાં સામાજિક વલણો પણ જવાબદાર હોય છે. તેથી આ બંને પ્રકારનાં કારણો દૂર થાય તે માટે સઘન પ્રયાસ કરવાની આવશ્યકતા રહે છે. બીજી બાબત છે એકંદર રાજકીય પરિવેશને સમાવેશી બનાવવાની. દરેક સમુદાય રાજ્યની શાસન વ્યવસ્થામાં દરેક તબક્કે ભાગીદાર થાય એવી ભૂમિકા ઊભી કરવી પડે. જો એમ થાય તો જ દરેક સમુદાયને રાજ્ય પોતાનું છે તેમ અને રાજ્ય પોતાના હિત માટે કામ કરે છે તેમ લાગે.

આવી સમાધાનકારી પ્રવૃત્તિઓ બે રીતે થઈ શકે છેઃ વ્યક્તિગત રીતે અને સામૂહિક રીતે. જુદા જુદા સમુદાયોમાં વ્યક્તિગત અને સામૂહિક રીતે સમાધાનકારી પ્રવૃત્તિઓ સમાવેશી સમાજ અને સંઘર્ષોના નિવારણ માટે તથા ભવિષ્યમાં સંઘર્ષો ઊભા થતા રોકવા માટે અને ઊભા થનારા સંઘર્ષોના અહિંસક અને સંવાદલક્ષી ઉકેલ માટે અનિવાર્ય છે. તેમાંથી સામુદાયિક રક્ષણ, સલામતી અને સંવાદ તથા સમાવેશી વિકાસ જન્મી શકે છે.

# બિન-સાંપ્રદાયિક લોકશાહીને બચાવવા બહુત્વવાદનું સંવર્ધન

બિન-સરકારી સંગઠન 'સફર'નાં નિયામક **સુશ્રી સોફિયા ખાન** દ્વારા એક આંતરરાષ્ટ્રીય પરિસંવાદ માટે મોકલવામાં આવેલા એક અભ્યાસપત્રનો આ ગુજરાતી અનુવાદ છે. આ લેખમાં બિન-સાંપ્રદાયિક લોકશાહીને બચાવવા માટે ભારતમાં બહુત્વવાદનું સમર્થન કેવી કરી શકાય તેનાં પગલાં દર્શાવવામાં આવ્યાં છે. ખાસ કરીને વડા પ્રધાન દ્વારા નીમવામાં આવેલી સાચર સમિતિની ભલામણોના સંદર્ભમાં આ લેખ વિશેષ મનનીય બને છે.

આપ સૌ વિદ્વાનો સમક્ષ મને મારા વિચારો અને પ્રશ્નો રજૂ કરવાની એક મહત્ત્વની તક આપવા બદલ હું આપનો આભાર માનું છું. હું 'સફર' નામના સંગઠન સાથે કામ કરું છું. તેનું પૂરું નામ છે: સોશ્યલ એક્શન ફોરમ અગેઈન્સ્ટ રિપ્રેશન. ગુજરાતનાં રમખાણો બાદ માત્ર નાગરિક સમાજનાં જ નહિ, પરંતુ રાજ્યનાં બિન-સરકારી સંગઠનો અને મહિલા જૂથોમાં પણ ભારે ધ્રુવીકરણનો અનુભવ કર્યો હતો. આપણામાંના ઘણા માટે ૨૦૦૨નાં ગુજરાતનાં રમખાણો અનેક રીતે એક વળાંક બિંદુ બન્યાં. આ પરિષદના હેતુઓને દિમાગમાં રાખીને વિષય વિશે મારી સમજને વ્યક્ત કરીશ. અમે પશ્ચિમ ભારતમાં ગુજરાતમાં છીએ. ભારતના મુસ્લિમોમાં અસલામતી ઊભી કરવામાં ગુજરાતે વિઘાતક ભૂમિકા ભજવી છે, એટલે આજની વાતચીતમાં મેં ગુજરાતને કેન્દ્રમાં રાખ્યું છે એ સ્વાભાવિક જ છે.

મારી રજૂઆતમાં બે ભાગ છે: પ્રથમ ભાગમાં મેં ભારતીય બહુત્વવાદ સામેના ખતરાનું મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન કર્યો છે અને બીજા ભાગમાં મેં બહુત્વવાદને મજબૂત કરવાની થોડીક વ્યૂહરચનાઓ દર્શાવવાનો પ્રયાસ કર્યો છે.

## પૂર્વભૂમિકા

લગભગ એક દાયકા અગાઉ ભારતના નૃવંશશાસ્ત્રીય સર્વેએ જણાવ્યું હતું કે ભારતમાં ૪૫૯૯ જુદા જુદા સમુદાયો છે અને ૩૨૫ જુદી જુદી  ભાષાઓ ૧૨ જુદા જુદા ભાષા પરિવારોમાં ૨૪ લિપિઓ સાથે છે. આ નોંધપાત્ર આંકડાકીય વિગતો છે અને તે ભારતમાં કેટલો બહુત્વવાદ છે તેની વિગતો આપે છે. પણ તેથી શું? ભારત એક ધર્મનિરપેક્ષ રાજ્ય છે એમાં કોઈ શંકાને સ્થાન નથી પરંતુ આપણે એ સ્વીકારવું પડશે કે ભારતના લોકમાનસમાં ધર્મનિરપેક્ષતા એક દૂરનો આદર્શ રહ્યો છે. અને એ હકીકતથી આશ્ચર્ય પામવા જેવું પણ કંઈ નથી.

ભારતના બંધારણમાં ધર્મનિરપેક્ષતાનો અર્થ છે તમામ ધર્મો, પરંતુ તે ધર્મ અને રાજ્ય વચ્ચેના સંબંધો ઉપર પ્રતિબંધ મૂકતું નથી. ભારતના બંધારણના આમુખમાં ધર્મનિરપેક્ષ લોકશાહીને પ્રયોજવામાં આવી છે. તેમ છતાં ભારતનું બંધારણ અને કાયદાઓ કેટલીક એવી જોગવાઈઓ કરે છે કે જે ટીકાઓ જન્માવે છે અને બંધારણની ધર્મનિરપેક્ષ ભાત ઉપર અને તેની પ્રતિબદ્ધતા વિશે શંકા જન્માવે છે. દા.ત. કલમ-૨૯૦એ કેટલાક દેવસ્થાનોને વાર્ષિક ચુકવણી માટે જોગવાઈ કરે છે. તેને લીધે કેરળ અને તામિલનાડુમાં રાજ્યના એકત્રિત ભંડોળમાંથી હિંદુ મંદિરો અને દેવસ્થાનોને ભંડોળ પ્રાપ્ત થાય છે. એ જ રીતે, હિંદુ અવિભક્ત કુટુંબને આવક વેરામાં લાભો પ્રાપ્ત થાય છે. અથવા જો બે હિંદુઓ કહેવાતા ધર્મનિરપેક્ષ કાનૂન 'ધ સ્પેશ્યલ મેરેજ એક્ટ' હેઠળ લગ્ન કરે તો પણ તેમને વારસા માટે 'ધ ઈન્ડિયન સક્સેશન એક્ટ' લાગુ પડતો નથી પણ 'હિંદુ સક્સેશન એક્ટ' લાગુ પડે છે.

જો કે, મહદંશે ભારત એક ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર રહ્યું છે. ભારત એવા અનેક આંતરરાષ્ટ્રીય ઠરાવોમાં સહી કરનાર દેશ છે કે જે માનવ અધિકારોના ગૌરવને માન્ય રાખે છે. ભારતનું બંધારણ પણ તમામ નાગરિકોને સમાન તકો અને અધિકારોની ખાતરી આપે છે. (કલમ-૧૪, ૧૫,૧૬,૧૭,૧૯,૨૧,૨૨,૨૩,૨૫,૨૬,૨૯,૩૦, ૩૫૦એ). તેમ છતાં, અનેક વાર સમાજના અમુક વર્ગોને દાવા મુજબનું રક્ષણ પૂરું પાડવામાં બંધારણને નિષ્ફળ ગયેલું આપણે જોઈએ છીએ.

કોઈ પણ સમાજને માટે વિકાસનો અધિકાર અને શાંતિનો અધિકાર એકસાથે જાય છે. એનો અર્થ એ છે કે આપણે પણ એ સમજવાની જરૂર છે કે શાંતિ અને ગૌરવ ત્યારે જ શક્ય છે કે જ્યારે તમામ વ્યક્તિઓ અને સમુદાયોના સમાન અને અવિચ્છેદ્દ અધિકારોને નાગરિક સમાજ અને રાજ્ય દ્વારા માન્ય રાખવામાં આવે, તેમનું રક્ષણ કરવામાં આવે અને તેમને પ્રોત્સાહન આપવામાં આવે.

સંતુલિત રીતે એમ કહી શકાય કે તમામ પ્રકારનો કટ્ટરતાવાદ સમાજને માટે હાનિકારક છે (તે લઘુમતી કે બહુમતીનો હોઈ શકે છે)

એના વિશે કોઈ શકાતા નથી. પરંતુ આપણે એ બાબત યાદ રાખવી જોઈએ કે બહુમતીનો કટ્ટરતાવાદ વધુ ખતરનાક છે કારણ કે તે દેશનું સામાજિક-આર્થિક અને રાજકીય ચારિત્ર્ય બદલી નાખે છે. તેનું કારણ એ છે કે આવા કટ્ટરતાવાદીઓ ચૂંટણીગત લોકશાહી દ્વારા શાસન કરે છે. એટલે જ આપણે તેના વિશે ખૂબ ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ. આ પૂર્વભૂમિકા દિમાગમાં રાખીને આપણે આગળ વધીએ.

આપણે કેવા પ્રકારના બહુત્વવાદની વાત કરીએ છીએ? વિચારો, ધર્મો, સંસ્કૃતિઓ, પ્રદેશો અને ભાષાઓ વગેરેનો સમાવેશ બહુત્વવાદમાં કરવામાં આવે છે. હું માનું છું કે જે બહુત્વવાદ વિશે આપણે વાત કરી રહ્યા છીએ તે માનવ અધિકારોનાં સ્વીકૃત વૈશ્વિક ધોરણો ઉપર આધારિત છે, કે જેમાં તર્કબદ્ધતાની સાથે પૂર્વગ્રહમુક્ત હિમાયત અને તટસ્થતાના સિદ્ધાંતોનું જતન કરવામાં આવે છે. ભારતમાં બહુત્વવાદને આગળ ધપાવવા માટેની જરૂરિયાત અને તેની વ્યૂહરચનાઓ વિશે આપણને ફરજ પાડે તેવી પરિસ્થિતિ કઈ છે તે વિશે વિચારીએ.

## ભારતનું સામાન્ય ચિત્ર

ભારત કદાચ દુનિયાનો સૌથી વધુ જટિલ અને સર્વગ્રાહી એવો બહુત્વવાદી સમાજ છે એ મેં અગાઉ જણાવ્યું. જો કે, છેલ્લા ત્રણ દાયકા દરમ્યાન આક્રમક ધાર્મિક કટ્ટરતાવાદ વધી રહ્યો છે અને તેણે ભારતીય રાજ્યના બહુત્વવાદી ચારિત્ર્ય સામે ખતરો ઊભો કર્યો છે.

રોજેરોજ જમણેરી રાજકીય પક્ષો અને જૂથો શરમજનક રીતે ગુજરાત-૨૦૦૦નું દેશના અન્ય ભાગોમાં પુનરાવર્તન કરવા માગે છે. વાસ્તવમાં, તેમણે એ કાર્ય શરૂ પણ કર્યું છે. ગુજરાતમાં જે 'પ્રયોગ' કરવામાં આવ્યો તેનું દેશના અન્ય ભાગોમાં પુનરાવર્તન થઈ રહ્યું છે. દેશભરમાંથી લઘુમતીઓ ઉપરના પદ્ધતિસરના અને આયોજિત હુમલાઓના અહેવાલો આવી રહ્યા છે: સુરત અને ભોપાલમાં આંતરધર્મીય લગ્નો કરનારાં દંપતી પર હુમલા થયા, ઓરિસ્સા અને હિમાચલ પ્રદેશમાં ખ્રિસ્તી આદિવાસીઓ અને દલિત મુસ્લિમો પર ધર્માંતરણને નામે હુમલા થયા, મુંબઈમાં આંતરધર્મીય લગ્નોના સમાચાર અહેવાલો આપનારા ટીવીની કચેરીઓ પર હુમલા થયા, અમદાવાદમાં આઈઆઈએમના અધ્યક્ષ એમ કહે છે કે જ્યારે ગુજરાતમાં સીધું વિદેશી રોકાણ આવી રહ્યું હોય ત્યારે ગોધરા અને ગોધરા બાદની ઘટનાઓ વિશે વાતો કરવી એ 'અસમંજસ વિચારણા' છે, ઉત્તર પ્રદેશમાં ચૂંટણી અગાઉ લઘુમતીઓને લક્ષ્યાંક બનાવીને સીડી બનાવવામાં આવી, મધ્ય પ્રદેશમાં જબલપુરમાં ખ્રિસ્તીઓ પર હુમલા થયા, પંજાબમાં અને મહારાષ્ટ્રમાં જાતીયતા વિશેના શિક્ષણ ઉપર પ્રતિબંધ મૂકાયો, મહારાષ્ટ્રમાં પાદરીઓ ઉપર હુમલો કરાયો, ગુજરાતમાં વડોદરાની ફાઈન આર્ટ્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ અને ડીન ઉપર હુમલો કરાયો વગેરે.

ગુજરાતનાં કોમી રમખાણો ઉપર બનેલ ફિલ્મ 'પરઝાનિયા' અને 'ફના'ના પ્રદર્શન ઉપર પ્રતિબંધ પણ મૂકાયો કે જ્યારે ભારતના સેન્સર બોર્ડ દ્વારા તેને પરવાનગી આપવામાં આવી હતી. 'ફના' ઉપર પ્રતિબંધ મૂકાયો તેનું કારણ એ હતું કે તેમણે નર્મદા બંધના વિસ્થાપિતોના પુનર્વસન વિશે વાત કરી હતી. મહારાષ્ટ્રમાં ઉત્તર ભારતીયો ઉપર જે હુમલા થયા તે નાગરિકોના અધિકારોનો સરેઆમ ભંગ છે. તે પ્રાદેશિક ઓળખને છતી કરવા માટે કરાયા હતા. દેશના ઘણા ભાગોમાં 'જોધા અકબર' સામે વિરોધ થયો તે એમ દર્શાવે છે કે સમાજ વિક્ષુબ્ધ રીતે અસહિષ્ણુ બની રહ્યો છે. તસ્લીમા નાસરિન, સાનિયા મિર્ઝા અને એમ.એફ.હુસેન ઉપર સતત ભારતીય સંસ્કૃતિ અને ધર્મની રખેવાળીના નામે હુમલા થતા રહ્યા છે. ભારતીય સંસ્કૃતિને બચાવવા માટે ભારતની અદાલતોમાં જાહેર હિતની અરજીઓ દાખલ થઈ હોવાનાં ઉદાહરણો પણ છે.

જમણેરી રાજકીય પક્ષોના નેતાઓ તસ્લીમા માટે વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યની હિમાયત કરવામાં ભારે ઉત્સાહી હોય છે પરંતુ જ્યારે એમ.એફ.હુસેનનો વારો આવે છે ત્યારે તેઓ સિફતપૂર્વક ચૂપકીદી સેવી લે છે. આવી ભિન્નતા બિન-જરૂરી રીતે લોકશાહીના પ્રશ્નોને કોમવાદી સંઘર્ષોમાં ફેરવી નાખે છે. ગુજરાતમાં એક જમણેરી હિંદુ જૂથ આંતરધર્મીય લગ્નો ઉપર દેખરેખ રાખવાનું કામ કરે છે અને તે યુવાન જોડાંઓ અને તેમના કૌટુંબિક સભ્યો પર આંતક મચાવે છે. અલબત્ત, ધર્મનિરપેક્ષ ભારતમાં કોઈ પણ ધર્મના બે પુખ્ત વયના લોકો કાયદા મુજબ લગ્ન કરી શકે છે. ગુજરાતમાં મુસ્લિમ યુવાનો સાથેની બનાવટી અથડામણો હવે સમાચાર રહી નથી. આ યાદી ઘણી લાંબી છે.

ગુજરાત જેવા રાજ્યમાં એકંદરે વહીવટી તંત્ર અને કાયદો તથા વ્યવસ્થાનું તંત્ર હસ્તગત કરી લેવાયું છે અને તેમની સ્વતંત્રતા ગંભીરપણે હણાઈ ગઈ છે. સ્વાયત્ત ઉદારમતવાદી શૈક્ષણિક સંસ્થાઓ, માનવ અધિકારોના મુદ્દે કામ કરનારાં સંગઠનો, અન્યાય સામે લડનારા કર્મશીલો અને ન્યાય માગનારા લોકો ઉપર હંમેશાં આગ વરસી રહી છે.

આવો દરેક હુમલો નાગરિક સ્વાતંત્ર્ય અને માનવ અધિકારોના પાયા ઉપરનો કુઠારાઘાત છે. તે તિરસ્કારનાં નવાં પ્રતીકોનું સર્જન કરે છે, અવિશ્વાસનું વાતાવરણ ઊભું કરે છે અને સમાજના વિવિધ વર્ગો વચ્ચે દગાની લાગણીને મજબૂત કરે છે. અલબત્ત, લઘુમતીઓ વધુ

તીવ્રતા સાથે આ બધું અનુભવે છે એમાં શંકાને કોઈ સ્થાન નથી.

તેથી, માત્ર લઘુમતીના જ અધિકારો નહિ પણ વાણી, અભિવ્યક્તિ અને ધર્મના સ્વાતંત્ર્યના અધિકારો જેવા મૂળભૂત અધિકારો ઉપર જ તરાપ આવે છે અને આપણે કઈ દિશામાં જઈ રહ્યા છીએ એના ઉપર ગંભીર ચિંતન કરવાની જરૂર છે.

## મુસ્લિમ દૃષ્ટિકોણ

બાબરી મસ્જિદના ધ્વંસ અને ગુજરાતનાં રમખાણો પછી મુસ્લિમોમાં એક એવી મજબૂત લાગણી ઊભી થઈ છે કે તેમને ન્યાય મળ્યો નથી. પ્રસિદ્ધ ન્યાયવિદ્ વી. આર. કૃષ્ણ ઐયર ભારતની સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિ હતા. તેમણે કહ્યું હતું કે "તમામ મોટાં કોમી રમખાણોમાં લઘુમતી સમુદાયના સભ્યોને જ સૌથી વધુ સહન કરવું પડે છે અને તેમને ન્યાય મળતો નથી."

હકીકત એ છે કે સ્વાતંત્ર્ય અગાઉનાં ૧૫૦ વર્ષોમાં જેટલાં કોમી રમખાણો થયાં તેના કરતાં છેલ્લાં ૬૦ વર્ષમાં વધારે કોમી રમખાણો થયાં છે. આપણે કોઈ પણ જાતની બાંધછોડ કર્યા વિના વ્યક્તિ પોતાને યોગ્ય લાગે તેવી પોતાની ઓળખ પસંદ કરવા સક્ષમ છે કે નહિ તેને આધારે ધર્મનિરપેક્ષ લોકશાહીનું મૂલ્યાંકન કરવાની જરૂર છે. બાબરી મસ્જિદના ધ્વંસથી ગુજરાતનાં રમખાણો સુધી ભારતની ધર્મનિરપેક્ષતા લઘુમતીઓનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગઈ છે અને ન્યાયનો ઈન્કાર કરવામાં આવ્યો છે. તેથી આપણને દેશના ધર્મમનિરપેક્ષ તાણાવાણાને બચાવવા માટેની દરમ્યાનગીરીઓની આપણી વ્યૂહરચનાઓ ફરીથી ગોઠવવાની ફરજ પડે છે.

ભારતનું રાજ્ય ધર્મનિરપેક્ષ છે એમાં કોઈ શંકા છે જ નહિ, તેમ છતાં દુનિયાના આ સૌથી મોટા ધર્મનિરપેક્ષ લોકશાહી દેશમાં સૌથી મોટી લઘુમતીની સલામતીની ખાતરી આપણે ૬૦ વર્ષની સ્વતંત્રતા દરમ્યાન આપી શક્યા નથી એવું કેમ છે? એનાથી વિરુદ્ધ, તેમની બાદબાકી, અલગાવ અને સીમાન્તીકરણ વધ્યાં છે.

આ લાગણીઓને સમજવા માટે કેટલાક સમકાલીન પ્રશ્નો પર નજર ફેંકીએ. ગુજરાતનાં રમખાણો વિશેનું સત્ય બહાર લાવવામાં માધ્યમોની ભૂમિકા મહત્ત્વની રહી છે એ વાત સ્વીકારીએ તેમ છતાં પણ બીજી જે ઘટનાઓ બની રહી છે તેમને પણ આપણે ધ્યાનમાં લેવી પડે તેમ છે. ૧૯૯૩ના મુંબઈના બોંબ ધડાકાના આરોપીઓને મોડે મોડે પણ સજા થઈ છે. આપણે એ હકીકતોને નજરઅંદાજ ન કરી શકીએ કે મુંબઈમાં રમખાણો થયાં તે પછી આ ધડાકાઓ થયા હતા, અને રમખાણો વિશેના શ્રીકૃષ્ણ પંચના અહેવાલને ખૂબ સિફતપૂર્વક અભરાઈએ ચડાવી દેવાયો. તાજેતરમાં મુંબઈમાં લોકલ ટ્રેનોમાં જે ધડાકા થયા તે અત્યંત ઘાતકી હોવાને લીધે તેમને ખાસ્સી પ્રસિદ્ધિ મળી. એક અગ્રણી અંગ્રેજી અખબારે બોંબ ધડાકામાં મરાયેલી દરેક વ્યક્તિના જીવનની કહાણી દરરોજ પહેલે પાને છાપી પરંતુ માલેગાંવના ધડાકાઓને શંકાસ્પદ રીતે ભૂલી જવામાં આવ્યા. ત્યાં મુખ્યત્વે ૩૨ મુસ્લિમોના જાન ગયા હતા. સમજૌતા એક્સપ્રેસમાં થયેલા ધડાકાઓ સબબ અવિશ્વસનીય શાંતિ જાળવવામાં આવી હતી. આપણે જ્યારે મુસ્લિમોને થતા અન્યાય અને તેમના અલગાવ વિશે વાત કરતા હોઈએ ત્યારે આપણે રાષ્ટ્રીય અને વૈશ્વિક સંદર્ભને અવગણી શકીએ નહિ. આપણા દેશની ધર્મનિરપેક્ષતાની ભાતમાં કંઈક મોટા પાયા પર ખોટું થઈ રહ્યું છે.

આ ઉપરાંત, પણ મુસ્લિમો વારંવાર સમાચારમાં ચમકતા રહે છે. જો કે, માધ્યમોમાં જે મથાળાં બને છે અને પરિસંવાદોના જે વિષયો બને છે તે મુદ્દાઓ ઉપર નજર નાખવાનું રસપ્રદ થઈ પડશે. એમાં સમાન નાગરિક ધારો, બહુપત્નીત્વ, એકપક્ષી તલાક, કુરાન ઉપર પ્રતિબંધ, ધ્વજવંદન, વંદે માતરમ્‌નું ગાન, ગોવંશ હત્યા પર પ્રતિબંધ, કુટુંબ નિયોજનનો સ્વીકાર, હજ માટે અપાતી સબસિડી, મદરેસાનું શિક્ષણ, પાકિસ્તાન તરફ વફાદારી, આતંકવાદ વગેરે જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. આ બધા પ્રશ્નો કાં તો મુસ્લિમોની ધાર્મિક ઓળખના પ્રશ્નો ઊભા કરે છે અથવા દેશ પ્રત્યેની તેમની વફાદારીના પ્રશ્નો ઊભા કરે છે. (મારું માનવું છે કે જે મુસ્લિમોએ આ દેશના નાગરિક રહેવાનું પસંદ કર્યું તેઓ સૌથી વધારે ધર્મનિરપેક્ષ છે કારણ કે તેમની પાસે તેમના ધર્મના દેશને પસંદ કરવાનો વિકલ્પ હતો પરંતુ તેમણે ધર્મનિરપેક્ષ લોકશાહી રાજ્યના ભાગ બનવાનું પસંદ કર્યું.) આ બધાએ મુસ્લિમોમાં લઘુમતી તરીકેની ઓળખની કટોકટીને વધારે તીવ્ર બનાવી છે. ક્યારેય મુસ્લિમો જાતે બની બેઠેલા નેતાઓએ તેમના તત્કાલીન લાભો માટે પરિસ્થિતિને તોડી-મરોડીને ફાયદા મેળવ્યા છે. "૬૦ વર્ષના સ્વાતંત્ર્ય બાદ દેશના રાજકીય માળખામાં તમામ સ્તરે મુસ્લિમોનું પ્રતિનિધિત્વ ખૂબ જ નીચું રહ્યું છે. મુસ્લિમ સાંસદોની સંખ્યા કદી પણ ૫૦થી વધી નથી અને તે સાંસદોના લગભગ ૫ ટકા છે."

ન્યાયમૂર્તિ સચ્ચર સમિતિના અહેવાલમાંનાં કેટલાંક અવલોકનો ઉપર નજર નાખવાનું રસપ્રદ થઈ પડશે. ભારત સરકાર દ્વારા નિમાયેલી આ હાઈ-પાવર સમિતિએ દેશના મુસ્લિમોના સામાજિક-આર્થિક અને શૈક્ષણિક સ્થિતિની તપાસ કરી હતી. મુસ્લિમ સમુદાય અંગેનો આ સૌ પ્રથમ આંખો ખોલી નાખનારો અહેવાલ છે.

### ગુજરાત

ભારતના સંદર્ભમાં જોઈએ તો નાગરિક સમાજ અને રાજ્યના કોમી

ધ્રુવીકરણનો એક ખૂબ જ જટિલ કિસ્સો છે. ગુજરાતનાં રમખાણો તેની તીવ્રતા અને ઘાતકીપણા બંનેના સંદર્ભમાં ધરતીને હચમચાવી મૂકે તેવા હતાં, અને તેમાં રાજ્યના તંત્રની સીધી સામેલગીરી હતી. વાસ્તવમાં, ગુજરાતમાં જેવું બન્યું તેવું સ્વાતંત્ર્ય પછીના ભારતમાં ક્યાંય બન્યું નહોતું.

ગુજરાતનાં ૨૦૦૨નાં આ રમખાણોમાં ૨૦૦૦ મુસ્લિમો માર્યા ગયા, આશરે ૪૦૦ મુસ્લિમ મહિલાઓ પર બળાત્કાર થયા અને કરોડો રૂપિયાની સંપત્તિનો નાશ થયો. લગભગ ૫૯૩ ધર્મસ્થાનોનો નાશ થયો. લગભગ બે લાખ મુસ્લિમો સીધી રીતે વિસ્થાપિત થયા. ‘ઈન્ડિયા ટુડે’ના એક અહેવાલ અનુસાર આ રમખાણોમાં આશરે ૧૨ લાખ લોકોએ ભાગ લીધો હતો. આજે આ હત્યાકાંડ માટે સીધી રીતે જવાબદાર એવી ભાજપની સરકાર રાજ્યની વિધાનસભામાં સંપૂર્ણ બહુમતી ધરાવે છે. ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે કે જ્યાં ભાજપ સતત ત્રીજી વખત સત્તા પર આવ્યો છે. લોકશાહીના નામે આ રીતે જે બહુમતી લોકોનો ટેકો મળ્યો છે તે એમ દર્શાવે છે કે રાજ્યમાં આમ જનતાનું કોમવાદીકરણ થયું છે. ભારતીય લોકશાહીની મર્યાદાઓ પણ તે દર્શાવે છે.

આજે લગભગ છ વર્ષ પછી રાજ્યમાં મુસ્લિમો માટે સ્થિતિ બદલાઈ નથી. આજે પણ ૧.૫ લાખ મુસ્લિમો મુસ્લિમ ધાર્મિક સંગઠનો દ્વારા ચલાવવામાં આવતી રાહત છાવણીઓમાં અત્યંત નજીવી અથવા નહિવત્ સગવડો સાથે રહે છે. અમુક મુસ્લિમો સામે અત્યાચારી પોટા કાનૂન લગાવવામાં આવ્યો છે અને તેઓ કોઈ પણ જાતના કેસ વિના જ રાજ્યની જેલોમાં સબડી રહ્યા છે. તમામ મોટા કેસો અદાલતોમાં પડતર છે. મુસ્લિમોની વધુ વસ્તીવાળા તમામ વિસ્તારોને ‘નકારાત્મક વિસ્તારો’ તરીકે અથવા ‘મિની પાકિસ્તાન’ તરીકે જોવામાં આવે છે. અને ગુજરાતમાં ‘હિંદુ રાષ્ટ્ર’માં તમારું સ્વાગત કરનારાં બોર્ડ તમને જોવા મળે તો તમને આશ્ચર્ય ના થવું જોઈએ. અને સૌથી વધુ ડરામણું પાસું એ છે કે રાજ્ય કે વ્યાપક નાગરિક સમાજ સહેજ પણ પસ્તાવાની લાગણી ધરાવતો નથી.

દક્ષિણ એશિયાના એક સામયિક ‘હિમાલ’ના પત્રકાર પ્રશાંત ઝાએ તેમને જે અનુભવ થયો તેનું વર્ણન આ રીતે કર્યું હતું.: “જ્યારે આ રિપોર્ટર તેની લાંબી દાઢી સાથે અમદાવાદમાં એક ભદ્ર સરકારી કોલોનીમાં એક વરિષ્ઠ અધિકારીને મળવા ગયો ત્યારે ત્રણ બાળકો તેમની સાયકલ પરથી અચાનક જ ઊતરી ગયા! એક જણાએ મોટેથી બૂમ પાડી, “આંતકવાદી”, “કેમ?” “કારણ કે તમે મુસલમાન છો.” - એમ તેણે કહ્યું. એટલે, “બધા મુસલમાનો આંતકવાદીઓ છે. મારા પિતાજી ન્યાયમૂર્તિ છે. એ તમને અદાલતમાં આતંકવાદી કહેશે”. “ખરેખર?” “હા. હવે અહીંથી જતા રહો. આ હિંદુ વિસ્તાર છે.” સાયુજ્ય એક બાર વર્ષનો છોકરો છે અને તે તેની જિંદગીમાં એક પણ મુસલમાનને મળ્યો નથી. ખબર નથી કે ગુજરાતમાં કેટલા સાયુજ્યો બની રહ્યા છે.”

## ધ્રુવીકરણને રોકવા બહુત્વવાદને પ્રોત્સાહન

ભારત દક્ષિણ એશિયામાં શાંતિ જાળવનાર તરીકે સુપર પાવર બની રહ્યું છે. તેની પાસે તેથી બહુત્વવાદને પ્રોત્સાહન આપવા સિવાય કોઈ વિકલ્પ જ નથી કે જેથી તે તેની છાપ ઊભી કરી શકે છે. આપણે ખરેખર એ બાબત ઉપર ચિંતન કરવાની જરૂર છે કે આપણે ક્યાં ખોટા ચીલે ચાલ્યા? શું એ ફાસીવાદી પરિબળોની જીત છે અને ભારતીય રાજ્ય અને નાગરિક સમાજની નિષ્ફળતા છે? ધર્મનિરપેક્ષ રાજ્ય અને તેના વ્યવહારોનું આપણે ટીકાત્મક મૂલ્યાંકન કરીએ તેનો સમય પાકી ગયો છે. આપણે આગળ વધીએ તે પહેલાં નીચેના પ્રશ્નો પૂછવાની જરૂર છેઃ

૧. કોણ બહુત્વવાદી સમાજને બચાવવા માગે છે? શા માટે? અને તેઓ એ માટે પોતાનો ફાળો કેવી રીતે આપી શકે?
૨. કોણ બહુત્વવાદી સમાજનો નાશ કરવા માગે છે? શા માટે? તેમને આપણે કેવી રીતે પ્રેરણા આપી શકીએ અને બહુત્વવાદને પ્રોત્સાહન આપવાની પ્રક્રિયામાં તેમને આપણે કેવી રીતે સામેલ કરી શકીએ?

એનો અર્થ એ છે કે આપણે તમામ હિતધારકોને સામેલ કરવા માગીએ છીએ. વાસ્તવમાં, સૌથી વધારે મહત્ત્વનું અને પડકારરૂપ કાર્ય એ છે કે બહુમતી સમુદાયને તેમાં સામેલ કેવી રીતે કરવો. ગુજરાતનો અમારો અનુભવ એમ દર્શાવે છે કે આ મુદ્દે મુસ્લિમ સમુદાયને સામેલ કરવાનું ખૂબ જ સરળ છે, કારણ કે તેઓ અસરગ્રસ્તો છે અને તેમને તેમની લાગણીઓ વ્યક્ત કરવી છે. પરંતુ બહુમતી સમુદાયના અંતરાત્માને ઢંઢોળવાનું મુશ્કેલ છે. હું સામાન્ય ગુજરાતી બહુમતી સમુદાયની વાત કરી રહી છું. અમે ખરેખર જ તેમને આ પ્રક્રિયામાં સામેલ કરવાની વ્યૂહરચનાઓ શોધી રહ્યા છીએ.

ગુજરાતનો અમારો અનુભવ એમ કહે છે કે આ એક ભગીરથ કાર્ય જ છે એવું નથી પરંતુ ન્યાય માટેની લડત ચાલુ રાખવાનું ખરેખર જ હતાશાજનક છે. વરિષ્ઠ સમાજ વિજ્ઞાની પ્રો. શિવ વિશ્વનાથને સમાજના ધર્મનિરપેક્ષ તાણાવાણાને સાચવવા માટે કામ કરનારા જે અલગાવની લાગણી અનુભવે છે તેને યોગ્ય શબ્દોમાં રજૂ કરી છેઃ “તમારી આસપાસ જે કંઈ છે તેમાંના કશાયનો પણ વિરોધ કરો તો તમને એકલતાનો અને તિરસ્કૃતતાનો અનુભવ થાય. લોકો તમને તમારા દુઃખ વિશે પૂછવા માંડશે અને તે પણ જાણે કે એ રીતે કે તમે

## ન્યાયમૂર્તિ સચ્ચર સમિતિનાં અવલોકનો અને તારણો

મુસ્લિમોની પરિસ્થિતિમાં સમગ્ર દેશમાં ખાસ્સા તફાવતો નજરે પડે છે પણ સાથે સાથે વ્યવહારુ રીતે વિકાસનાં તમામ પાસાંમાં આ સમુદાયમાં ખાધ અને વંચિતતા જણાય છે. દુનિયાભરમાં લઘુમતીઓએ ત્રણ પ્રકારના પરસ્પરથી સંબંધિત એવા પ્રશ્નોનો સામનો કરવો પડતો હોય છેઃ ઓળખ, સલામતી અને સમતા. તમામ લઘુમતીઓ માટે આ બાબતો સમાન નથી એમ પણ જણાય છે.

- ભારતના મુસ્લિમો બેવડો બોજો ઉઠાવી રહ્યા છે. તેમને રાષ્ટ્ર-વિરોધી કહેવામાં આવે છે તો સાથે સાથે તેમનું તુષ્ટિકરણ કરવામાં આવી રહ્યું હોય એમ પણ કહેવામાં આવે છે.
- ભારતમાં આજે મોટી સંખ્યામાં મુસ્લિમ મહિલાઓ માટે સલામત જગ્યા તેમનું ઘર અને તેમનો સમુદાય છે.
- જ્યારે પણ કોઈ ઘટના બને છે ત્યારે પોલિસ મુસ્લિમ છોકરાઓને ઉપાડી જાય છે. પોલિસ એ રીતે આ સમુદાય સાથે બેફામ વર્તન કરે છે.
- મુસ્લિમો કનિષ્ઠતાની માનસિકતાથી પીડાય છે કારણ કે દાઢીવાળા કોઈ મુસ્લિમને આઈએસઆઈનો એજન્ટ સમજવામાં આવે છે.
- દેશના કેટલાક ભાગોમાં મુસ્લિમોનો સામાજિક બહિષ્કાર થવાથી તેઓ જ્યાં સદીઓથી રહેતા હતા તે સ્થળોએથી તેમને સ્થળાંતર કરવાની ફરજ પડી છે.
- પોતાની સાથે ભેદભાવપૂર્ણ વ્યવહાર થઈ રહ્યો છે એવો ખ્યાલ ઘણા મુસ્લિમોમાં સુદૃઢ થતો જાય છે અને તેથી સામૂહિક અલગાવ પેદા થાય છે.

### શિક્ષણ

- ૨૦૦૧માં સમગ્ર દેશમાં સરેરાશ સાક્ષરતા દર ૬૫.૧ ટકા છે અને મુસ્લિમોમાં તે ઘણો નીચો ૫૯ ટકા છે.
- મુસ્લિમોને એવું લાગતું નથી કે શિક્ષણ મળવાથી રોજગારી મળશે જ.
- મુસ્લિમ વિસ્તારોમાં મોટે ભાગે પ્રાથમિક સ્તરથી ઉપરની શાળાઓ નથી. શાળાઓનાં પાઠ્યપુસ્તકોમાં કોમવાદી વિગતો હોય છે તેથી મુસ્લિમોને તેમાં સ્વાભાવિક રીતે જ ચિંતા થાય છે.
- ઘણી વાર મદરેસાઓ જ તેમને માટે શિક્ષણનો એક વિકલ્પ હોય છે. ખાસ કરીને ગરીબો માટે એ જ સ્થિતિ હોય છે. સાથે સાથે માત્ર ૩૦ ટકા બાળકો જ મદરેસામાં જાય છે.
- જાહેર સલામતી વિશેનો ખ્યાલ આંશિક રીતે વધી રહેલાં કોમી રમખાણો સાથે સંકળાયેલો છેઃ માબાપો શાળામાં છોકરીઓને મોકલતાં અચકાય છે.
- અન્ય તમામ વર્ગોની તુલનાએ મુસ્લિમોમાં શાળા અધવચ્ચે છોડી જવાનું પ્રમાણ તમામ સ્તરે સૌથી વધારે છે.

### અર્થતંત્ર અને રોજગારી

- મુસ્લિમ મહિલાઓ ખૂબ ઓછા પ્રમાણમાં નોકરીઓ કરે છે. ભારતમાં ૧૫થી ૬૪ના વયજૂથમાં ૪૪ ટકા સ્ત્રીઓ છે કે જે કામે જાય છે, પણ મુસ્લિમોમાં એ પ્રમાણ લગભગ ૨૫ ટકા છે.
- મુસ્લિમ સ્ત્રીઓ પોતે જ આર્થિક સાહસ ચલાવતી હોય એવી સ્ત્રીઓનું પ્રમાણ ખાસ્સું વધારે છે. એનો અર્થ એ છે કે અન્ય તમામ વર્ગોના

પોતે બીમાર હોવ. પછી તેઓ એવું તારણ કાઢશે કે તમે પૂરતા પુખ્ત દિમાગના નથી, પૂરતી વ્યૂહરચનાવાળા પણ નથી. તેમ છતાં જો તમે તમારો વિરોધ ચાલુ રાખશો તો તમને સલાહ આપવામાં આવશે કે જે ધમકીરૂપે હશે, ધમકીઓ ધિક્કારમાં પરિણમશે અને ધિક્કાર પછીથી સામાજિક ડરનાં અન્ય સ્વરૂપો પકડશે." બહુત્વવાદી સમાજને પ્રોત્સાહન આપવામાં મદદરૂપ થઈ શકે તેવા કેટલાક વિચારો હું અહીં વિનમ્રભાવે રજૂ કરું છું. મને ખબર છે કે આ માત્ર વિચારો જ છે. એ વિચારોનો અમલ થાય તેવું વાતાવરણ ઊભું કરવાની આપણે જરૂર છે. ગુજરાત માટે મારી પાસે તેનો કોઈ તૈયાર જવાબ નથી. જો કે, જ્યાં રાજ્ય અને નાગરિક સમાજ હજુ પણ સાંભળવા માટે તૈયાર છે, ચિંતન કરવા માટે તૈયાર છે અથવા જ્યાં તેને માટે અવકાશ છે ત્યાં તેનો ઉપયોગ કરી શકાય છે. એમાં કોઈ શંકાને સ્થાન નથી કે દેશના બંધારણમાં જેના પ્રત્યે પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી છે તે મૂલ્યોનું જતન કરવું એ રાજ્યની મૂળભૂત ફરજ છે. પરંતુ બધું જ કામ ગુજરાત જેવામાં રાજ્ય ઉપર છોડી દેવું એ ખતરનાક સાબિત થાય.

એટલે આપણે તમામ વિભાજક પરિબળો સામે નાગરિક સમાજને

લોકો કરતાં મુસ્લિમ સ્ત્રીઓ વધારે આર્થિક સાહસો ધરાવે છે.

- મુસ્લિમ મહિલાઓ વધારે સારી કામની સ્થિતિ વિશે સોદાબાજી કરી શકતી નથી કારણ કે તેઓ જે કામ કરે છે તે પેટા કોન્ટ્રેક્ટથી કરે છે.
- પગારવાળી નોકરીઓમાં મુસ્લિમ કામદારોની ભાગીદારી ઘણી નીચી છે. શહેરી વિસ્તારોમાં નિયમિત નોકરીઓમાં મુસ્લિમોની ભાગીદારી મર્યાદિત છે અને તે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ કરતાં પણ ઓછી છે.
- ખાનગી ક્ષેત્ર તેની ભરતીમાં મુસ્લિમોનો સમાવેશ કરે તે માટે તેને સંવદેનશીલ બનાવવાની જરૂર છે.
- આર્થિક ક્ષેત્રે તેજી હોવા છતાં મુસ્લિમોએ ઉદારીકરણથી ઊભાં થયેલાં સ્પર્ધાત્મક પરિબળોનો સામનો કરવો પડે છે.
- મુસ્લિમો તેમના પરંપરાગત વ્યવસાયોમાંથી વિસ્થાપિત થયા છે અને તેથી તેઓ જીવનનિર્વાહથી વંચિત થયા છે.
- અનેક બેંકોએ મુસ્લિમ વિસ્તારોને 'નેગેટિવ' કે 'રેડ ઝોન' તરીકે વર્ગીકૃત કર્યા છે કે જ્યાં તેઓ લોન આપતી નથી.
- બાકી લેણાંમાં અન્ય લઘુમતીઓનો ફાળો ૬.૫ ટકા છે કે જ્યારે મુસ્લિમોનો ફાળો માત્ર ૪.૭ ટકા છે.

**આરોગ્ય**

- મુસ્લિમ વિસ્તારોમાં નાગરિક સુવિધાઓ અને માળખાગત સુવિધાઓનો અભાવ હોય છે.
- મુસ્લિમો અને ખાસ કરીને મુસ્લિમ સ્ત્રીઓની આરોગ્યની સ્થિતિ ગરીબી સાથે સંકળાયેલી હોય છે અને તેને પીવાના શુદ્ધ પાણી અને સફાઈ જેવી પાયાની સેવાઓ સાથે પણ સંબંધ હોય છે.
- વસ્તી નિયંત્રણ કાર્યક્રમ અને ગર્ભ નિરોધક સાધનોની જાણકારી મુસ્લિમ મહિલાઓ સુધી અસરકારક રીતે પહોંચતી નથી.
- અન્ય તમામ વર્ગોની તુલનાએ મુસ્લિમોમાં જાતિ પ્રમાણ વધારે સુધરી રહ્યું છે.
- મુસ્લિમોમાં બાળ મૃત્યુ દર અને શિશુ મૃત્યુ દર સરેરાશ કરતાં સહેજ ઓછો છે.
- મુસ્લિમો સહિત તમામ ધાર્મિક જૂથોમાં પ્રજોત્પતિ દર મોટા પ્રમાણમાં ઘટ્યો છે. મુસ્લિમોમાં વસ્તી વૃદ્ધિ દર નીચો ગયો છે.
- અન્ય તમામ વર્ગોની તુલનાએ મુસ્લિમ બાળકો જરૂરી વજન કરતાં ઓછું વજન ધરાવે છે.
- હિંદુ બાળકોની તુલનાએ મુસ્લિમ બાળકોમાં કુપોષણનું જોખમ વધારે છે.

**માળખાગત સવલતો**

- ૨૦૦૧માં દેશમાં શહેરી વસ્તીનું પ્રમાણ ૨૭.૮ ટકા છે પણ મુસ્લિમોમાં તે પ્રમાણ ૩૫.૭ ટકા છે.
- નાનાં ગામોમાં મુસ્લિમો માટે શૈક્ષણિક સવલતોની પ્રાપ્યતા નીચી છે.
- માળખાગત સવલતો ઓછી ધરાવતાં રાજ્યોમાં મુસ્લિમો વધારે છે તેનો અર્થ એ છે કે ઘણા મુસ્લિમોને પાયાની સવલતો પ્રાપ્ત થતી નથી.

**શાસન**

- અનેક રાજ્યોમાં મતદાર યાદીઓમાંથી મુસ્લિમોનાં નામો ગૂમ થઈ જાય છે.
- અનેક વિધાનસભા મતવિસ્તારો - કે જેમાં મુસ્લિમો બહુમતીમાં છે - ને પુનર્રચના પંચ દ્વારા અનામત જાહેર કરવામાં આવ્યા છે.

એકત્ર કરવાનો છે અને લોકશિક્ષણ કરવાનું છે. અન્યથા, નાગરિક સમાજ પાસે જે મોટો અવકાશ છે તેના ઉપર પ્રત્યાઘાતી કે કટ્ટરતાવદી પરિબળો તેમના ખતરનાક રાજકીય હેતુઓ માટે કબજો મેળવી લેશે. ગુજરાતનો અનુભવ એ જ દર્શાવે છે. એટલે રાજ્યની નીંભરતાને પડકાર ફેંકતી વખતે આપણે નાગરિક સમાજને સક્રિય કરવાની પણ જરૂર છે. મને લાગે છે કે આપણે ત્રણ 'ડી' ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે:

ડેમોક્રસી (લોકશાહી), વૈવિધ્ય (ડાઈવર્સિટી) અને સંવાદ (ડાયલોગ). સંવાદને પ્રોત્સાહન આપો, વૈવિધ્યને આદર આપો અને લોકશાહી સુનિશ્ચિત કરો. આ બધા માટે આપણે વિવિધ વ્યૂહરચનાઓ જોઈએઃ

**૧. સંવાદના સંસ્કારને પ્રોત્સાહન આપો અને ચૂપકીદીના સંસ્કારને તોડો**

ધર્મનિરપેક્ષતાના સિદ્ધાંતો અનુસાર રાજકીય શિક્ષણ આપવામાં આવે તો ચર્ચા અને વાદ-વિવાદનું વાતાવરણ ઊભું થાય અને સભ્યતાપૂર્વક અસંમત થવાના અધિકારનું વાતાવરણ સર્જાય.

ચુપ્પી સાધીને બેઠેલો જે વર્ગ છે તેને જગાડીએ અને મુદ્દાઓ વિશે વલણ અખત્યાર કરવા તેને તૈયાર કરીએ. આપણે એવા વાતાવરણને પ્રોત્સાહન આપવાનું છે કે જેમાં દરેક વ્યક્તિ તર્કપૂર્વક તેનો અભિપ્રાય ધરાવે. આપણે ચૂપકીદીના સંસ્કારમાંથી બહાર નીકળવાની જરૂર છે કારણ કે એ નિર્માલ્ય સમાજનું સર્જન કરે છે.

**૨. શાંતિના સંસ્કારને પ્રોત્સાહન અને હિંસાના સંસ્કારને જાકારો**

શાંતિની સંસ્કૃતિ એટલે શું તેની વ્યાખ્યા 'સંયુક્ત રાષ્ટ્રો' (યુનાઈટેડ નેશન્સ - યુએન) દ્વારા આપવામાં આવી છેઃ "મૂલ્યો, વલણો, વર્તનની તરાહો અને જીવનના એવા રસ્તા કે જે હિંસાનો ઈન્કાર કરે અને સમસ્યાઓનો ઉકેલ વ્યક્તિઓ, જૂથો અને રાષ્ટ્રો વચ્ચે સંવાદ અને વાટાઘાટો દ્વારા લાવવાનો પ્રયાસ કરે." આ એક સર્વગ્રાહી વ્યાખ્યા છે અને તે ચરિતાર્થ કરવાનું કાર્ય ઘણું મોટું છે.

**૩. સમાજમાં ધર્મનિરપેક્ષતાની સંસ્કૃતિ**

ધર્મનિરપેક્ષતાની સંસ્કૃતિ ઊભી થવી એ એક પ્રક્રિયા છે. તેના દ્વારા આપણે ધાર્મિક પ્રતીકોના વર્ચસ્વમાંથી બહાર નીકળીએ છીએ અને તાર્કિક રીતે વિચારવાનું, પ્રશ્નો પૂછવાનું, સમજવાનું અને વર્તવાનું શરૂ કરીએ છીએ. આપણે એ મૂલ્યોને આપણી રોજેરોજની વિચાર પ્રક્રિયા અને વર્તનના મુખ્ય પ્રવાહમાં લાવવાનાં છે.

ધર્મનિરપેક્ષતા એ આપણી જીવનશૈલી બનવી જોઈએ. એ અત્યંત મહત્ત્વની બાબત છે કે લઘુમતીઓ અને અન્ય છેવાડાના નાગરિકો સામેના ધિક્કારના પ્રચારનો આપણે સામનો કરવાનો છે. મુસ્લિમો વિશે ખૂબ જ ખોટી માહિતીઓનો પ્રચાર મારો ચાલે છે, અને તે બહુમતી સમુદાય અને તેમની વચ્ચે દીવાલ ઊભી કરે છે. તર્કબદ્ધતા ઉપર આધારિત નવું જ્ઞાન ધિક્કારની દીવાલોને તોડવામાં સહાયરૂપ બનશે. તે જ્ઞાતિ અને ધર્મ સિવાયની અન્ય ધર્મનિરપેક્ષ ઓળખ ઊભી કરવામાં પણ સહાયરૂપ બનશે.

**૪. રાજકીય પ્રતિનિધિત્વ**

વહીવટ અને સરકારના સ્તરે સમુદાયનું પ્રતિનિધિત્વ કરવાની તક ન અપાય તો લઘુમતીના નેતાઓ કૂવામાંના દેડકા જેવા બની જાય છે. લઘુમતી સમુદાયમાં ધર્મનિરપેક્ષ, પ્રગતિશીલ અને આધુનિકતાને વરેલા એવા સ્ત્રી-પુરુષ નેતાઓને પ્રોત્સાહન આપવામાં આવે એ નાગરિક સમાજના હિતમાં છે.

**૫. સમાન વારસા વિશેના ગૌરવને પ્રોત્સાહન**

કોમવાદી રાજકારણના ઉદયને લીધે સમાન વારસા વિશેનું ગૌરવ હણાયું છે. આપણાં ઈતિહાસ, સમાજ અને સંસ્કૃતિની મહાનતા વિશેની લાગણીઓ પર ત્યારે જ આપણે ભાર મૂકી શકીએ કે જ્યારે એવાં સ્મારકો અને ભાષાઓ વગેરેને આપણે સમાજનો સહિયારો વારસો સમજીએ, અને એ હિંદુઓનાં છે કે મુસ્લિમોનાં કે બીજા કોઈનાં એમ ન સમજીએ.

**૬. પાઠ્યપુસ્તકોમાં ધર્મનિરપેક્ષતા**

છેલ્લા કેટલાક સમયથી પાઠ્યપુસ્તકોનું કોમવાદીકરણ થયું છે અને તેમને વિકૃત બનાવવામાં આવ્યાં છે. આ વિકૃતિઓ દૂર થવી જોઈએ અને ઈતિહાસનું વિશ્લેષણ વસ્તુગત રીતે થવું જોઈએ. તેમાં આપણા પ્રાચીન અને મધ્ય યુગીન સમાજના ધર્મનિરપેક્ષ ચારિત્ર્ય ઉપર ભાર મૂકાવો જોઈએ. તો જ યુવાન પેઢી બહુત્વવાદી સમાજની સંસ્કૃતિને સમજી શકે.

**૭. સાંસ્કૃતિક દરમ્યાનગીરીઓ દ્વારા સંવેદનાત્મક સંબંધ ઊભો કરવો**

આપણે બધા એમ માનીએ છીએ કે સામાજિક-રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક દરમ્યાનગીરીઓ માનવ અધિકારોનાં પ્રસ્થાપિત ધોરણોના માળખામાં થવી જોઈએ, કે જેથી સામાજિક શાંતિ, આર્થિક ન્યાય, રાજકીય સહભાગિતા અને સાંસ્કૃતિક વૈવિધ્ય સુનિશ્ચિત થાય. મોટે ભાગે એમ લાગ્યું છે કે આપણે આર્થિક અને સામાજિક બાબતો વિશે ચિંતિત હોઈએ છીએ, સામાજિક મુદ્દાઓ વિશે પણ આપણે કંઈક અંશે ચિંતા કરીએ છીએ, પરંતુ કર્મશીલો સાંસ્કૃતિક બાબતોને મોટે ભાગે અવગણે છે. પરંપરાઓનું મૂલ્યાંકન કરવાના આપણા રસ્તાઓ વિશે આપણે ફરીથી વિચારવાની જરૂર છે. આપણી તાર્કિક પ્રવૃત્તિઓમાં આપણે સંવેદનાત્મક બાબતોનો સમાવેશ કરવાની જરૂર છે કે જે લોકોની જિંદગીનો અંતર્ગત ભાગ છે. આપણા સમાજના ધર્મનિરપેક્ષ માળખાને વિસ્તારવા માટે તેનો એક અગત્યના સાધન તરીકે ઉપયોગ કરી શકાય.

**૮. સમુદાય-આધારિત લોક સંગઠનને પ્રોત્સાહન**

ધર્મનિરપેક્ષ માનસ રાખીને સ્થાનિક પ્રશ્નોની આસપાસ લોકોને સંગઠિત કરવા એ મહત્ત્વનું કાર્ય છે. તેનાથી છેવાડાના સમુદાયોમાં એકતા ઊભી થશે. આપણે એક તદ્દન અલગ બાબત તરીકે

**જુઓ પૃષ્ઠ ૧૯**

# વંચિતતાલક્ષી વિકાસથી હિંદુત્વઃ ગુજરાતમાં અહિંસાની દંતકથા

પ્રસ્તુત લેખ 'એકશન એઈડ (ઈન્ડિયા)'ના ભૂતપૂર્વ પ્રોગ્રામ મેનેજર **શ્રી પ્રસાદ ચાકો** દ્વારા લખવામાં આવ્યો છે. આ લેખમાં ગુજરાતની સામાજિક-આર્થિક અને રાજકીય પરિસ્થિતિનું ઐતિહાસિક સંદર્ભમાં વિવેચન કરીને કેવી રીતે ગુજરાતનું વાતાવરણ કોમવાદી બન્યું તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. સાથે સાથે ગુજરાતની આ પરિસ્થિતિ માટે કોણ કેવી રીતે જવાબદાર છે તે પણ દર્શાવવામાં આવ્યું છે. ગુજરાત એક અહિંસક રાજ્ય છે એવી સામાન્ય રીતે પ્રવર્તતી ધારણાનો છેદ ઉડાડીને આ લેખમાં પ્રવર્તમાન પરિસ્થિતિનો ઉપાય શોધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**પ્રસ્તાવના**

ગુજરાત આજે એક એવા રાજકારણનું જીવંત ઉદાહરણ છે કે જેની રચના સંઘર્ષના રાજકારણ ઉપર થઈ છે. ગુજરાત એવું રાજ્ય છે કે જે હંમેશાં મહાત્મા ગાંધીના જન્મસ્થાન સાથે સંકળાયેલું છે, રાજ્યમાં જ તેમણે સાબરમતી આશ્રમની સ્થાપના કરી હતી અને અહિંસા તથા સત્યાગ્રહની રાજકીય અને નૈતિક વ્યૂહરચનાઓ ઘડી હતી અને એ વિચિત્ર મહોરાનો એ રીતે બેજોડ લાભ મળ્યો હતો. તેણે જ્ઞાતિ, હિંસક અને અસમાન આર્થિક વૃદ્ધિ અને કોમવાદી ધ્રુવીકરણમાંથી ઊભા થતા અંતર્નિહિત વિરોધોનું મહોરું પહેર્યું હતું.

અન્યત્ર બન્યું  તેમ સ્વાતંત્ર્ય ચળવળે પ્રભાવક સમુદાયોને અને વિકસતી ખેડૂત જ્ઞાતિઓને તેમની ઓળખ અને સંસ્કૃતિને ઉભરી રહેલા રાષ્ટ્રત્વના સંદર્ભમાં આકાર આપવા સક્ષમ બનાવ્યા. ગુજરાતની ઓળખ વ્યાપારીઓની ભૂમિ, અમદાવાદના મહાજનોની ભૂમિ, સમૃદ્ધ, સાહસિક અને મેહનતુ પટેલ કિસાનોની ભૂમિ બની રહી, તે ગાંધીવાદી સંસ્કારોની મધ્યમાં વર્ચસ્વવાદી વિકૃતિનો ભાગ બની રહી અને સમગ્ર સ્વાતંત્ર્ય ચળવળ દરમ્યાન તે એમ જ રહી.

અહીં વસ્તીની સંરચના કેવી છે તે યાદ રાખવું જરૂરી છે: ૭ ટકા અનુસૂચિત જાતિઓ, ૧૫ ટકા અનુસૂચિત જનજાતિઓ, ૧૧ ટકા મુસ્લિમો અને લગભગ ૫૨ ટકા અન્ય પછાત વર્ગો. તેઓ રાજ્યના ભૂસાંસ્કૃતિક વિસ્તારોમાં ફેલાયેલા છે અને તેમની સંસ્કૃતિ, ભાષા, વ્યવસાયો અને ઓળખોમાં ખાસ્સા તફાવતો રહેલા છે. દલિતો, આદિવાસીઓ, મુસ્લિમો અને પશુપાલકો તથા મોટાં કારીગર જૂથો સ્વાતંત્ર્ય પછીના ત્રણ દાયકા સુધી પટેલ-બ્રાહ્મણ-મહાજનની સત્તાની ધરીમાં ક્યાંય દેખાતા નહોતા.

૨૦૦૨માં વ્યાપેલી હિંસાને આ ઐતિહાસિક રીતે પ્રગતિ અને સત્તાની વહેંચણીમાંથી સતત થયેલી પછાત સુમદાયોની બાદબાકીના સંદર્ભમાં જેવી જોઈએ. એ નોંધવા યોગ્ય બાબત છે કે મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતનાં રાજ્યોમાં જેવાં ગંભીર સામાજિક પુનરુત્થાનનાં આંદોલનો થયાં તેવાં આંદોલનો ગુજરાતમાં થયાં નહોતાં.

રાજ્યના કોઈ પણ પ્રયાસો આદિવાસીઓને લગભગ સ્પર્શ્યાં જ નહોતાં સિવાય કે તેમના નિવાસ ઉપર સતત આક્રમણો થતાં જ રહ્યાં, સ્વાતંત્ર્ય બાદ ભારતના જંગલ ખાતાએ એક દમનકાર તરીકે જ તેમને શોષ્યા. પૂર્વના આદિવાસી પટ્ટામાં ગાંધીવાદી આશ્રમો અને ખ્રિસ્તી મિશનરીઓનો જ પ્રભાવ રહ્યો. એ બંનેએ તેમની રીતે બિન-રાજકીય એવા કેટલાક વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ધર્યા. પરંતુ ઝારખંડ અને ઈશાની રાજ્યોની જેમ ગુજરાતમાં હજુ હમણાં સુધી આદિવાસીઓને તેમની ઓળખ અને સંસ્કૃતિ રજૂ કરવા માટે રાજકીય અવકાશ કદી પ્રાપ્ત થયો નહોતો.

ધર્મનિરપેક્ષ મૂલ્યોને જીવંત રાખવા માટે મજબૂત ઉદારમતવાદી બૌદ્ધિક અને સાંસ્કૃતિક પરંપરાઓ ખૂબ જ મહત્ત્વની છે. રાષ્ટ્રવાદી કવિ મેઘાણી અને બીજા કેટલાકનો પ્રભાવ કદાચ ઘણો મર્યાદિત રહ્યો પરંતુ તે સામાજિક પ્રબુદ્ધતા તરીકે ધ્યાન ખેંચે તેવો રહ્યો નહોતો. સાંસ્કૃતિક ક્ષેત્રે તેનાથી એક મોટો શૂન્યાવકાશ ઊભો થયો. ઉદારમતવાદી, પ્રગતિશીલ અને બૌદ્ધિક પરંપરાની ઉત્ક્રાંતિ તેનાથી અટકી ગઈ અને આવી પરંપરાઓમાંથી સામાન્ય રીતે જે પ્રકારનાં સાહિત્ય અને કળાઓ નીપજે તે નીપજ્યાં નહિ.

આ લેખમાં ગુજરાતમાંના સંઘર્ષને ખાસ્સા વ્યાપક ફલક ઉપર દોરવાનો સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો છે. તે બે ભાગમાં વહેંચાયેલી વૃદ્ધિના સામાજિક, આર્થિક અને રાજકીય સંઘર્ષનાં, વંચિતતા પ્રેરે તેવા વિકાસનાં અને સામાજિક ઈજનેરીની કાવતરાખોર પ્રક્રિયાનાં મૂળને શોધવા મથે છે કે જેણે છૂપી રીતે 'નિમ્ન જ્ઞાતિઓ'ના રાજકીય દાવાઓનો રાજકારણ અને હિંસાના કોમવાદીકરણ દ્વારા પ્રતિકાર કર્યો.

## ગુજરાતઃ વિભાજિત વૃદ્ધિ

આર્થિક વૃદ્ધિના સંદર્ભમાં ગુજરાત હંમેશાં ભારતનાં રાજ્યોમાં ઉચ્ચ સ્તરે રહ્યું છે. ૧૯૬૦ના દાયકાથી ૧૯૯૦ના દાયકા સુધી આર્થિક વૃદ્ધિનો દર ૩.૩૩ ટકાથી ૫.૬૭ ટકાની વચ્ચે રહ્યો. ૨૦૦૦-૦૧માં માથાદીઠ આવક રૂ. ૧૯,૨૨૮ થઈ હતી અને તે રૂ. ૧૬,૪૮૭ની રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધારે રહી છે. તેનો યશ મૂડીગહન ઉદ્યોગોના વિકાસને આપી શકાય કે જે અન્ય વિસ્તારોના ભોગે સુવર્ણ પટ્ટીમાં કેન્દ્રિત રહ્યો અને અગાઉથી વિકસેલા અમદાવાદ જેવાં ઔદ્યોગિક શહેરો પૂરતો મર્યાદિત રહ્યો. પરિણામે અમદાવાદમાં ધબકતો કાપડ મિલ ઉદ્યોગ ભાંગી પડ્યો અને તેને લીધે નિરાધારતા અને ગરીબી વધ્યાં.

બીજો એક દ્વંદ્વ ખેતી અને ઉદ્યોગો વચ્ચે છે જે વધારે ને વધારે દૃશ્યમાન બનતો ગયો. ગુજરાતના અર્થતંત્રની વૃદ્ધિ અને માળખાગત ફેરફારો અંગેના બાગચી અને અન્યોના ૨૦૦૦ સુધીના ૩૦ વર્ષના અભ્યાસમાં એમ જણાયું છે કે ગુજરાતના અર્થતંત્રનો વિકાસ અસંતુલિત તથા ઉછળકૂદ ઢબે થયો અને તેની પ્રાથમિક ક્ષેત્ર ઉપર કોઈ વિધાયક અસર ઊભી ના થઈ. પ્રાથમિક અને દ્વૈતિક ક્ષેત્ર વચ્ચેનો વિરોધાભા તેમાં સ્પષ્ટપણે દેખાય છે.

૧૯૭૦-૭૧માં પ્રાથમિક ક્ષેત્રમાંથી રૂ.૭૧૧૯.૪૪ કરોડની આવકનું સર્જન થયું હતું અને તે ખૂબ જ ફેરફારો સાથે ૨૦૦૦-૦૧માં રૂ. ૧૨૧૪૦.૩૮ કરોડ ઉપર પહોંચ્યું હતું. તે માત્ર એક ટકાનો વિકાસ દર દર્શાવે છે. ૧૯૮૦ના અને ૧૯૯૦ના દાયકા દરમ્યાન ખેતીમાં વૃદ્ધિ દર નકારાત્મક હતો. ૧૯૯૦ના દાયકાના ઉદારીકરણે રાજ્યના પ્રાથમિક ક્ષેત્રમાં વૃદ્ધિ બાબતે કોઈ મહત્ત્વનો દેખીતો સુધારો ભાગ્યે જ આણ્યો.

રાજ્યના ઘરેલૂ ઉત્પાદન (સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ - એસડીપી)માં ઔદ્યોગિક જૂથો અંગેની માહિતીનું વિશ્લેષણ કરતાં ઝણાય છે કે, “પ્રાથમિક ક્ષેત્રમાં જે સૌથી મોટું ક્ષેત્ર છે તે ખેતીનો ફાળો સતત ઘટતો ગયો છે. ૧૯૭૦-૭૧માં તે ૪૫.૨ ટકા હતો અને ૨૦૦૦-૦૧માં તે ૧૩.૪ ટકા થયો.”

ભારતનાં અન્ય રાજ્યોના અનુભવની જેમ જ ગુજરાતમાં ખેતીમાં રોજી મેળવતા લોકોનું ટકાવારી પ્રમાણ તેમના દ્વારા ઊભી થયેલી આવકની તુલનાએ ઘણી ધીમી રીતે ઘટ્યું છે. તે હજુ પણ રોજગારીનું મહત્ત્વનું સ્રોત રહ્યું છે. ૧૯૮૭-૮૮થી ૧૯૯૯-૨૦૦૦ દરમ્યાન ચોખ્ખા રાજ્ય ઘરેલૂ ઉત્પાદનમાં પ્રાથમિક ક્ષેત્રનો ફાળો - ૨૧.૭ ટકા રહ્યો જ્યારે રોજગારીમાં તેનો ફાળો એ જ ગાળા દરમ્યાન -૬.૧ ટકા રહ્યો. ગુજરાતમાં ૨૦૦૧માં ખેતીમાં ૫૨ ટકા લોકો રોકાયેલા હતા અને તેઓ રાજ્ય ઘરેલૂ ઉત્પાદન (એસડીપી) માં ૧૩ ટકા જ ફાળો આપતા હતા. એટલે ખેતી ક્ષેત્રે રોકાયેલા લોકોની સ્થિતિ ખરાબ હતી. અર્થતંત્રમાં માળખાગત ફેરફારો થતા રહ્યા એનો નિર્દેશ તેમાંથી મળે છે.

**ગુજરાતમાં સ્ત્રીઓનાં અપમૃત્યુ**

| વર્ષ | મૃત્યુ | રોજની સરેરાશ |
|---|---|---|
| ૧૯૮૭ | ૨૨૨૦ | ૬.૦૮ |
| ૧૯૮૮ | ૪૧૧૬ | ૧૧.૨૭ |
| ૧૯૮૯ | ૪૨૪૫ | ૧૧.૬૫ |
| ૧૯૯૦ | ૩૯૮૬ | ૧૦.૯૨ |
| ૧૯૯૧ | ૩૮૬૨ | ૧૦.૫૮ |
| ૧૯૯૨ | ૪૦૧૬ | ૧૧.૦૦ |
| ૧૯૯૩ | ૪૫૨૧ | ૧૨.૩૮ |
| ૧૯૯૪ | ૪૮૩૮ | ૧૩.૨૫ |
| ૧૯૯૫ | ૫૧૧૨ | ૧૪.૦૦ |
| ૧૯૯૬ | ૫૧૬૪ | ૧૪.૧૫ |
| ૧૯૯૭ | ૫૫૨૫ | ૧૫.૧૪ |
| ૧૯૯૮ | ૬૩૪૯ | ૧૭.૩૯ |
| ૧૯૯૯ | ૬૧૩૫ | ૧૬.૮૦ |
| ૨૦૦૦ | ૫૫૮૩ | ૧૫.૦૩ |

એવું કહેવાની ભાગ્યે જ જરૂર છે કે, તેનાથી દલિત ખેત મજૂરો, પૂર્વપટ્ટીના આદિવાસીઓ અને મહદંશે અન્ય પછાત વર્ગોના નાના અને સીમાન્ત ખેડૂતો ઉપર વ્યાપકપણે વિપરીત અસર ઊભી થઈ છે. ૧૯૮૦ના અને ૧૯૯૦ના દાયકા દરમ્યાન લોકોને જે વિકાસનું સપનું દેખાડવામાં આવ્યું હતું તે એક દંતકથા જ પુરવાર થયું અને ૧૯૯૦ના દાયકાના મધ્ય સુધીમાં તો તે બધે જ નિરાશાજનક અને અસંતોષદાયી સાબિત થઈ ગયું હતું.

સુશ્રી દર્શિની મહાદેવિયા જણાવે છે તે મુજબ “રાજ્ય માનવ વિકાસમાં પાછળ રહી ગયું છે અને કોઈ પણ ભોગે આર્થિક વિકાસને આગળ ધપાવવાનું તેણે વળગણ થયું છે. તેણે શિક્ષિત મધ્યમ વર્ગનાં ધંધાકીય મૂલ્યોની વિચારધારામાં તેના વિકાસને મૂકી દીધો છે.” તેને પરિણામે વિકાસનાં અન્ય અગત્યનાં પાસાંની અવગણના થઈ છે. તેથી રાજ્ય ટકાઉપણે માનવ વિકાસને આગળ ધપાવવાની બહુ ઓછી ક્ષમતા ધરાવે છે.

## ગુજરાતમાં વિકાસ

ગુજરાતની હાલની સ્થિતિ એ વિરોધાભાસોનો શંભુમેળો છે. વર્ગીય અસમાનતા, અંતર્નિહિત જ્ઞાતિવાદ, દમનકારી સામાજિક વ્યવસ્થાને છુપાવતી દેખીતી અહિંસા, થોડાક લોકોના આર્થિક વિકાસમાં છુપાઈ જતો મોટા ભાગના લોકોનો અલ્પવિકાસ. અનેક રીતે ગુજરાત એક મોડેલ સમાન રાજ્ય છે. ભારતીય સમાજના ઉપર જણાવેલા તમામ વિરોધાભાસો તેમાં છે અને છતાં તે આર્થિક રીતે સમૃદ્ધ રાજ્યોની હરોળમાં આવે છે.

ગુજરાતની જે સૌથી પ્રભાવશાળી છાપ છે તે છે સંપત્તિ, ધંધો-વ્યવસાય અને વેપાર. તેની સાથે સાથે એક એવી છાપ છે કે તે અહિંસક, શાંતિપ્રેમી અને સુસંવાદી સમુદાય છે. અર્થતંત્રનાં કેટલાંક ક્ષેત્રોનો વિકાસ કેવી રીતે રાજ્ય અને તેના લોકોના એકંદર વિકાસ ગણાવાય છે તેનો ગુજરાત એક શ્રેષ્ઠ દાખલો છે. આ બાબત માત્ર ગેરમાર્ગે દોરનારી નથી પણ તેના ઈરાદાઓ જ દુષ્ટ છે.

ગુજરાત અત્યંત વિકસિત રાજ્ય છે એવી છાપ એક આંશિક સત્ય છે અને તેને જ સંપૂર્ણ સત્ય તરીકે રજૂ કરવામાં આવે છે. વાસ્તવમાં, છેલ્લા બે દાયકા દરમ્યાન ગુજરાતનો વિકાસ ઔદ્યોગિક અને માળખાગત વિકાસ સાથે સાંકળવામાં આવ્યો છે. 'સુવર્ણ પટ્ટી' (ગોલ્ડન કોરિડોર) વિસ્તારમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગોનો રાફડો ફાટ્યો છે અને આંતરરાષ્ટ્રીય સ્ત્રે તેની નોંધ લેવાઈ છે. આ સફળતાએ 'રૂપેરી પટ્ટી' (સિલ્વર કોરિડોર)ની સ્થાપનાને વેગ આપ્યો અને રાજ્યના અન્ય ભાગોમાં એ જ પ્રકારના પ્રોજેક્ટ્સ સ્થપાયા છે.

આ પ્રકારના વિકાસની તરાહ બહુ જ વિઘાતક વલણો વ્યક્ત કરે છે. એ વધુ ને વધુ સ્પષ્ટ બની રહ્યું છે કે વિકાસ માટે કોઈ લાંબા ગાળાનું આયોજન કરવામાં આવતું નથી અને તેના ખર્ચ વિશે કોઈ ચિંતા કરવામાં આવતી નથી. તેની તરત જ નજરે પડે તેવી અસર એ છે કે આ ઉદ્યોગોએ ભારે મોટા પ્રમાણમાં જમીન, પાણી (ભૂગર્ભ જળ અને સપાટી પરનું જળ બંને) અને હવાને પ્રદૂષિત કર્યાં છે. આ વિકાસને દિશા ચીંધવા માટે કોઈ નૈતિક કે સામાજિક જવાબદારીનું માળખું છે જ નહિ.

જ્યારે વડી અદાલત પ્રદૂષક રસાયણ ઉદ્યોગોને પ્રદૂષણનું નિવારણ કરવાનું કે પછી કારખાનાં બંધ કરવાનું કહે છે ત્યારે તેની હાંસી ઉડાડવામાં આવે છે. કામદારોની વ્યાવસાયિક સ્થિતિ જોખમી અને શોષણખોર હોવાનું જણાય છે. ૧૯૯૬માં 'ગ્રીનપીસ' દ્વારા મુલાકાત લેવાઈ અને તેણે કરેલા અભ્યાસમાં જણાવાયું છે કે 'સુવર્ણ પટ્ટી' 'રાસાયણિક ટાઈમ બૉમ્બ'માં રૂપાંતરિત થઈ છે. જમીન ખૂબ જ ઝડપથી ખેતી માટે ગેરલાયક બનતી જાય છે અને પશુચરાણ માટે પણ તે ઉપયોગી રહી નથી કારણ કે ધીમે ધીમે તે ઝેરી બની રહી છે. નદીઓનાં જળ એટલી હદે પ્રદૂષિત થઈ ગયાં છે કે નદીઓ ઓળખાતી પણ નથી. તેમાં કોઈ સજીવો જીવી શકતા નથી. બોરવેલમાં રંગીન પાણી આવે છે અને લોકોને એ પાણી પીવાની ફરજ પડે છે. આ પ્રદેશોમાં પડે છે કારણ કે તેમનાં પ્રાકૃતિક સંસાધનોનો નાશ થયો છે. આ બધાને આપણે આર્થિક વૃદ્ધિ કહીએ છીએ.

સરકાર દ્વારા એકંદર વિકાસનું જે માળખું અપનાવવામાં આવ્યું છે તેમાં ઔદ્યોગિક અને માળખાગત વિકાસ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. પણ તેમાં સામાજિક ક્ષેત્રોના વિકાસનો ભોગ લેવાયો છે. એ જ રીતે ખેતીનો વિકાસ અત્યંત વધતો-ઘટતો રહ્યો છે, અને સમૃદ્ધિ માત્ર પિયત વિસ્તારોમાં જ દેખાય છે. વિચિત્ર એ છે કે ખેડા અને આણંદ જિલ્લા જેવા ગુજરાતના ચરોતર પ્રદેશ અને દક્ષિણ ગુજરાતના સઘન ખેતીના વિસ્તારો વધુ ને વધુ પાણી મેળવી રહ્યા છે.

તેનું કારણ એ છે કે ત્યાં સિંચાઈ નથી, જળસંચય અને જળસ્ત્રાવ વિકાસનાં અન્ય પગલાં ત્યાં લેવાયાં નથી. રાજકીય નેતાઓ તેનો ઉપાય 'ગુજરાતની જીવાદોરી' નર્મદા યોજનાને ગણાવે છે તેને છતી કરી નાખી છે. આદિવાસીઓ અને અન્ય સમુદાયોનું વિસ્થાપન, હજારો હેક્ટરની વન્ય જમીનનો વિનાશ અને બીજી અનેક સમસ્યાઓ વિકાસના આ મોડેલમાંથી ઊભી થઈ છે. દક્ષિણ ગુજરાતના ઉકાઈ બંધ જેવી અન્ય સિંચાઈ પરિયોજનાઓને લીધે વિસ્થાપિત થયેલા લોકો હવે સુરત શહેરમાં કાયમી ધોરણે ઝૂંપડાવાસીઓ બન્યા છે અને અમાનવીય પરિસ્થિતિમાં જીવે છે.

કોઈ પણ રાજ્યનો વિકાસ એ રાજ્યની વસ્તીના નબળા સમુદાયો કે વર્ગોની સ્થિતિને આધારે મપાવવો જોઈએ. વિકાસના નિર્દેશકો સામાન્ય રીતે સરેરાશ હોય છે. અને આ સમુદાયો જે દયનીય સ્થિતિમાં જીવે છે તેના ઉપર તે ઢાંકપિછોડો કરે છે. ગુજરાતના સંદર્ભમાં જોઈએ તો દલિતો, આદિવાસીઓ, અન્ય પછાત વર્ગોમાં પણ સૌથી ગરીબ લોકો, લઘુમતીઓ અને આ સમુદાયોની મહિલાઓના સંદર્ભમાં વિકાસને જોવો પડે તેમ છે. સ્થાનિક સ્તરની હકીકતો અને અવલોકનો એમ જણાવે છે કે ગુજરાતમાં વિકાસ આ જૂથોને સ્પર્શ્યો નથી.

૧. ગુજરાતમાં જ્ઞાતિવાદ અને કોમવાદ ભારતમાં કદાચ સૌથી વધારે છે. પરંતુ બિહાર જેવા રાજ્યમાં એ જેટલાં દૃશ્યમાન છે તેટલાં તે ગુજરાતમાં નથી. આ ઘટના એટલી બધી વ્યાપક છે કે મોટા ભાગના પ્રદેશોમાં દલિતો તેની સામે વાંધો ઉઠાવી શકે તેવી સ્થિતિમાં પણ નથી. બિહાર અને અન્ય કેટલાંક રાજ્યોથી વિપરીત

ગુજરાતમાં જ્ઞાતિગત વિચારધારા સામેની લડાઈમાં હજુ પા પા પગલી માંડે છે. તમામ ક્ષેત્રોમાં અસ્પૃશ્યતાનો વ્યવહાર હજુ પણ થાય છે. પછી એ જાહેર ક્ષેત્ર હોય કે ખાનગી, ગામનો કૂવો હોય કે ગામની શાળા, ગામની પંચાયત હોય કે ગામનું મંદિર કે પછી જાહેર બસ વ્યવહાર. ગુજરાતના અનેક ભાગોમાં માથે મેલું ઉપાડવાની પ્રથા હજી પણ અસ્તિત્વમાં છે.

દલિત સમુદાયોમાં સૌથી વધારે શોષિત સમાજ વાલ્મીકિ સમાજ છે. અમદાવાદ જિલ્લાના કેટલાક તાલુકાઓમાં તેમને આ કામ કરવાની ફરજ પાડવામાં આવે છે. વધારે શોચનીય બાબત એ છે કે આ અસરગ્રસ્તો પ્રત્યે જે અન્યાય દર્શાવવામાં આવે છે તેના સંદર્ભમાં સૌ ચૂપ બેઠા છે અને એ જ પરિસ્થિતિ કેટલી ગંભીર છે તેની સાબિતી આપે છે. જ્યાં જ્યાં અસંમતિ દર્શાવાય છે, વિરોધ કરાય છે, લોકોને સંગઠિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે ત્યાં ત્યાં વર્ચસ્વ ધરાવતી જ્ઞાતિઓ દ્વારા તેમની ઉપર અત્યાચાર કરવામાં આવતો હોય છે. ઘણી વાર સ્થાનિક નેતાઓ તેમાં સામેલ થતા હોય છે.

૨. ચૂંટણી દરમ્યાન બિહારમાં જેમ બૂથ કબજે કરવાની ઘટનાઓ બને છે તેમ ગુજરાતમાં મોટે ભાગે બનતું નથી. પરંતુ તે વધારે સુશોભિત રીતે બનતું હોય છે. દલિતોને ડરાવવામાં આવે છે અને તેમને તેમનો મત આપતાં રોકવામાં આવતા હોય છે.

૩. બેફામપણે ઉદ્યોગીકરણ થયું છે તેને લીધે અને વિકાસ માટેની અન્ય પરિયોજનાઓને જમીન ઉપરનું દબાણ વધ્યું છે અગાઉ ભૂમિહીનો અને ગરીબોને પ્રાકૃતિક સંસાધનો અને સાર્વજનિક મિલકત સંસાધનો પ્રાપ્ત થતાં હતાં. સરકારે પોતે પણ સહકારી મંડળીઓ માટે અને ઘરો બાંધવા માટે તેમને જમીનો આપી હતી. હવે આવું બનતું નથી. તાજેતરમાં ગુજરાતમાં જમીનોના વિવાદને કારણે દલિતો ઉપર અનેક અત્યાચારો થયા છે. વૈશ્વિકીકરણ અને ઉદારીકરણનાં પરિબળો વધારે વેગ પકડી રહ્યાં છે, ત્યારે આ સમુદાયો માટે બહુ જ ઓછા વિકલ્પો બાકી બચ્યા છે.

૪. ગુજરાતની પૂર્વ પટ્ટીમાં આદિવાસી સમુદાયો છેવાડે ધકેલાઈ ગયો છે. આ વિસ્તારમાં ખૂબ જ ઝડપથી વનવિનાશ થઈ રહ્યો છે અને જમીનનું ધોવાણ થઈ રહ્યું છે. હવે પાણી પણ વહી જાય છે તેથી તેનો પણ અભાવ પ્રવર્તવાની પરિસ્થિતિ ઊભી થઈ છે. ધીમી ગતિએ પણ સ્થિર ગતિએ આદિવાસીઓની જમીનો ઓછી ઉત્પાદક બની રહી છે કારણ કે ખેતી બિન-ટકાઉ બની રહી છે. તેઓ શહેરોમાં અથવા વધારે સમૃદ્ધ એવી જગ્યાઓએ સ્થળાંતર કરી રહ્યા છે. મોટે ભાગે તેઓ ત્યાં ખેત મજૂરી કરે છે અથવા જાહેર કામોમાં રોજગારી પ્રાપ્ત કરે છે અને તેઓ ત્યાં વર્ષમાં લગભગ અડધો સમય વિતાવે છે.

વિકાસલક્ષી કાર્યક્રમોનો અમલ ભ્રષ્ટાચારમાં ખદબદે છે અને તેમની અવગણના કરવામાં આવતી હોય છે. આદિવાસીઓ જ્યાં વસે છે તે વિસ્તારમાં જ તમામ મોટા બંધો બાંધવામાં આવ્યા છે પરંતુ તેમને તેમાંથી કશો લાભ પ્રાપ્ત થતો નથી. તેઓ પરિયોજનાથી અસરગ્રસ્ત એવા લોકો બની ગયા છે. છેવટે આ સમુદાય અસ્તિત્વ માટેની લડાઈ લડે છે અને પોતાની ઓળખ અને સંસ્કૃતિ ટકાવી રાખવા માટે પણ લડાઈ લડે છે.

૫. ગુજરાતમાં મહિલાઓની સ્થિતિ છેલ્લા કેટલાક દાયકાઓ દરમ્યાન વણસી છે અને ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ રહી છે. ગુજરાતમાં શૂન્યથી છ વર્ષની વયનાં બાળકોમાં જાતિપ્રમાણ ૮૮૩:૧૦૦૦ છે. જ્યારે, સમગ્ર દેશમાં તે ૯૨૭:૧૦૦૦ છે. અમદાવાદ જિલ્લામાં તો ૨૦૦૧થી વસ્તી ગણતરી અનુસાર માત્ર ૮૧૩ છોકરીઓ છે. મહેસાણામાં આ પ્રમાણ ૭૯૭, ગાંધીનગરમાં ૮૧૬ અને રાજકોટમાં ૮૪૩ છે. અમદાવાદ જિલ્લામાં મહિલાઓમાં સાક્ષરતા દર ૬૦ ટકાથી વધારે છે, પરંતુ ડાંગ, દાહોદ અને નર્મદા જિલ્લાઓમાં આ પ્રમાણ ૩૫ ટકાથી પણ ઓછું છે. જો કે, આ જિલ્લાઓમાં બાળકોમાં જાતિ પ્રમાણ ૯૫૦થી વધારે છે.

૬. ગુજરાતમાં સળગી જવાથી અને આત્મહત્યાથી મૃત્યુ પામનારી મહિલાઓનું પ્રમાણ ખૂબ જ ઊંચું છે. ૧૪થી ૩૦ વર્ષની મહિલાઓમાં સળગી જવાને લીધે મૃત્યુ પામનારી મહિલાઓની સંખ્યા ઘણી વધારે છે. આ અંગેની વિગતો આ સાથેના કોઠામાં આપવામાં આવી છે. આ કોઠામાં જે વિગતો આપવામાં આવી છે તેના સંદર્ભમાં એમ કહી શકાય છે કે ૫૭ ટકા મૃત્યુ સ્ત્રીઓ સળગી જવાને કારણે થાય છે, ૧૮ ટકા મૃત્યુ ઝેર પી જવાને કારણે થાય છે, ૬ ટકા મૃત્યુ અન્ય કારણોને લીધે થાય છે અને માત્ર ૧૫ ટકા મૃત્યુ ખરેખર અકસ્માતને કારણે થાય છે. દરરોજ ૮થી ૧૦ મૃત્યુ દહેજને કારણે થતાં હોય છે.

૧૯૯૫ના આંકડા અનુસાર ગુજરાતમાં ૧૫૨૩ મહિલાઓએ આત્મહત્યા કરી હતી. તેમાં માત્ર અમદાવાદમાંથી જ ૧૭૫ મહિલાઓએ આત્મહત્યા કરી હતી. સમગ્ર ગુજરાતમાંથી અમદાવાદ જિલ્લામાં ૧૭ ટકા મહિલાઓએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આત્મહત્યાથી મૃત્યુની બાબતમાં ગુજરાતનો ક્રમ સમગ્ર દેશમાં સૌથી પહેલો છે. ગુજરાત સમગ્ર ભારતમાં સૌથી વિકસિત

રાજ્યોમાં સ્થાન ધરાવે છે પરંતુ આ જ રાજ્યમાં ૯૯ ટકા ગર્ભપાત સ્ત્રીભ્રૂણ હત્યાને કારણે જ થાય છે.

૭. અનુભવ એમ દર્શાવે છે કે ગ્રામ વિસ્તારોમાં બેકારીનું પ્રમાણ અત્યંત વધારે છે અને પ્રચ્છન્ન બેકારીનું પ્રમાણ વધારે છે. ગ્રામ વિસ્તારોમાંથી શહેરી વિસ્તારોમાં અને કસબાઓમાં સતત સ્થળાંતર થતું હોય છે. તેથી આ સમુદાયોમાં ટકાઉ જીવનનિર્વાહની સમસ્યાઓ મહત્ત્વની બને છે. તેઓ ભૂમિહીન છે, તેમની જમીનો તેમની પાસેથી જઈ રહી છે અને પ્રણાલીગત વિકલ્પો ઘટી રહ્યા છે. સરકાર મસમોટી બહુરાષ્ટ્રીય કંપનીઓને અને ઈન્ફોટેક કંપનીઓને રોકાણ કરવા માટે આકર્ષી રહી છે.

બિનનિવાસી ગુજરાતી રોકાણકારો પ્રગતિશીલ અને આધુનિક ગુજરાતની છાપ ઊભી કરી રહ્યા છે અને તેમાં પટેલ અને વાણિયા જેવા સમુદાયોનો ફાળો ઘણો વધારે છે. મુખ્ય પ્રવાહના અર્થતંત્ર અને રાજકારણ દ્વારા એક એવો સંદેશો વહેતો કરવામાં આવ્યો છે કે હવે વિકાસ કોઈ પણ પ્રકારના વાંધા વિના કરી શકાય છે કે જેમાં ગરીબ સમુદાયોની કોઈ વિસાત નથી. રાજકીય પક્ષો અગાઉ ગરીબો તરફી જે સંભાષણો કરતા હતા તે પણ હવે દેખાતા નથી. વિસ્થાપિત મજૂરોને સુસજ્જ કરવા માટે કોઈ પણ જાતનો કાર્યક્રમ આ બજારલક્ષી અર્થતંત્રમાં દેખાતો નથી. ગરીબોને ધિરાણ માટે કોઈ સવલત પ્રાપ્ત થતી નથી અને કોઈ પણ કિસ્સામાં બેંકોએ હવે ગરીબોને ધિરાણ આપવાનું બંધ કરી દીધું છે કારણ કે સ્પર્ધાત્મક બજારમાં તેમને ધિરાણ આપવાનું નફાકારક રહ્યું નથી.

એ બહુ સ્પષ્ટ છે કે વિકાસ એક એવો શબ્દ બની ગયો છે કે જેની સાથે વંચિતતા અથવા બાદબાકી સ્વાભાવિકપણે જોડાઈ ગયા છે. સમાજનો ઘણો મોટે વર્ગ વિકાસથી વંચિત રહી જાય છે. આ જૂથો અને સમુદાયો સાથે સંબંધિત બાબતો રાષ્ટ્રીય કાર્યસૂચિમાં સ્થાન પામતી નથી અને તેમના પ્રત્યે બહુ જ ઓછું ધ્યાન ખેંચાય છે. અસહાય વર્ગો અસહાય જ રહે છે અને વિકાસની વર્તમાન વ્યવસ્થા તેમને વધારે અસહાય બનાવે છે.

## તિરસ્કારનું રાજકારણ

### ૧. કોંગ્રેસનું પતન અને સામાજિક જોડાણ નબળું પડવું

કોંગ્રેસની પરિસ્થિતિ વણસતી ગઈ અને સમાજના દરેક વર્ગના વધતા જતા અસંતોષનો રાજકીય રીતે સામનો કરવાની તેની અક્ષમતા છતી થતી ગઈ તેને લીધે રાજકીય એકત્રીકરણના વૈકલ્પિક સ્વરૂપોનો પાયો નંખાયો. કોંગ્રેસનું ચૂંટણીકીય સંચાલન જ્ઞાતિઓની પંચાયતોની ગણતરીઓ ઉપર ખૂબ જ આધાર રાખનારું હતું. પ્રાદેશિક અને ગ્રામીણ ભદ્ર વર્ગ પંચાયતો અને સહકારી મંડળીઓમાં સ્થાન ધરાવતો રહ્યો અને સત્તા ભોગવતો રહ્યો.

૧૯૭૦ના દાયકાના મધ્ય સુધીમાં ઉચ્ચ વર્ગોનું નેતૃત્વ ધરાવતા મધ્યમ વર્ગની આકાંક્ષાઓ વધારે ને વધારે મજબૂત બનતી ગઈ અને ૧૯૭૪માં નવનિર્માણ આંદોલનમાં તે અભિવ્યક્ત થઈ. કટોકટી પછી કોંગ્રેસના વોટબેંક રાજકારણમાં પુનરુત્થાન જોવા મળ્યું. તેમાં ઝીણાભાઈ દરજીએ અને માધવસિંહ સોલંકીએ ખામ (ક્ષત્રિય, હરિજન, આદિવાસી, મુસ્લિમ)ની વ્યૂહરચના અપનાવી હતી તેનું પરિણામ જોવા મળતું હતું. પરંતુ તેમાં વિરોધાભાસો ખૂબ જ ટૂંકાગાળામાં ઊભા થઈ ગયા. લોકરંજનકારી રાજકારણ તેની ચરમસીમા ઉપર પહોંચ્યુ હતું અને માંડલ પંચને કારણે અનામતના જથ્થામાં વધારો કરવામાં આવ્યો હતો. પરંતુ એ તો એક લટકતું ગાજર જ હતું. અસમાન લડાઈ ચાલુ હતી અને અસમાન આર્થિક વૃદ્ધિ તથા નીચો માનવ વિકાસ ખૂબ મોટા પ્રમાણમાં તેના ઉપર પ્રભાવ નાંખતો હતો.

૧૯૮૦ના સમગ્ર દાયકા દરમ્યાન ગુજરાતમાં સતત સામાજિક ચરૂ ઉકળતો રહ્યો હતો. ખામ જોડાણને કારણે ૧૯૮૦ના દાયકા દરમ્યાન કોંગ્રેસ સલામત રીતે સત્તા ઉપર રહી શકી અને તેને પરિણામે પાટીદારો તથા ઉચ્ચ જ્ઞાતિનો મહત્ત્વનાં મંત્રાલયોમાંથી સંપૂર્ણ સફાયો થઈ ગયો હતો. પરંતુ ઉચ્ચ જ્ઞાતિઓ ફરી એક વાર એકત્ર થઈ રહી હતી. પ્રત્યાઘાતી રાજકીય વ્યૂહરચનાઓ તેમનું સ્થાન સંભાળી રહી હતી.

૧૯૮૧માં જે અનામત વિરોધી આંદોલન થયું તેણે સામાજિક ન્યાય ઉપર આધારિત કલ્યાણલક્ષી રાજ્યના પાયા ઉપર જ ઘા કર્યો હતો. દલિતો અને પછાત વર્ગો વિરોધી હિંસા અને ભાષા કોઈ પણ જાતની રોકટોક વિના ફેલાયાં. વ્યવસાયી કોલેજોમાં અનામત શ્રેણીમાં આવતા વિદ્યાર્થીઓને તેમની જ સાથેના વિદ્યાર્થીઓ દ્વારા થતી હિંસાનો ભોગ બનવું પડ્યું અને ઉચ્ચ જ્ઞાતિના શિક્ષકોએ તેમની સામે ભેદભાવ આચર્યો તથા તેને લીધે અનેક વિદ્યાર્થીઓની કારકિર્દી ઉપર પૂર્ણવિરામ મૂકાઈ ગયું. દલિતોના એક સંગઠન એવા ‘દલિત પેન્થર્સ’ની આ સમયગાળા દરમ્યાન મજબૂતાઈ વધી.

આ સંગઠન પ્રતિબદ્ધ એવા સરકારી કર્મચારીઓનું બનેલું હતું. આ સંગઠને અનામત વિરોધીઓ સામે મજબૂત પ્રતિકાર કર્યો. જો કે આ પ્રતિકાર અલ્પજીવી હતો. રાજ્યના રાજકારણે તે પછી એવો વળાંક લીધો કે આવા તમામ પ્રકારના પ્રતિકારો લગભગ અપ્રસ્તુત બની જાય. ગુજરાતમાં લગભગ દરેક સ્તરે સંઘ પરિવાર સક્રિય હતો.

## ગુજરાતમાં હિંસાનું સ્વરૂપ અને તેનાં લક્ષણો

ગુજરાતમાં ૨૦૦૨નાં રમખાણો દરમ્યાન જે હિંસા આચરવામાં આવી તેના સ્વરૂપ અને મૂળભૂત લક્ષણો વિશે નીચેની બાબતો જણાવી શકાયઃ

(૧) તે પૂર્વ આયોજિત હતી. હકીકતો તપાસનારા તમામ અહેવાલો એમ જણાવે છે કે રાજયના તમામ જિલ્લાઓમાં તા.૨૮.૨.૦૨ના રોજ હિંસાને જે છૂટો દોર મળવાની શરૂઆત તે અગાઉ સતત ધિક્કાર પ્રેરક પ્રવચનો લાંબા સમય સુધી ચાલ્યાં હતા. વિશ્વ હિંદુ પરિષદ દ્વારા રામજન્મભૂમિના મુદ્દે કારસેવકો એકત્ર કરવા માટે જે ઝુંબેશ ચલાવવામાં આવી તેની સાથે જ આ બાબતને સાંકળી શકાય તેમ છે. ગોધરામાં જે હત્યાઓ થઈ તેનો સરકારે તત્કાળ જે પ્રતિભાવ આપ્યો તે એ હતો કે એ એક અગાઉથી નિર્ધારિત આતંકવાદી હુમલો હતો.

(૨) ગુજરાતી માધ્યમોએ જે ખોટા અને વિતંડાવાદી અહેવાલો આપ્યા તેણે લોકોમાં રોષ ઊભો કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ પછીથી આ માધ્યમોને ઠપકો પણ આપ્યો છે.

(૩) અમદાવાદમાં કાર સેવકોના મૃતદેહો લાવવા માટે મુખ્ય પ્રધાને જે જાહેરાત કરી તે રાજ્યના ગુપ્તચર વિભાગના વડા દ્વારા આપવામાં આવેલી ચેતવણીથી વિરુદ્ધની હતી.

(૪) ગુજરાત સરકારના પ્રમુખ અધિકારીઓની બેઠકમાં મુખ્ય પ્રધાને બહુ સ્પષ્ટપણે એમ જણાવ્યું હતું કે ગુજરાતના લોકોને તેમની લાગણીઓ વ્યક્ત કરવા દેવી જોઈએ. એટલે કે રાજ્યના ટેકા સાથે હિંસા કરવા માટે જાણે કે છૂટો દોર આપવામાં આવ્યો હતો.

(૫) તા.૨૮.૨.૦૨ના રોજ વિશ્વ હિંદુ પરિષદે બંધનું એલાન આપ્યું હતું. ગુજરાત સરકારે તેને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો હતો. અનેક સ્થળોએ સામૂહિક હત્યા, જાહેરમાં બળાત્કાર, લૂંટ અને આગના બનાવો બન્યા હતા તે હવે બહુ જાણીતી બાબત છે.

(૬) જે પ્રકારની જાતીય હિંસા આચરવામાં આવી તે મુસ્લિમ સમુદાયોને અવમાનિત કરવા માટે આચરવામાં આવી હતી. ગુજરાતનાં આ રમખાણો દરમ્યાન જાતીય હિંસાનાં અકલ્પ્ય સ્વરૂપો દેખાયાં. મુસ્લિમ મહિલાઓએ તેમાં ખૂબ સહન કર્યું. ૨૦૦૨ની વિધાનસભાની ચૂંટણી પછી અસરગ્રસ્ત મહિલાઓને બળાત્કારીઓ દ્વારા ફરીથી બળાત્કારની ધમકીઓ આપવામાં આવી હતી. આજે પણ તેઓ આ કૃત્યોને વિશે ભાગ્યે જ શરમાય છે અને તેની યાદ તાજી રાખવા માટે અભદ્ર ગીતો ગાવામાં આવે છે. ગુજરાતના મુસ્લિમોને શાંત પાડી દેવા માટે પોલિસ પણ આ જ પ્રકારની ધમકીઓનો ઉપયોગ કરે છે.

(૭) શહેરોમાં મુસ્લિમોની ભાગીદારી અથવા તેમની માલિકીનાં વ્યાપારી એકમોને ઓળખી કાઢવામાં આવ્યાં હતાં. સત્તાવાર યાદીઓનો ઉપયોગ તે માટે કરવામાં આવ્યો હતો અને આ સ્થળોનો નાશ કરવામાં આવ્યો હતો.

(૮) મુસ્લિમ મસ્જિદો અને દરગાહોનો નાશ ખૂબ મોટી સંખ્યામાં કરવામાં આવ્યો હતો.

(૯) પોલિસ તોફાનીઓ સાથે ભળી ગઈ હતી તેનું દસ્તાવેજીકરણ ઉપલબ્ધ છે. લગભગ તમામ કિસ્સાઓમાં પોલિસ ટોળાંની આગેવાની લેતી હતી, ટોળાંને રક્ષણ પૂરું પાડતી હતી અને સ્વરક્ષણ કરતા મુસ્લિમો ઉપર ગોળીબાર કરતી હતી. અગ્રણી પોલિસ અધિકારીઓ ભાજપ અને વિશ્વ હિંદુ પરિષદના નેતાઓ પાસેથી હુકમો મેળવતા હતા, નહીં કે તેમના ઉપરી અધિકારીઓ તરફથી.

'ખામ' વ્યૂહરચનાના સફળતાના દિવસોમાં પણ કોંગ્રેસ નબળી પડતી ગઈ હતી તે દૃશ્યમાન થતું હતું. જો કે, આ વ્યૂહરચનાએ ચૂંટણીમાં લાભ કરી આપ્યો હતો. સામાજિક જોડાણ તૂટી જવાની શરૂઆત થઈ ચૂકી હતી અને તે અનામત વિરોધી આંદોલનમાં દેખાતું હતું. સામાજિક ઈજનેરીના સ્વરૂપ માટે જમણેરી પરિબળો તૈયારી કરી રહ્યાં હતાં. પાટીદારો અને ઉચ્ચ જ્ઞાતિઓના રોષને કારણે અને કોંગ્રેસની અંદરના અસંતોષને કારણે માધવસિંહ સોલંકીએ અનામત વિરોધી આંદોલન દરમ્યાન ૧૯૮૫માં રાજીનામું આપવું પડ્યું હતું. અમરસિંહ ચૌધરી ગુજરાતના પ્રથમ આદિવાસી મુખ્ય પ્રધાન બન્યા પરંતુ તેમના નેતૃત્વ હેઠળ આ આંદોલને કોંગ્રેસનો મૃત્યુઘંટ વગાડી દીધો. જ્ઞાતિઓની ઓળખથી બહાર નીકળે એવી કોઈક વિચારધારાની આવશ્યકતા હતી, કોઈક એવા એક જ પ્રતીકની જરૂર હતી કે જે બધી જ્ઞાતિઓને એક જ તાંતણે બાંધે અને તેથી કોઈક સર્વસામાન્ય દુશ્મનની પણ જરૂર હતી.

### ૨. હિંદુત્વનો ઉદય

હિંદુત્વનું રાજકારણ એક પ્રત્યાઘાતી રાજકારણ છે કે જેણે ઈતિહાસના એવા દરેક તબક્કામાં મજબૂતી પ્રાપ્ત કરી છે કે જ્યારે ઉચ્ચ જ્ઞાતિઓ અને મધ્યમ વર્ગોને પ્રત્યાઘાતી બનવાની તક પ્રાપ્ત થઈ છે. ૧૯૬૯માં ગુજરાતમાં જ્યારે રમખાણો થયાં ત્યારે રેડ્ડી તપાસ પંચે હિંદુ

મહાસભા અને જનસંઘની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. ૧૯૭૪માં જ્યારે નવનિર્માણ આંદોલન થયું ત્યારે તેમને એક ઐતિહાસિક તક પ્રાપ્ત થઈ. ૧૯૭૫માં જ્યારે જનતા મોરચો સત્તા ઉપર આવ્યો ત્યારે જનસંઘ તેનો ભાગ હતો. જનસંઘને તે સમયે વિધાનસભામાં ૧૦ ટકા મત સાથે ૧૮ બેઠકો પ્રાપ્ત થઈ હતી. અનામત વિરોધી આંદોલન થયું ત્યાં સુધીમાં ભાજપની રચના થઈ ચૂકી હતી અને વિશ્વ હિંદુ પરિષદ તથા બજરંગ દળે ગુજરાતમાં તેનાં મૂળિયાં નાંખી દીધાં હતાં. સ્વામીનારાયણ સંપ્રદાય અને સ્વાધ્યાય પરિવારે હિંદુત્વનો સામાજિક પાયો ઊભો કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. આ સંપ્રદાયોમાં મધ્યમ વર્ગ અને ઉચ્ચ જ્ઞાતિના ભદ્ર વર્ગનો અંકુશ હતો. દલિતો, આદિવાસીઓ, માછીમારો અને બીજાં અન્ય પછાત જૂથોને આ સુધારાવાદી હિંદુ એજન્ડામાં સમાવવા માટેનો પ્રયત્ન ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકાઓ દરમ્યાન કરવામાં આવ્યો હતો. આશારામ બાપુ, મોરારી બાપુ અને પાંડુરંગ આઠવલે એ તમામ લોકોએ હિંદુત્વનો

## ગુજરાતની હિંસામાં રાજ્યની ભાગીદારી અને સાંઠગાંઠ

ગુજરાતમાં ૨૦૦૨નાં રમખાણો દરમ્યાન જે હિંસા આચરવામાં આવી તેમાં રાજ્યની ભાગીદારી અને સાંઠગાંઠ વ્યાપક પ્રમાણમાં દેખાય છે. સોમનાથ વત્સ, અરવિંદ નારાયણ અને પ્રિયા પિલ્લઈ દ્વારા ૨૦૦૭માં ગુજરાતનાં રમખાણો વિશે જે એક અપ્રકાશિત નોંધ તૈયાર કરવામાં આવી છે તે ગુજરાતની હિંસાના સ્વરૂપ વિશે જુદો જ પ્રકાશ ફેંકે છે. રાજ્ય દ્વારા જે પગલાં લેવાયાં તેને વિશે આ નોંધમાં જે કંઈ લખવામાં આવ્યું છે તેનો સારાંશ નીચે મુજબ છેઃ

ગુજરાતની હિંસા ખાસ કરીને રાજ્યની ભાગીદારી વાળી હિંસા હતી. મુસ્લિમોના જીવન, ગૌરવ, જીવનનિર્વાહ, ધંધો-રોજગાર અને મિલકત ઉપર અગાઉથી નિર્ધારિત રીતે અને આયોજન પૂર્વક હુમલા કરવામાં આવ્યા હતા. તેમનાં ધર્મસ્થાનો ઉપર અને સાંસ્કૃતિક સ્થળો ઉપર પસંદગીના ધોરણે હુમલા કરવામાં આવ્યા હતા. મુસ્લિમોનો આર્થિક અને સામાજિક બહિષ્કાર કરવાની બાબતને ખુલ્લંખુલ્લા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું અને આજે પણ હજુ આવો બહિષ્કાર અનેક સ્થળોએ ચાલુ છે.

મુસ્લિમ મહિલાઓને લક્ષ્યાંક બનાવીને હુમલા કરવામાં આવ્યા હતા. મુસ્લિમોની ખેતીની નાની મોટી જમીન પણ વર્ચસ્વ ધરાવતાં સમુદાયે પચાવી પાડી છે. મુસ્લિમોનો જીવન નિર્વાહ ખૂંચવી લેવામાં આવ્યો છે અને આ સમુદાયને આર્થિક રીતે તોડી નાંખવાની સ્પષ્ટ સાજિશ ચાલી રહી છે. રાજ્ય દ્વારા જે કૃત્યો આચરવામાં આવ્યાં અથવા રાજ્યના મેળાપીપણાથી જે કૃત્યો કરવામાં આવ્યાં તે વિશેની વિગતો નીચે મુજબ છેઃ

(૧) વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ભૂતકાળમાં જે અનેક નિવેદનો કરવામાં આવ્યાં હતાં તે સતત એમ પ્રસ્થાપિત કરે છે કે એ મુસ્લિમ સમુદાય સામે જ હતાં. મુસ્લિમ સમુદાયને શાબ્દિક અને શારીરિક હુમલા માટે લક્ષ્યાંક બનાવવામાં આવ્યો હતો. એ સમુદાય ઉપર ભૌતિક અને આર્થિક હુમલા કરવા માટે તથા સામાજિક અને આર્થિક બહિષ્કાર કરવા માટે લોકોને ઉશ્કેરવામાં આવ્યા હતા.

(૨) વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ગુજરાતમાં આ હિંસા આચરવામાં આવી હતી.

(૩) મુસ્લિમ સમુદાયની મહિલાઓ સામે જાતીય હિંસા આચરવામાં આવી અને તેમના બળાત્કાર કરવામાં આવ્યા, આર્થિક વિનાશ નોંતરવામાં આવ્યો, સાંસ્કૃતિક અને ધાર્મિક સ્થળોનો નાશ કરવામાં આવ્યો, પુનર્વસનનો પ્રતિકાર કરવામાં આવ્યો.

(૪) મુસ્લિમોના જાન-માલની રક્ષા માટે કોઈ પ્રતિરોધક પગલાં લેવામાં આવ્યાં નહિ.

(૫) ભૂલ કરનારા પોલિસ અધિકારીઓ સામે કે પક્ષોના કાર્યકરો સામે કોઈ પગલાં ભરવામાં આવ્યાં નહિ. અસરગ્રસ્તોએ તેમનાં નામ આપેલાં હોવા છતાં પણ કોઈ દરકાર લેવામાં આવી નહિ.

(૬) ખાનગી રીતે જે રાહત શિબિરો ચાલતી હતી તે બંધ કરી દેવા માટે સતત ધમકીઓ આપવામાં આવી હતી.

(૭) સતત ધિક્કાર પ્રેરે તેવાં પ્રવચનો આપવામાં આવતાં હતાં અને મુસ્લિમ સમુદાયને સતત ગાળો ભાંડવામાં આવતી હતી.

(૮) રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણોનો અમલ કરવા માટે પણ ઈન્કાર કરવામાં આવ્યો હતો.

(૯) રાહત અને પુનર્વસનની જોગવાઈમાં રાજ્ય સંપૂર્ણપણે નિષ્ફળ ગયું.

(૧૦) માધ્યમો અને અન્ય સંગઠનો સામે ઉશ્કેરણી બદલ કોઈ દંડાત્મક પગલાં લેવાયાં નહોતાં.

(૧૧) વિશ્વ હિંદુ પરિષદ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભારતીય જનતા પક્ષના કાર્યકર્તાઓનાં નામ એફઆઈઆરમાં હોવા છતાં આરોપનામાંમાંથી કાઢી નાંખવામાં આવ્યાં અને એ રીતે ફોજદારી તપાસ ઉપર ગેરવાજબી પ્રભાવ પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

સામાજિક પાયો નાંખવાની આ પ્રક્રિયામાં પોતાનો ફાળો આપ્યો છે. ૧૯૯૦ના દાયકામાં હિંદુત્વના રાજકારણની આર્થિક કરોડરજ્જુ બિન-નિવાસી ગુજરાતીઓ બની રહ્યા.

ગુજરાતમાં હિંદુત્વને મજબૂત બનાવવામાં યાત્રાઓના રાજકારણે મહત્ત્વની ભૂમિકા ભજવી. ૧૯૮૩માં ગંગાજલ એકાત્મતા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૯૯૦માં લાલકૃષ્ણ અડવાણીની અયોધ્યાની રથયાત્રા પણ સોમનાથથી શરૂ થઈ હતી. એવું એ કહેવાની ભાગ્યે જ જરૂર છે કે ચીમનભાઈ પટેલના મુખ્ય પ્રધાન પદ હેઠળ ભાજપે સત્તામાં ભાગીદારી કરી હતી. પછી તો તેણે પાછું જોવાનું રહ્યું જ નહિ.

આ હિંદુત્વની અહલેક જગાડતી આ યાત્રાઓના રાજકારણમાં અનેક પ્રકારના ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રતીકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ગંગાજળ અને રામશિલાપૂજન વગેરે તેમાં મહત્ત્વનાં હતાં. મુસ્લિમો રાષ્ટ્ર વિરોધી છે અને આપણી અંદર જ રહેલો દુશ્મન છે એવું આ માધ્યમો થકી સતત પ્રસ્થાપિત કરવામાં આવતું હતું.

**૩. ઓળખની સમસ્યા**

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે જે વલણો રહ્યાં તેનું પ્રતિબિંબ એક યા બીજા સ્વરૂપે ગુજરાતમાં પડતું રહ્યું છે. ભારતમાં વધતા જતા મધ્યમ વર્ગની આશાઓ અને આકાંક્ષાઓનું પ્રતિબિંબ નવા આર્થિક મંત્રમાં દેખાયું છે. બીજી તરફ જૂની જ્ઞાતિ અને વર્ગ આધારિત લડતો વધારે તીવ્ર, ઘાતકી અને હિંસક બનતી રહી છે. ધાર્મિક અને કોમવાદી ધોરણે ભારતના સમાજનું ધ્રુવીકરણ થયું અને સામાજિક તથા આર્થિક વિરોધાભાસો તેની અંદર દબાઈ ગયા.

લઘુમતીઓને રાષ્ટ્ર વિરોધી ગણીને તેમની બાદબાકી કરવામાં આવી. તમામ પ્રકારનો અસંતોષ અને હતાશાઓ રાષ્ટ્ર વિરોધી ગણાતી લઘુમતીઓ તરફ મંડાઈ ગયાં. તેથી સ્ત્રી-પુરુષ ભેદભાવો અને જ્ઞાતિઓ વચ્ચેના વિરોધાભાસો તરફથી ધ્યાન બીજી તરફ ખેંચાઈ ગયું. એક પ્રકારનો સમાનગુણી સર્વવ્યાપી હિંદુ સમાજ અને તેની ઓળખ ઊભી કરવાનો આ પ્રયાસ હતો.

આ માટે સાંસ્કૃતિક ઘુસણખોરી નામના ખ્યાલનો ઉપયોગ કરવામાં આવ્યો. વંશીય ઓળખને ડામી દેવામાં આવી, ઈતિહાસનું પુનર્લેખન કરવામાં આવ્યું અને ખોટી રીતે તેનું અર્થઘટન કરવામાં આવ્યું. રાષ્ટ્રીય પ્રતીકો તરીકે ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રતીકોને દાખલ કરવામાં આવ્યાં અને સમગ્ર પેઢીના માનસને એ રીતે આકાર આપવામાં આવ્યો.

સંઘ પરિવારનાં સંગઠનોએ દલિતો અને આદિવાસીઓના અધિકારો માટેની તેમની લડતનાં તમામ સ્વરૂપોને સાફ કરી નાંખવાનો પ્રયત્ન કર્યો છે. હિંદુત્વના એજન્ડમાં એ એક અનિવાર્ય ભાગ છે. દલિતો અને આદિવાસીઓમાં કામ કરવા માટે સંઘ પરિવારનાં સંગઠનોએ ખૂબ મોટા પ્રમાણમાં રોકાણ કર્યું છે એ બાબત કંઈ આશ્ચર્ય જન્માવતી નથી.

હિંદુત્વનાં પરિબળોએ હંમેશાં આંબેડકરવાદી સંવાદનો ઉપયોગ કરવાનો પ્રયત્ન કર્યો છે અને એ રીતે તેમણે દલિતોને પોતાના હિંદુત્વના એજન્ડાનો ભાગ બનાવવાનો પ્રયાસ કર્યો છે. આંબેડકરે દલિતોની ઓળખ એટલે રાજકીય ઓળખ એવું સમીકરણ તૈયાર કર્યું હતું. આ બાબત હિંદુત્વનાં મૂળ વિચાર સાથે અનિવાર્યપણે સુમેળ સાધતી નથી. તેથી એ વિચારને દબાવી દેવો એ હિંદુત્વના એજન્ડાનો ભાગ બની ગયો હતો.

આદિવાસીઓને વનવાસીઓ તરીકે ઓળખાવવામાં આવ્યા. તેમની મહિલાઓની પરંપરાગત ભૂમિકાઓને અતિશયોક્તિભરી રીતે ભવ્યતામાં દર્શાવવામાં આવી અને એ રીતે મહિલાઓની પસંદગીની સ્વતંત્રતાને મર્યાદિત કરી નાંખવામાં આવી. વનવાસી કલ્યાણ કેન્દ્ર અને સરસ્વતી શિશુ મંદિર વગેરે દ્વારા આદિવાસીઓનું સંસ્કૃતિકરણ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો અને તેને માટેનાં નાણાકીય સંસાધનો બિન-નિવાસી ગુજરાતીઓ પાસેથી પ્રાપ્ત કરવામાં આવ્યાં. આ સંદર્ભમાં 'સેવાભારતી'ની ભૂમિકા પણ અગત્યની રહી છે.

અમદાવાદમાં દલિતો અને મુસ્લિમોનો સામાજિક આર્થિક માહોલ સંપૂર્ણપણે જુદા જ પ્રકારનો રહ્યો. વૈચારિક આક્રમણ મોટા પ્રમાણમાં થતું રહ્યું. ૧૯૮૦ના દાયકામાં લગભગ ૫૦ જેટલી કાપડ મિલો બંધ પડી ગઈ અને તેને પરિણામે દલિતોની ગરીબીમાં વધારો થયો અને તેઓ અનૌપચારિક અર્થતંત્રમાં આકસ્મિક મજૂરો બની ગયા. ૧૯૮૦માં જ્યારે અનામત વિરોધી આંદોલન થયું ત્યારે મુસ્લિમોએ દલિતોને પોતાનો સંપૂર્ણ ટેકો આપ્યો હતો. તેનું કારણ એ હતું કે તેઓ કાપડ મિલોમાં સાથે કામ કરનારા હતા અને છટણીને પરિણામે તેઓ એકસરખી સમસ્યાનો સામનો કરતા હતા.

૧૯૮૦ના દાયકાના અંત સુધીમાં દલિતો અને મુસ્લિમો માટેનો આર્થિક અને રાજકીય તથા સામાજિક અવકાશ સંકોચાઈ ગયો હતો. કોમી રમખાણો મુખ્યત્વે દલિતો અને મુસ્લિમો વચ્ચેનાં રમખાણો બની ગયાં હતા. ૧૯૮૦ અને ૧૯૮૫માં જે કોમી રમખાણો થયાં તેમાં સંઘ પરિવારે હિંદુ ઓળખને આગળ ધરી અને દલિતોની હિંદુ ઓળખનો મુદ્દો સ્પષ્ટ કર્યો. દલિતોએ પોતે પણ આ ઓળખને

## હિંસાના તબક્કા, લક્ષણો અને પ્રતિરોધાત્મક પગલાં

૧૯૯૬માં જેનોસાઈડ વોચના પ્રમુખ ગ્રેગોરી સ્ટેન્ટન દ્વારા અમેરિકાના વિદેશ વિભાગ સમક્ષ એક રજૂઆતમાં વંશ નિકંદન (જેનોસાઈડ) ના આઠ તબક્કા જણાવવામાં આવ્યા હતા. તેઓ જણાવે છે કે આ તબક્કા વિશેની આગાહી કરવાનું શક્ય છે પરંતુ તેમને ભાગ્યે જ ટાળી શકાય છે. આફ્રિકાના દેશ રવાન્દામાં જ્યારે વંશ નિકંદન થયું ત્યારે તેના વિશ્લેષણના સંદર્ભમાં આ તબક્કા રજૂ કરવામાં આવ્યા હતા.

| તબક્કો | લક્ષણો | પ્રતિરોધાત્મક પગલાં |
|---|---|---|
| ૧. વર્ગીકરણ | લોકોને અમે અને તમે એમ વહેંચી નાંખવામાં આવે છે. | સર્વવ્યાપી સંસ્થાઓ વિકસાવવી જોઈએ કે જેથી આવા ભેદને અતિક્રમી જઈ શકાય. |
| ૨. પ્રતીકાત્મકતા | જે જૂથો સામે દુશ્મનાવટ છે તેમના ઉપર અમુક પ્રતીકો બેસાડી દેવામાં આવે છે અને તેમાં ધિક્કાર ભેળવવામાં આવે છે. | ધિક્કાર પ્રેરે તેવાં પ્રતીકો ઉપર પ્રતિબંધ મૂકી શકાય કે જે રીતે ધિક્કારપ્રેરક પ્રવચનો ઉપર પ્રતિબંધ મૂકી શકાય છે. |
| ૩. અમાનવીયકરણ | એક જૂથ બીજા જૂથની માનવીયતાને જ નકારે છે. આ જૂથ બીજા જૂથના સભ્યોને પ્રાણી, જંતુ કે રોગ સાથે સરખાવે છે. | સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય નેતાઓએ ધિક્કાર પ્રેરક પ્રવચનના ઉપયોગને વખોડવો જોઈએ અને સાંસ્કૃતિક રીતે તેને અસ્વીકાર્ય ગણવો જોઈએ. જે નેતાઓ આવા ધિક્કારને ઉત્તેજન આપતા હોય તેમના આંતરરાષ્ટ્રીય પ્રવાસ ઉપર પ્રતિબંધ મૂકવો જોઈએ અને તેમનાં વિદેશી નાણાં સ્થગિત કરી દેવાં જોઈએ. |
| ૪. સંગઠન | આવી હિંસા હંમેશાં સંગઠિત હોય છે. ખાસ લશ્કરી એકમોને અથવા લડાયકોને ઘણી વાર તાલીમ આપવામાં આવે છે અને તેમને શસ્ત્રો આપવામાં આવે છે. | 'સંયુક્ત રાષ્ટ્રો' દ્વારા આ પ્રકારની કતલમાં સામેલ દેશોનાં નાગરિકો અને સરકારો ઉપર શસ્ત્ર પ્રતિબંધ લાદવો જોઈએ અને પ્રતિબંધના ભંગ સામે તપાસ કરવા સામે પંચ નીમવાં જોઈએ. |
| ૫. ધ્રુવીકરણ | ધિક્કાર ફેલાવનારાં જૂથો તેમના તરફી ધ્રુવીકરણ થાય તે માટે સતત પ્રચાર કરે છે. | ઉદારમતવાદી નેતાઓને અથવા માનવ અધિકાર જૂથોને સલામતી પૂરી પાડવી જોઈએ અને સહાય પૂરી પાડવી જોઈએ. આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો લાદીને અંતિમવાદીઓનો વિરોધ કરવો જોઈએ. |
| ૬. તૈયારી | અસરગ્રસ્તોને ઓળખવામાં આવે છે અને તેમને તેમની વંશીય કે ધાર્મિક ઓળખના આધારે અલગ પાડવામાં આવે છે. | આવા તબક્કે કટોકટીની પરિસ્થિતિ જાહેર કરવી જોઈએ. |
| ૭. ઉન્મૂલન | હત્યા કરનારાઓનું ઉન્મૂલન કરવું જોઈએ કારણ કે તેઓ તેમના અસરગ્રસ્તોને મનુષ્ય ગણતા નથી હોતા. | આ તબક્કે ખૂબ જ ઝડપથી અને સબળ રીતે સશસ્ત્ર દરમ્યાનગીરીથી જ હિંસાને રોકી શકાય. સલામત વિસ્તારો ઓળખી કાઢવા જોઈએ અથવા નિર્વાસિતોને ભગાડી લઈ જઈ શકાય તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. તે ઉપરાંત, સશસ્ત્ર આંતરરાષ્ટ્રીય રક્ષણ મોટા પ્રમાણમાં ઊભું કરવું જોઈએ. |
| ૮. ઈન્કાર | ગુનો આચરનારાઓ એ બાબતનો સ્વીકાર કરતા જ નથી કે તેમણે કોઈ ગુનો કર્યો છે. | આવા ઈન્કારનો જવાબ તેમને સજા કરીને જ આપી શકાય. આ માટે આંતરરાષ્ટ્રીય અદાલતો કે રાષ્ટ્રીય સ્તરની અદાલતોની સ્થાપના પણ કરી શકાય. |

આવકારી લીધી. દલિતોને તેને પરિણામે હિંદુ સમાજમાં સામાજિક શ્રેણીગત વ્યવસ્થામાં ઉપર જવાની તક મળી એવું લાગ્યું. તેને પરિણામે તેમને એમ પણ લાગ્યું કે બ્રાહ્મણ, વાણિયા અને પાટીદાર એવા શક્તિશાળી અને સમૃદ્ધ લોકો સાથેના સંબંધોમાં પણ તેમને લાભ થશે. આ રીતે હિંદુત્વની તોપમાં દલિતોનો ગોળા તરીકે ઉપયોગ કરવાની શરૂઆત થઈ ચૂકી હતી.

આદિવાસી વિસ્તારોમાં પણ સાંસ્કૃતિક ઘૂસણખોરીનો મુદ્દો હંમેશાં આગળ પડતો રહ્યો. સંઘ પરિવારના સંગઠનોએ આદિવાસીઓમાં ધાર્મિક ધોરણે ભાગલા પાડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. ખ્રિસ્તી આદિવાસીઓ અને હિંદુ આદિવાસીઓ એવા ભાગલા પાડીને બંને વચ્ચે સંઘર્ષ કરાવવાના પ્રયાસો શરૂ થયા.

બીજી એક વ્યૂહરચના એ હતી કે અત્યાર સુધી આદિવાસીઓ જે હિંદુ તહેવારોથી અલગ હતા તે દિવાળી અને નવરાત્રી જેવા તહેવારો આદિવાસીઓ સુધી લઈ જવામાં આવ્યા. આ રીતે સાંસ્કૃતિક પ્રક્રિયા દ્વારા મુખ્ય પ્રવાહના હિંદુઓમાં આદિવાસીઓને લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આદિવાસીઓ પથરાઓ અને વૃક્ષોને પૂજતા હતા તેને બદલે હિંદુ દેવ-દેવીઓની મૃતિઓ દાખલ કરી દેવામાં આવી.

ડાંગ જેવા વિસ્તારોમાં નાતાલના સમયે હિંસાએ બહુ સામાન્ય બાબત બની ગઈ. ખ્રિસ્તી આદિવાસીઓનાં દેવળો ઉપર નાનાં ગામોમાં હુમલા સામાન્ય બાબત બની ગઈ. આમ આ સમગ્ર વ્યૂહરચનામાં હિંસા એક અગત્યનો ભાગ હતી. દર વર્ષે નાતાલ સમયે આ ખતરો તોળાતો જ હોય છે. સંઘર્ષ ઊભો કરવાના સંદર્ભમાં એક બીજી વ્યૂહરચના પણ અપનાવવામાં આવી. આદિવાસીઓ માટે ઘરવાપસી કાર્યક્રમ અપનાવવામાં આવ્યો. તેમાં ખ્રિસ્તી આદિવાસીઓને પાછા હિંદુ બનાવવા માટે કાર્યક્રમો કરવામાં આવ્યા. તેમાં એવી ધારણા કરી લેવામાં આવી હતી કે આદિવાસીઓ તો હિંદુ જ છે. આ રીતે ધીમે ધીમે મક્કમ ગતિએ સંઘ પરિવારનાં સંગઠનોએ આદિવાસી સમુદાયોમાં તેઓ જે ઈચ્છતા હતા તેવા વિરોધાભાસો ઊભા કરી દીધા. ૨૦૦૨નાં રમખાણો માટે આ રીતે પાયો તૈયાર કરી નાંખવામાં આવ્યો હતો.

### ૪. મુસ્લિમોની સ્થિતિ

૧૯૯૨માં બાબરી મસ્જિદનો નાશ કરવામાં આવ્યો તે પછી થયેલાં રમખાણોમાં મુસ્લિમો તદ્દન અલગ પડી ગયા. હિંદુ બહુમતી વિસ્તારોમાંથી મુસ્લિમોનું સ્થળાંતર અને હિંદુ બહુમતી વિસ્તારોમાં જવા માટે હિંદુઓનું સ્થળાંતર એક સામાન્ય બાબત બની ગઈ. દરેક રમખાણ પછી આ પ્રકારની પરિસ્થિત ચાલુ રહે છે.

આઘાતજનક બાબત એ છે કે મુસ્લિમ ભદ્ર વર્ગ હંમેશાં પોતાને હિંદુ બ્રાહ્મણ ભદ્ર વર્ગની સમકક્ષ માનતો રહ્યો છે. પરંતુ હિંદુઓએ તો એક દુશ્મન ઊભો કરવાનો જ હતો. મુસ્લિમો રાષ્ટ્રવિરોધી, ગુનેગારો, આંતકવાદીઓ વગેરે છે અને વિશ્વસનીય નથી એવું કહેવું જરૂર હતું. ૧૯૯૦-૯૨ના ગાળા દરમ્યાન આ પ્રક્રિયા સંપૂર્ણ થઈ ગઈ હતી. સમગ્ર પશ્ચિમ અમદાવાદમાં આવી ભદ્ર વર્ગીય માનસિકતા ધરાવતો હિંદુ વર્ગ ઊભો થઈ ગયો હતો. ભદ્ર વર્ગ સાથે સંકળાયેલાં વિવિધ લટકણિયાં અદૃશ્ય થઈ ગયા હતા. મુસ્લિમો કે હિંદુઓ આ રીતે સ્થળાંતર કરે એ બાબતે હિંદુ વર્ગ લગભગ નિશ્ચિંત હતો.

આનુ પરિણામ એ આવ્યું કે હિંદુ યુવાનોની એક એવી પેઢી ઊભી થઈ કે જેઓ મુસ્લિમો સાથે કોઈ પણ સીધો સંપર્ક ધરાવતા જ નહોતા. સંઘ પરિવારે વિવિધ ચોપાનિયાં, સીડી અને પુસ્તકો સહિતના સાહિત્ય દ્વારા મુસ્લિમ વિરોધી પ્રચાર તીવ્ર બનાવ્યો. આવાસ અલગ થઈ ગયા તેથી શૈક્ષણિક સંસ્થાઓમાં પણ તેઓ અલગ થઈ ગયા. આજે એવી બહુ ઓછી શાળાઓ છે કે જેમાં હિંદુ અને મુસ્લિમ વિદ્યાર્થીઓ સાથે અભ્યાસ કરતા હોય.

૧૯૯૨માં જે રમખાણો બાબરી મસ્જિદના વિધ્વંસ પછી થયાં તે અનેક રીતે ૨૦૦૨માં થયેલાં કોમી રમખાણોનું રિહર્સલ હતાં. કોઈ એક જ કોમ સામેની ભયાનક હિંસાનો મૂળભૂત સિદ્ધાંત સુરતમાં તે વખતનાં રમખાણોમાં દેખાયો હતો. બાળકોની હત્યા, સામુહિક બળાત્કાર, પોલિસની સામેલગીરી, નિર્દયતા અને એ બધા વિશે આનંદ વગેરે જાણે કે એક નાની પ્રયોગશાળા તરીકે સુરતમાં અસ્તિત્વમાં આવ્યાં હતાં. ૨૦૦૨માં એ બધું જ મોટા પાયા પર થયું હતું. હિંસાને પરિણામે જે રાજકીય લાભો પ્રાપ્ત થયા તે હિંદુત્વવાદી વિચારધારા માટે બહુ જ સ્પષ્ટ હતાં. ૧૯૯૦ની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ બૂરી રીતે હારી હતી. ૧૯૯૧માં લોકસભામાં પણ ભાજપને મોટો વિજય પ્રાપ્ત થયો હતો અને કોંગ્રેસ હજુ પણ પોતાનું સ્થાન પાછું મેળવી શકી નથી.

જેને દુશ્મન માનવામાં આવે છે તેની સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ તેનું રિહર્સલ આ રીતે સુરતમાં થઈ ચૂક્યું હતું. હિંસા અને ધિક્કારનું રાજકીય મૂલ્ય પ્રસ્થાપિત થઈ ચૂક્યું હતું. તે સમજવામાં આવ્યું હતું અને તેનો અનુભવ કરવામાં આવ્યો હતો. સંપૂર્ણ રાજકીય સત્તા સાથે હવે તેનો વ્યવહાર બાકી હતો જે ૨૦૦૨માં થયેલાં રમખાણો દરમ્યાન જોઈ શકાય છે. હિંદુત્વને આધારે કેવી રીતે લોકોને એકત્ર કરી શકાય તેના જે પાઠ શીખવા મળ્યા હતા તેનો અમલ નરેન્દ્ર મોદીની સરકારે ૨૦૦૨માં સમગ્ર ગુજરાતમાં મોટા પાયા ઉપર કર્યો.

## ઉપસંહાર

આ લેખમાં ગુજરાતમાં છેલ્લા કેટલાક દાયકાઓ દરમ્યાન રાજકારણમાં સંઘર્ષને કેવી રીતે સંસ્થાગત સ્વરૂપ આપવામાં આવ્યું તેનો તંતુ મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. રાજકારણમાં ખરા સંઘર્ષથી ધ્યાન બીજે દોરવાનો અને તેને ટાળવાનો પડકાર હંમેશા હોય છે. બહુમતી પ્રજાને સતત પદ્ધતિસર બાકાત રાખીને આ પ્રકારનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ઉચ્ચ જ્ઞાતિના લોકોનું વર્ચસ્વ હંમેશાં રહ્યું છે અને તેને પડકારવા માટે વિવિધ પ્રકારના રસ્તાઓ અપનાવવામાં આવ્યા છે. 'ખામ' સિદ્ધાંતને અનુસરીને લોકરંજનકારી રાજકારણ અપનાવવામાં આવ્યું. ઉદ્યોગીકરણ અને શહેરીકરણથી ઊભી થયેલી અસમાનતાઓ તેમાં છૂપાઈ ગઈ. ૧૯૮૦ના દાયકામાં અનામત વિરોધી આંદોલનોએ બાદબાકી પામેલા સમુદાયોના જે ચૂંટણીગત લાભો હતા તે ધોઈ નાંખ્યા. એ જ રીતે હિંદુત્વને નામે જે સંયોજન અસ્તિત્વમાં આવ્યું તેને એક આગવી ઓળખ ઊભી કરી અને કોઈ એક જ સમુદાયને લક્ષમાં રાખીને દુશ્મનનું સર્જન કર્યું.

દેખીતી રીતે જ હિંદુત્વનો તર્ક ૨૦૦૨માં ચૂંટણીમાં સફળ રીતે કામ લાગ્યો પરંતુ આંતરિક વિરોધાભાસો હજુ પણ પાર્શ્વભૂમિમાં ખદબદે છે. નવ-ઉદારમતવાદી એજન્ડા આગળ ધપાવવાનો પડકાર ઊભો જ છે અને તેથી વાયબ્રન્ટ ગુજરાતને નામે લોકોને વિકાસનાં સપનાં વેચવામાં આવે છે. ૨૦૦૭ની ચૂંટણીઓએ વધારે વખત એમ સાબિત કર્યું છે કે દુશ્મન ઉપર વિજય મેળવવાનું હિંસા થકી શક્ય છે અને તે માટે વિકાસનું ગાણું ગાવું પડે.

ગુજરાત સરકાર દ્વારા ચૂંટણીના રાજકારણમાં એમ સિદ્ધ કરવામાં આવ્યું કે શુદ્ધ વિચારધારાનો કશો અર્થ નથી. આરએસએસ અને વિશ્વ હિંદુ પરિષદની જે શુદ્ધ હિંદુત્વ વિચારધારા છે તેનો સંદતર ઈન્કાર કરીને પણ ચૂંટણીમાં સિદ્ધી પ્રાપ્ત કરી શકાય એમ માનવામાં આવે છે. એ વધારે ને વધારે સ્પષ્ટ થઈ રહ્યું છે કે આંતરિક અને બાહ્ય સંઘર્ષની વ્યૂહરચના વિના નવ-ઉદારમતવાદી એજન્ડાને અમલ કરી શકાય તેમ નથી એવું ગુજરાત સરકાર સ્પષ્ટપણે પ્રસ્થાપિત કરવા માંગે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આવાં અનેક ઉદાહરણો મળી શકે તેમ છે.

**પૃષ્ઠ ૮નું શેષ**

ધર્મનિરપેક્ષતાને પ્રોત્સાહન ન આપી શકીએ પરંતુ આપણી તમામ પ્રવૃત્તિઓમાં તેનું સંકલન થવું જોઈએ.

૯. **રાજ્યનું ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરવું અને તેની અદંડનીયતાને પડકાર ફેંકવો**

માનવ અધિકારોના કોઈ પણ ભંગ માટે રાજ્ય સીધી રીતે જવાબદાર હોય છે. ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં ફોજદારી ન્યાયની વ્યવસ્થા સંપૂર્ણપણે ભાંગી પડી હોય તે આપણે જોયું છે. આપણા ફોજદારી કાયદાઓ સામૂહિક ગુનાઓના કિસ્સામાં ન્યાય પૂરો પાડવા માટે અપૂરતો છે. કોઈ પણ બહુત્વવાદી સમાજ માટે એ ખૂબ જ અગત્યની અને અનિવાર્ય બાબત છે કે તમામ લઘુમતીઓને ન્યાયતંત્રમાં શ્રદ્ધા હોય. આપણે સામૂહિક રીતે રાજ્યની અદંડનીયતાને પડકાર ફેંકવો જોઈએ.

૧૦. **આંતરરાષ્ટ્રીય શાંતિ અને ન્યાયને પ્રોત્સાહન**

દુનિયાભરમાં જે ઘટનાઓ બની રહી છે તેની આપણા સમાજ ઉપર જે અસર પડી રહી છે તેને અવગણી શકીએ નહિ. એ એક હકીકત છે કે અમેરિકાની ૯/૧૧ની ઘટના પછી દુનિયાભરમાં મુસ્લિમો સામે શંકાઓ થઈ રહી છે. આપણે તમામ પ્રકારની હિંસાને વખોડી નાખીએ એ અત્યંત મહત્ત્વનું છે. શાંતિપૂર્ણ સમાધાનો અને વાટાઘાટોના સંસ્કારોને આપણે પ્રોત્સાહન આપીએ અને તે માટે સખત પરિશ્રમ કરવાની જરૂર છે. એને માટે આપણે સંઘર્ષો સામે મક્કમ વલણ અપનાવવા આંતરરાષ્ટ્રીય તંત્રને મજબૂત કરવાની જરૂર છે.

અલબત્ત, વ્યૂહરચનાઓની આ કંઈ સર્વગ્રાહી યાદી નથી. આપણે અનેક વ્યૂહરચનાઓ ખોજવાનું અને વિચારોની બહુલતાને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખવું પડશે. સંસ્કૃતિઓ, ધર્મો અને અભિવ્યક્તિઓ વગેરેની બહુલતાને પ્રોત્સાહન આપવા માટે પણ એમ જ કરવું પડશે. અન્યથા ઈતિહાસ એની સાક્ષી પૂરે છે કે અલગાવ, બાદબાકી અને સીમાન્તીકરણની સાતત્યપૂર્વકની લાગણીઓ કોઈ પણ સમાજ માટે ખતરનાક ભવિષ્યને નિમંત્રે છે.

આ વ્યૂહરચનાઓના અમલમાં એક સૌથી મહત્ત્વનું પાસું એ છે કે આપણી પાસે જાગૃત, ધબકતાં અને સંવેદનશીલ નાગરિક સમાજ અને રાજ્ય હોવાં જોઈએ. ગુજરાતમાં બન્યું છે તેમ જ્યારે નાગરિક સમાજનું કોમવાદી ધોરણે સીમાન્તીકરણ થઈ જાય છે ત્યારે નાગરિક સમાજ અને રાજ્યનાં માનસ, વલણો અને વર્તનને બદલવાનું ભગીરથ કાર્ય આપણે કરવું પડશે. આ જવાબદારી ઉઠાવવા માટે આપણે અનેક લોકોનાં દિલોદિમાગની જરૂર પડશે. અલબત્ત, આપણે સમજીએ છીએ કે આ બાબત સમય માગી લે તેવી છે અને આપણે ખૂબ જ ધીરજ રાખવી પડશે.

# સાંપ્રત પ્રવાહ

## જમીન સંપાદનઃ વિસ્થાપન અને અસરગ્રસ્તો

વડોદરામાં રોઝરી સ્કૂલનાં હોલમાં 'લેન્ડ એક્વિઝિશન, ડિસ્પ્લેસમેન્ટ એન્ડ રિસેટલમેન્ટ ઈન ગુજરાત' નામક પુસ્તકનું વિમોચન તા.૧૪.૪.૦૯ના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જમીન સંપાદનથી થતું વિસ્થાપન અને તેના અસરગ્રસ્તો વિશે એક ચર્ચા ગોઠવવામાં આવી હતી. આ કાર્યક્રમનો પ્રારંભ 'સેન્ટર ફોર કલ્ચર એન્ડ ડેવલપમેન્ટ'ના નિયામક પ્રો. લેન્સી લોબોએ કર્યો હતો. તેમણે સેન્ટરની વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો અને હાથ ધરવામાં આવેલાં સંશોધનોની વિગતો આપી હતી.

ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ નાણાં પ્રધાન શ્રી સનતભાઈ મહેતાએ આ પુસ્તકનું વિમોચન કર્યું હતું. તેમણે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં આ પ્રકારની કોઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ ન હતી. એવી માહિતીને આ પુસ્તકમાં સુંદર રીતે સમાવીને એક મોટી સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. જમીન સંપાદન વિશે લોકસભામાં એક ખરડો પસાર કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું હતું કે આ અભ્યાસ સામાજિક કર્મશીલો, નીતિ ઘડનારાઓ અને વિકાસલક્ષી કાર્ય કરનારાઓને ઉપયોગી થશે.

સામાજિક કર્મશીલ અને 'નયા માર્ગ'ના તંત્રી શ્રી ઈન્દુકુમાર જાનીએ કહ્યું હતું કે આ પુસ્તકમાં અધિકૃત માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં ૧૯૪૭થી ૨૦૦૪ના સમયગાળા દરમ્યાન સરકારે જે ૮૦,૦૦૦ જાહેરનામાં બહાર પાડ્યાં છે તેમનો ઉપયોગ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે. માહિતી અધિકાર ધારાનો ઉપયોગ કરીને ઘણી માહિતી મેળવવામાં આવી અને એ આ પુસ્તકમાં સમાવવામાં આવી છે. દેશનાં અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં છેલ્લાં ૬૦ વર્ષના ગાળા દરમ્યાન કદાચ સૌથી વધારે લોકો વિસ્થાપિત થયાં છે. કુલ વસ્તીના ૫ ટકા લોકો વિસ્થાપિતો છે અને તેમાં સૌથી મોટો હિસ્સો આદિવાસીઓનો છે. પછાત વિસ્તારોમાં સૌથી વધારે જમીન સંપાદન થયું છે. વિકાસની યોજનાઓને કારણે કરવું પડતું ફરજિયાત સ્થળાંતર વિનાશ તરફ દોરી જાય છે અને તેનો ભોગ ગરીબો અને વંચિતો જ બને છે.

તેમણે વધુમાં એમ કહ્યું હતું કે માધ્યમો આ પુસ્તક વિશે ચર્ચા છેડીને વિકાસની નવી યાત્રાની શરૂઆત કરે. દરેક વિસ્તારની અલગ અલગ નોંધ કરીને એજન્ડા બનાવે તથા વિકાસનાં કયાં કયાં કામો થઈ શકે તેમ છે તેની રજૂઆત કરે. વિસ્થાપિતોને ન્યાય મળે તે માટે ખાસ જૂથો આગળ આવે. રાજકીય ઈચ્છાશક્તિ હોય તો જ આ પ્રકારનાં કામો થઈ શકે છે.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્રના પ્રાધ્યાપક અને સંશોધક પ્રો. પ્રિયવદન પટેલે જણાવ્યું કે આ પુસ્તકમાં વિસ્થાપનની સમસ્યા અંગે વસ્તુનિષ્ઠ રૂપરેખા આપવામાં આવી છે. તેમણે આ અભ્યાસના હેતુઓ અને પદ્ધતિઓ વિશે વિશદ છણાવટ કરી હતી. વિકાસને કારણે અસર થઈ હોય અને વિકાસના નામે જે કામો થયાં હોય તેમની ચર્ચા તેમણે કરી હતી.

ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ ડેવલપમેન્ટ રિસર્ચનાં પ્રો. અમીતાબહેન શાહે ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યું હતું કે જમીનના પ્રશ્નો માનવ જીવનના અસ્તિત્વથી ઉદભવ્યા છે. જમીન સંપાદન માટે પદ્ધતિસરના પ્રયત્નો કરવામાં આવ્યા નથી. વિકાસના નામે સમાનતા, સ્વતંત્રતા અને સાંસ્કૃતિક જોડાણ સાથે સંબંધિત એવા પ્રશ્નો વિશે વિચારવું જોઈએ. જમીનનો પ્રશ્ન આર્થિક વૃદ્ધિથી અલગ પ્રકારનો પ્રશ્ન છે. સિંચાઈ માટે કેટલી જમીન જરૂરી છે તેના અભ્યાસો થવા જોઈએ. વિવિધ યોજનાઓના નામે વ્યાપક ખર્ચ કરવામાં આવે છે અને અનેક પ્રકારના પ્રશ્નો ખાસ કરીને જમીન સંપાદન તથા ગરીબી સાથે સંબંધિત એવા પ્રશ્નો ઊભા થાય છે અને વિવાદો પણ ઊભા થાય છે.

આ સંશોધન અભ્યાસમાં કેટલા લોકોએ જમીન ગુમાવી છે અને કેટલું વળતર ચૂકવવામાં આવ્યું છે તેની તુલના કરવામાં આવી છે. આ ઉપરાંત, નમૂનારૂપ ઉત્તરદાતાઓની પસંદગી કરીને ૧૩૯ ગામોની માહિતી મેળવવામાં આવી છે અને તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ પુસ્તકનું આમુખ ડો. ઘનશ્યામ શાહે લખ્યું છે. તેમણે એવી આશા વ્યક્ત કરી હતી કે આ પુસ્તક સ્વર્ણિમ ગુજરાત માટે ઉપયોગી બનશે. આ પ્રસંગે સંશોધકો, સામાજિક કાર્યકરો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પુસ્તકનું પ્રાપ્તિસ્થાનઃ સેન્ટર ફોર કલ્ચર એન્ડ ડેવલપમેન્ટ, એક્સટીઆઈ કેમ્પસ, સેવાસી પોસ્ટ, વડોદરા ૩૯૧ ૧૦૧. ફોનઃ ૦૨૬૫-૨૩૭૧૩૫૪. ઈમેલઃ drlancylogo@yahoo.com

## રમખાણગ્રસ્તોના પુનર્વસનમાં નાગરિક સમાજની ભૂમિકા

અમદાવાદમાં તા.૧૪.૩.૦૯ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ખાતે ગુજરાતમાં ગોધરા પછીનો સુમેળઃ નાગરિક સમાજની ભૂમિકા વિશે એક વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. સ્ફિયર (ઈન્ડિયા), ઈન્ટર એજન્સી ગ્રૂપ (ગુજરાત) અને ઉન્નતિના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં પ્રો. ટી. કે. ઉમેન દ્વારા ઉપરોક્ત વિષય વિશે વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.




શ્રી ટી. કે. ઉમેન જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીના એમિરિટસ પ્રોફેસર છે અને તેઓ વડા પ્રધાન દ્વારા નીમવામાં આવેલી સાચર સમિતિના સભ્ય હતા. તેમણે 'રિકન્સિલિએશન ઈન પોસ્ટ ગોધરા ગુજરાતઃ ધ રોલ ઓફ સિવિલ સોસાયટી' નામે લખેલા પુસ્તકનું વિમોચન પણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું.

કેર ઈન્ડિયા દ્વારા ગુજરાતમાં ગોધરા પછીનાં રમખાણો બાદ ગુજરાત હાર્મની પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટમાં ૧૦ બિન-સરકારી સંગઠનોએ ભાગ લીધો હતો અને તેમણે વિવિધ સમુદાયો વચ્ચે શાંતિ અને સુમેળની પુનર્સ્થાપના માટે જે પ્રયાસો કર્યા તેમનું આલેખન આ પુસ્તકમાં શ્રી ટી. કે. ઉમેન દ્વારા કરવામાં આવ્યું છે. (આ પુસ્તકની સમાલોચના સંદર્ભ સાહિત્યમાં આપવામાં આવી છે.)

આ પ્રસંગે ઈરમાના અધ્યક્ષ અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન ડો. વાય. કે. અલઘ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગુજરાતમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલા અમન અને શાંતિ માટેના પ્રયાસોની પ્રશંસા કરી હતી અને આ પ્રકારના પ્રયાસો સતત ચાલુ રહે તેને માટે હાકલ કરી હતી. આ પ્રસંગે સ્ફિયર ઈન્ડિયાના શ્રી એન. એમ. પૃસ્તિ અને ઈન્ટર એજન્સી ગ્રૂપના શ્રી મયંક જોષીએ પણ હાજરી આપી હતી. અગ્રણી નાગરિકોની હાજરીમાં યોજાયેલા આ સમારંભમાં સામુદાયિક વિખવાદ અને ધાર્મિક અસહિષ્ણુતાના ઉકેલો સુમેળ અને સમાધાનથી આવે તે બાબત ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

## સામાજિક અન્વેષણ વિશે રાષ્ટ્રીય પરામર્શ સભા

તા.૧૮-૧૯ માર્ચ ૨૦૦૯ના રોજ હૈદરાબાદ ખાતે રાષ્ટ્રીય ગ્રામ વિકાસ સંસ્થાનમાં સામાજિક અન્વેષણ વિશે એક રાષ્ટ્રીય પરામર્શ સભા યોજવામાં આવી હતી. 'પ્રિયા' દ્વારા યોજવામાં આવેલી આ પરામર્શ સભામાં આંધ્ર પ્રદેશના ગ્રામ વિકાસ વિભાગના મુખ્ય સચિવ શ્રી એન. રાજુએ આંધ્ર પ્રદેશમાં સામાજિક અન્વેષણમાં સરકારની સામેલગીરી કેવી રહી છે તેની રજૂઆત કરી હતી. સામાજિક અન્વેષણ હાથ ધરવા માટે રાજ્ય સ્તરની ૪૦ અને જિલ્લા સ્તરની સ્વતંત્ર એવી ૪૪૦ ટુકડીઓ તૈયાર કરવામાં આવી છે એમ તેમણે જણાવ્યું હતું. આંધ્ર પ્રદેશ સરકારે રાષ્ટ્રીય ગ્રામીણ બાંયધરી યોજના વિશેની તમામ માહિતી સામે ચાલીને જાહેર કરવામાં આવશે એ મતલબનો એક ખાસ સરકારી ઠરાવ કરેલો છે. અત્યાર સુધીમાં આ પ્રકારનાં ૫૦૦૦ સામાજિક અન્વેષણો હાથ ધરાયાં છે. તેમને અંગેની વિગતો nrega.ap.gov.in અને rd.ap.gov.in ઉપર જોઈ શકાય છે.

એક વાર પંચાયત સ્તરનું ઓડિટ હાથ ધરવામાં આવે તે પછી ઉપરોક્ત વેબસાઈટ ઉપર તેની વિગતો મૂકવામાં આવે છે. જ્યારે ૬-૭ ગામોનું સામાજિક અન્વેષણ હાથ ધરાઈ જાય ત્યારે તે અંગે જિલ્લા સ્તરની જનસુનાવણી હાથ ધરવામાં આવે છે અને ફરિયાદોનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અત્યાર સુધીમાં અમલ કરનારી સંસ્થાઓ પાસેથી રૂ.૨.૫ કરોડની વસુલાત કરવામાં આવી છે. આ પરામર્શ સભામાં એ બાબત સાથે સર્વસંમતિ સધાઈ હતી કે સરકારના ટેકા વિના અને તે અંગેનું ક્ષમતાજનક તંત્ર ઊભું ન થાય તો સામાજિક અન્વેષણ હાથ ધરી શકાય નહિ. આ પરામર્શ સભામાં જે મહાનુભાવો હાજર રહ્યા હતા તેમાં આંધ્ર પ્રદેશ સરકારના ભૂતપૂર્વ મુખ્ય સચિવ શ્રી કે. માધવરાવ, સેન્ટર ફોર એન્વાર્યન્મેન્ટ કન્સર્ન્સના નિયમાક શ્રી કે. એસ. ગોપાલ, ભારત સરકારના ઓડિટ અને એકાઉન્ટ વિભાગના સંયુક્ત સચિવ શ્રી અમિતાભ મુખોપાધ્યાય, કાસાના કાર્યક્રમ વડા શ્રી જયંતકુમાર, ગુજરાતના ગ્રામ વિકાસ વિભાગના કમિશનર અને મુખ્ય સચિવ સુશ્રી રીટા તિઓટિયા, પ્રિયાના પ્રમુખ ડો. રાજેશ ટંડન વગેરેનો પણ સમાવેશ થતો હતો.

આ પરામર્શ સભામાં ચર્ચાઓ બાદ જે મુખ્ય ભલામણો તૈયાર કરવામાં આવી તે નીચે મુજબ છેઃ

**સામાજિક અન્વેષણનો ખ્યાલ અને કાર્યક્ષેત્ર**

૧. સામાજિક અન્વેષણ મહત્તમ પારદર્શિતા અને આમ આદમીની સહભાગિતા દ્વારા સામાજિક સ્વરૂપનું હોવું જોઈએ.
૨. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના સિવાય પણ સામાજિક અન્વેષણનો અમલ થવો જોઈએ.
૩. માત્ર અમલના તબક્કે નહિ પણ તમામ તબક્કે સામાજિક અન્વેષણ હાથ ધરાવું જોઈએ.

**તાલીમની જરૂરિયાતો**

૧. વિવિધ સ્તરે હિતધારકોને આ પ્રક્રિયા પ્રત્યે અભિમુખ બનાવવા માટે તાલીમ અંગેના મોડ્યુલ ઊભાં કરવાં જોઈએ.
૨. સમગ્ર પ્રક્રિયા વિશે તાલીમ અપાવી જોઈએ.
૩. પ્રશિક્ષકોની એક કેડર ઊભી કરવી જોઈએ.

**સામાજિક અન્વેષણનો વ્યવહાર**

૧. આ પ્રક્રિયા હાથ ધરતી વખતે જો પ્રતિકાર અને હિંસા થતાં હોય તો એ સમસ્યાનો ઉકેલ લાવવાની જરૂર છે.
૨. જ્યાં સામાજિક અન્વેષણ ખતરાને બદલે તક તરીકે જોવામાં આવતું હોય ત્યાં સક્ષમતા ઊભી કરનારું વાતાવરણ ઊભું કરવું જોઈએ નાગરિકોની ભાગીદારી માટે રક્ષણાત્મક અવકાશ ઊભો કરવો જોઈએ.
૩. સમયબદ્ધ અનુવર્તી કાર્ય હાથ ધરાવું જોઈએ અને આવાં પગલાંની જાણ સમુદાયને હોવી જોઈએ. સામાજિક અન્વેષણના અહેવાલો પછી પગલાં અહેવાલો તૈયાર કરાવા જોઈએ અને તેમાં અગાઉના અહેવાલને આધારે જે પગલાં લેવાયાં હોય તેમની વિગતો હોવી જોઈએ.
૪. સમગ્ર પ્રક્રિયા સરળ અને આસાન બનાવવી જોઈએ કે જેથી નાગરિકોની સમજ અને તેમની સામેલગીરીમાં વધારો થાય.
૫. સામાજિક અન્વેષણ વિશે વધારે ફેરફારક્ષમ અભિગમ દર્શાવવો જોઈએ અને હાજરી પત્રકો સિવાયના પ્રશ્નો ઉપર પણ ધ્યાન અપાવું જોઈએ.
૬. ફરિયાદ નિવારણ વ્યવસ્થા ઊભી કરવી જોઈએ અને તેને મજબૂત કરવી જોઈએ.
૭. સમગ્ર પ્રક્રિયા યોગ્ય છે કે કેમ તે નક્કી કરવા માટે ગુણાત્મક અને જથ્થાત્મક નિર્દેશકો વિકસાવવા જોઈએ.
૮. સમગ્ર પ્રક્રિયાની દસ્તાવેજીકરણ કરવું જોઈએ અને તમામ અહેવાલો લોકો માટે ખુલ્લા હોવા જોઈએ.
૯. દરેક સ્તરે સામાજિક અન્વેષણના કાર્યક્રમોનું સમયપત્રક અગાઉથી તૈયાર થવું જોઈએ.

**નાગરિકોની સામેલગીરી અને સહભાગિતા**

૧. સમગ્ર પ્રક્રિયામાં ગ્રામ સભા કેન્દ્રમાં રહેવી જોઈએ અને નાગરિકોએ તેમાં કેન્દ્રીય ભૂમિકા ભજવવી જોઈએ.
૨. સરકારી અધિકારીઓ અને નિરીક્ષકોની હાજરી ગ્રામ સભા અને જાહેર સુનાવણીઓમાં હોય તેનું ધ્યાન રાખવું જોઈએ.
૩. સમગ્ર પ્રક્રિયામાં સમાજના સૌથી વંચિત વર્ગોની ભાગીદારી અને પ્રતિનિધિત્વ જળવાય. સમગ્ર પ્રક્રિયાની અસરકારકતાના નિર્દેશક તરીકે આ બાબતને ગણવી જોઈએ.
૪. બહારની સંસ્થાઓ અને નિષ્ણાતો સામાજિક અન્વેષણ હાથ ધરે તેને બદલે સમગ્ર પ્રક્રિયાને વધારે સ્થાનિક બનાવવા ઉપર ધ્યાન આપવું જોઈએ.
૫. પ્રક્રિયામાં યુવાનોનાં જૂથોને સામેલ કરવા માટે નહેરુ યુવક કેન્દ્રોને પણ સામેલ કરી શકાય.
૬. જિલ્લા સ્તરે જે સંસાધન ટુકડી હોય તેમાં યુવાનો ભાગીદાર થવા જોઈએ.
૭. આ ક્ષેત્રના નિષ્ણાતોને સામેલ કરવા માટેની પ્રક્રિયા સફળ રીતે ચલાવવી જોઈએ કે જેથી તેમના નિષ્ણાતપણાનો ઉપયોગ કરી શકાય.
૮. વિભિન્ન રાજ્યો વચ્ચે અનુભવોની આપ-લે થાય તેવી પ્રક્રિયા હોવી જોઈએ.
૯. વિવિધ સ્તરોએ ઊભા થયેલા અનુભવોએ અને વિવિધ ક્ષેત્રોમાં થયેલા અનુભવોનું સંકલન કરવું જોઈએ.

**સામાજિક અન્વેષણની પ્રક્રિયાનું સંસ્થાકરણ**

૧. સામાજિક અન્વેષણની પ્રક્રિયાને ટકાઉ બનાવવા માટે તેનું સંસ્થાકરણ કરવું જરૂરી છે.
૨. સામજિક ઓડિટ મિશન કે ફોરમ કે વિભાગ જેવી સ્વતંત્ર સંસ્થા રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા સ્તરે રચાવી જોઈએ. તેની પાસે અલગ બજેટ હોય અને તે આ પ્રક્રિયા ઉપર દેખરેખ રાખે અને તેનું નિયમન કરે.
૩. સામાજિક અન્વેષણ માટે નેટવર્ક ઊભું કરવાની જરૂર છે.
૪. રાજ્ય, નાગરિક સમાજનાં સંગઠનો અને નાગરિકોની ભૂમિકા વ્યક્તિગત રીતે સ્વીકારાવી જોઈએ. તેમની વચ્ચે પારસ્પરિક સહયોગ હોવો જોઈએ.
૫. સામાજિક અન્વેષણનાં નાણાકીય અને ટેક્નિકલ પાસાં ઉપર વિશેષ ધ્યાન આપવું જોઈએ.
૬. પંચાયત સ્તરે માહિતીની આપોઆપ જાહેરાત થાય તે માટે પગલાં લેવાવાં જોઈએ.
૭. સરકાર નાગરિકો સાથે સંબંધિત એવી સમસ્યાઓ વિશે જે રીતે અપનાવે છે તેમાં મૂળભૂત પરિવર્તન આવવું જોઈએ.
૮. સામાજિક અન્વેષણના અહેવાલોને અદાલતોમાં અને ખાસ કરીને લોક અદાલતોમાં પુરાવા તરીકે સ્વીકારવા જોઈએ.
૯. સામાજિક અન્વેષણ તમામ યોજનાઓમાં હાથ ધરવા માટે ગ્રામ સભા માટે ભંડોળની ફાળવણી કરવી જોઈએ.

# સંદર્ભ સાહિત્ય


## રિકન્સિલિયેશન ઈન પોસ્ટ-ગોધરા ગુજરાત

આ અંગ્રેજી પુસ્તક બે ભાગમાં વહેંચાયેલું છે. આ પુસ્તક ગોધરાની ઘટના પછી ગુજરાતમાં થયેલા કોમી રમખાણોના સંદર્ભમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા થયેલા સમાધાન અને સુમેળના પ્રયાસોનું આલેખન કરે છે. પ્રથમ ભાગમાં ભારતમાં આવા સમાધાન માટેનું સામાજિક સ્થાપત્ય શું છે, વર્તમાન ગુજરાતનું સામાજિક અને રાજકીય ચિત્ર શું છે અને ગુજરાતમાં ૨૦૦૨માં થયેલાં રમખાણોમાં કેવા પ્રકારની પરિસ્થિતિ ઊભી થઈ તેનું ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત 'ગુજરાત હાર્મની પ્રોજેક્ટ' દ્વારા નાગરિક સમાજ મારફતે જે દરમ્યાનગીરીઓ કરવામાં આવી તેનું ચિત્ર પણ દોરવામાં આવ્યું છે.

દાતા સંસ્થા 'કેર' દ્વારા 'ગુજરાત હાર્મની પ્રોજેક્ટ'માં ત્રણ બાબતો ધ્યાનમાં લેવામાં આવી હતીઃ (૧) તત્કાળ રાહત (૨) જીવન નિર્વાહની પુનર્સ્થાપના (૩) સામાજિક સુમેળ. આ ત્રણેય મુદ્દાના સંદર્ભમાં 'કેર' દ્વારા અને અન્ય સંગઠનો દ્વારા જે કાર્યો કરવામાં આવ્યાં તે વિશેની વિગતો આ પુસ્તકમાં આપવામાં આવી છે.

બીજા ભાગમાં 'અવાજ' અને 'ઓળખ', 'સેન્ટર ફોર ડેવલપમેન્ટ', 'ગુજરાત સાર્વજનિક વેલ્ફર ટ્રેસ્ટ' અને 'સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી', 'કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ', 'સમર્થ' અને 'સંચેતના', 'સાથ', 'ત્રિભુવનદાસ ફાઉન્ડેશન' અને 'સાથ' તથા 'નિમ્હાન્સ' સંસ્થાઓ દ્વારા સુમેળ અને સમાધાનની ભૂમિકા ઊભી કરવા માટે કરવામાં આવેલા પ્રયાસોનું આલેખન કરવામાં આવ્યું છે.

પુસ્તકના અંતે આ પ્રયાસોમાંથી જે પદાર્થપાઠ શીખવા મળ્યા છે તેને વિશે વાત કરવામાં આવી છે. પુસ્તક એમ જણાવે છે કે જે સંગઠનોએ આ પ્રયાસ કર્યો હતો તે સંગઠનો એમ માને છે કે ઐતિહાસિક હકીકતોના સંદર્ભમાં જે માન્યતાઓ પ્રવર્તે છે તેમનો પ્રતિકાર કરવો આવશ્યક છે. સંવાદની ભૂમિકા ઊભી થાય તે માટે કાર્યશાળાઓ, બેઠકો અને શિબિરો યોજવામાં આવ્યા હતા. એ ઉપરાંત ક્રિકેટ મેચ, ધાર્મિક ઉત્સવોની સામૂહિક અને સંયુક્ત ઊજવણી, અમનભોજન વગેરે બાબતોએ પારસ્પરિક વિશ્વાસ અને સહિષ્ણાતુંનું વાતાવરણ સર્જ્યું હતું. એમ શીખવા મળ્યું કે ભૂતકાળના પ્રશ્નોને અવગણવાને બદલે સંઘર્ષના નિવારણમાં જે દરમ્યાનગીરીઓ કરવામાં આવે તેમાં




ભૂતકાળની વિશ્વસનીય બાબતો અને અર્થઘટનો ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.


એમ પણ શીખવા મળ્યું કે સહિયારા ભૂતકાળ ઉપર વધુ ધ્યાન આપવું જોઈએ અને ઘાતકી વર્તમાનને ભૂલી જઈને સહિયારા ભવિષ્ય ઉપરની આશાઓને પિછાણવી જોઈએ. એમ પણ જાણવા મળ્યું કે અમુક સમુદાયને બદનામ કરવા માટે અને તેને ખરાબ ચિતરવા માટે જે પદ્ધતિઓ અપનાવવામાં આવે છે તેમનો પ્રતિકાર કરવા માટે શિક્ષણ એક મહત્ત્વનું સાધન બની શકે છે. શિક્ષણ શાસ્ત્રમાં એક નવા અભિગમ તરીકે શિક્ષણ દ્વારા સુમેળને અપનાવવો જોઈએ. જીવન કૌશલ્યનો આ અભિગમ વધારે મહત્ત્વનો છે એવું જણાયું છે.

જુદા જુદા સમુદાયો વચ્ચે જે કંઈ તનાવો ઉત્પન્ન થાય છે તેમાં સૌથી વધારે અસર મહિલાઓને થાય છે. તેથી જ્યારે શાંતિના પ્રયાસોમાં મહિલાઓ સક્રિય ભૂમિકા ભજવે છે ત્યારે તે વધારે શાંતિજનક બને છે. આ પુસ્તકમાં લેખકે કોમી હિંસાની ગતિશિલતાનું વિશ્લેષણ કર્યું છે અને ઐતિહાસિક સંદર્ભમાં રમખાણોને મૂક્યાં છે. સમાવેશી સમાજ ઊભો કરવા માટે 'ગુજરાત હાર્મની પ્રોજેક્ટ'ના નેજા હેઠળ સ્વૈચ્છિક સંગઠનોએ જે પ્રયાસો કર્યા છે અને તેમણે જે પડકારોનો સામનો કર્યો છે તેનું વર્ણન પણ આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે. ખાસ કરીને અસરગ્રસ્તોના પુનર્વસન માટે જે નવતર પ્રયાસો કરવામાં આવ્યા અને માનસિક શાતાલેપન કરવામાં આવ્યું તે નોંધનીય છે.

લેખકઃ ટી.કે. ઉમેન, પ્રકાશકઃ પિયર્સન એજ્યુકેશન ઈન સાઉથ એશિયા, ૧૪, લોકલ શોપિંગ સેન્ટર, પંચશીલ પાર્ક, નવી દિલ્લી ૧૧૦ ૦૧૭. કિ. રૂ.૬૨૫.

## સાચર સમિતિનો અહેવાલ

વડા પ્રધાનની કચેરી દ્વારા ૨૦૦૫માં ભારતના મુસ્લિમોની આર્થિક, શૈક્ષણિક અને સામાજિક સ્થિતિ વિશેનો અહેવાલ આપવા માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના દિલ્લીની વડી અદાલતના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી રાજિન્દર સાચરના અધ્યક્ષપદે નીમવામાં આવી હતી. આ સમિતિમાં અધ્યક્ષ ઉપરાંત બીજા ૬ સભ્યો હતા. આ સમિતિએ જે અહેવાલ આપ્યો છે તે અહેવાલનો સારાંશ આ પુસ્તકમાં રજૂ કરવામાં આવ્યો છે.




તે ઉપરાંત આ પુસ્તકમાં સમિતિના એક સભ્ય અમદાવાદની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટના પ્રો. રાકેશ બસંતનો એક લેખ પણ પ્રકાશિત કરવામાં આવ્યો છે. વળી, જાણીતા સમાજશાસ્ત્રી શ્રી ઘનશ્યામ શાહ દ્વારા લખવામાં આવેલા એક લેખનું પણ આ પુસ્તકમાં પ્રકાશન કરવામાં આવ્યું છે.

લેખક માને છે કે સાચર સમિતિનો અહેવાલ હકીકત આધારિત, કોમી એકતા પોષક અને રાષ્ટ્રને મજબૂત કરનારો અહેવાલ છે. તેમાં માત્ર મુસ્લિમોની પછાત આર્થિક, શૈક્ષણિક અને સામાજિક સ્થિતિનું જ વર્ણન નથી પણ તે સાથે ભારતના સૌ પછાત અને ગરીબ વર્ગો (એટલે કે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાત વર્ગો અને તમામ ધાર્મિક લઘુમતીઓ)ની સ્થિતિ વિશેની માહિતી, તેનું પૃથક્કરણ અને તેમની મુખ્ય સમસ્યાઓના સર્વસામાન્ય ઉકેલોને દર્શાવવામાં આવ્યા છે.

પુસ્તકમાં મુસ્લિમોની ગરીબી, નોકરીની પરિસ્થિતિ, સરકારી વિભાગોમાં મુસ્લિમોનું પ્રમાણ, ન્યાયતંત્રમાં મુસ્લિમોનું પ્રમાણ, સ્વરોજગારી, શિક્ષણ અને અક્ષરજ્ઞાનનું પ્રમાણ, શાળા અધવચ્ચે છોડી જવાનું પ્રમાણ વગેરે બાબતો વિશે ચર્ચા કરવામાં આવી છે. મદરેસાઓનું શિક્ષણ અત્યંત મહત્ત્વનો સંવેદનશીલ પ્રશ્ન બની રહ્યો છે. મદરેસાઓ સામે જે આક્ષેપો થાય છે તેમનો ઉલ્લેખ કરીને ધાર્મિક મૂળભૂતવાદ કેવી રીતે દૂર થઈ શકે અને તેમને રાષ્ટ્રીય પ્રવાહ અને વૈશ્વિક પ્રવાહમાં કેવી રીતે જોડી શકાય તે વિશે સાચર સમિતિએ સૂચનો કર્યાં છે. લેખક એમ જણાવે છે કે મદરેસાઓના શિક્ષણમાં ભૌતિક શાસ્ત્ર, રસાયણ વિદ્યા, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, શરીરવિજ્ઞાન, ખગોળશાસ્ત્ર વગેરે જેવાં કુદરતી વિજ્ઞાનો અને અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન જેવાં સમાજવિજ્ઞાનોનું શિક્ષણ પણ સમાવવું જોઈએ.

સાચર સમિતિના અહેવાલમાં બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓ દ્વારા ધિરાણની જે સગવડો પૂરી પાડવામાં આવે છે તેનો લાભ કેટલા પ્રમાણમાં મુસ્લિમોને પ્રાપ્ત થાય છે તેને વિશે પણ વિશ્લેષણ કરવામાં આવ્યું છે. વડા પ્રધાનની લઘુમતીઓના વિકાસ માટેની જે ૧૫ મુદ્દાની યોજના છે તેના અમલના સંદર્ભમાં સાચર સમિતિ નોંધે છે કે, "વડા પ્રધાનના લઘુમતીઓને તેમના આર્થિક વિકાસમાં સહાય કરવા માટેના ૧૫ મુદ્દાના કાર્યક્રમ હેઠળ રિઝર્વ બેંકે લઘુમતીઓને યોગ્ય પ્રમાણમાં બેંક ધિરાણ મળે એ માટે જે ખાસ પ્રયત્નો કર્યા તેનો લાભ મુસ્લિમો સિવાયની લઘુમતીઓને મુખ્યત્વે મળ્યો છે અને તેમાં મુસ્લિમો છેવાડે ધકેલાઈ ગયેલા માલૂમ પડે છે."


લેખક જણાવે છે કે વાસ્તવમાં તમામ લઘુમતીઓને અને સર્વે ગરીબો અને નીચલા મધ્યમ વર્ગોને વધુ ધિરાણ મળે એ જરૂરી છે અને એ રીતે મુસ્લિમ લઘુમતીને પણ યોગ્ય પ્રમાણમાં ધિરાણ મળે એ જરૂરી છે અને એ આપણા દેશમાં સર્વાંગી વિકાસ માટે આવશ્યક છે. સાચર સમિતિના અહેવાલમાં સરકારી નોકરીઓ અને યોજનાઓનો લાભ વિવિધ રાજ્યોમાં કેટલા પ્રમાણમાં મુસ્લિમોને પ્રાપ્ત થયો છે તથા રાષ્ટ્રીય લઘુમતી વિકાસ અને નાણા નિગમની યોજનાઓ તથા રાષ્ટ્રીય પછાત વર્ગ નાણા અને વિકાસ નિગમની યોજનાઓનો લાભ કેવી રીતે પ્રાપ્ત થયો છે તેની વિગતો પણ આપવામાં આવી છે. આ પુસ્તકમાં આ તમામ વિગતો પૂરી પાડવામાં આવી છે. વિવિધ યોજનાઓનો લાભ કેવી રીતે વધારે પ્રાપ્ત થઈ શકે તે અંગેનાં સૂચનો પણ આ પુસ્તકમાં કરવામાં આવ્યાં છે.

મૂળ અહેવાલ અંગ્રેજી અને હિન્દી ભાષામાં ભારત સરકાર દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ અહેવાલ દળદાર છે અને અનેક પ્રકારની વિગતો તેમાં અનેક કોઠાઓમાં આપવામાં આવેલી છે. આ વિગતોને સરળ ગુજરાતી ભાષામાં સારાંશ રૂપે રજૂ કરીને પ્રો. જાફરહુસેન લાલીવાલાએ ગુજરાતી વાચકો માટે ખૂબ જ મહત્ત્વનું પ્રદાન કર્યું છે.

લેખક અને પ્રકાશક: પ્રો. જાફરહુસેન ઈ. લાલીવાલા, ચોથો માળ, હબીબ રેસિડેન્સી, લલ્લુ રાયજીનો વંડો, મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧. કિ. રૂ.૧૦૦.

## ‘સેવા’ના ચાંદ

આ પુસ્તક ‘સેવા’ની લાંબી મજલ કાપનાર તમામ શ્રમજીવી બહેનોની ગાથા છે. છેલ્લાં ૨૭ વર્ષથી અવિરત પ્રકાશિત થતું શ્રમજીવી બહેનોનું પોતીકું પાક્ષિક મુખપત્ર ‘અનસૂયા’ ખરા અર્થમાં તેમની વાચા બન્યું છે. સમયાંતરે ‘અનસૂયા’માં પ્રકાશિત થયેલી શ્રમજીવી બહેનોની જીવનીનું આ દસ્તાવેજના સ્વરૂપમાં આ કલંક એટલે ‘સેવા’ના ચાંદ.




તેની પ્રસ્તાવનામાં શ્રી ઈન્દુકુમાર જાની જણાવે છે તેમ ‘‘અનેક મુશ્કેલીઓમાંથી આપબળે ઝઝૂમીને બહેનો કેવી રીતે માર્ગ કાઢે છે એ અહીં પાને પાને જોવા મળે છે. કેટલીક બહેનોએ એકવચનમાં પોતાની કથની રજૂ કરી છે તો ઈલાબહેન, જયંતિકાબહેન, નમ્રતા બાલી, રીમા નાણાવટી, નફિસા ખલીલ અને મીરાઈ ચેટરજી વગેરેની કલમનો પણ આ કથનીઓને લાભ મળ્યો છે. હિંદુ-મુસ્લિમ, આદિવાસી, દલિત, દેવીપૂજક, પરપ્રાંતીય, શહેરી, ગ્રામીણ એમ જુદા જુદા સમુદાયોનું પ્રતિનિધિત્વ અહીં જોવા મળે છે. ભલે, આંસુઓની ખારાશ એકસરખી હોય પણ એની પાછળની પીડા જુદી જુદી હોય છે. બીજી બાજુ સંઘર્ષના પ્રકારો ભિન્ન ભિન્ન હોય પરંતુ અંતે એમાંથી નીપજતો સંતોષ અને પ્રાપ્ત થતું સુખ એકસરખાં હોય છે. એમાં સંગઠન શક્તિએ પ્રગટાવેલો આત્મવિશ્વાસ અને ‘સેવા’ પ્રત્યેની પવિત્ર અને સાચા દિલની લાગણી ફોરમતી અનુભવાય છે.” શ્રી ઈન્દુકુમાર જાની વધુમાં કહે છે કે “આ ચાલીસેય કથનીમાં એક સળંગ તંતુ એવો જોવા મળે છે કે સ્ત્રીઓને જો તક મળે તો તેઓ ઉત્તુંગ શિખરો સર કરવાનું સામર્થ્ય ધરાવે છે.” આ તમામ પ્રસંગ કથાઓ અને રેખાચિત્રો વાંચતાં જે સમજી શકાય તેમ છે તે નીચે મુજબ છે:

(૧) અસંગઠિત વર્ગની મહિલાઓના કલ્યાણ માટે મજૂર મંડળોની સ્થાપના ‘સેવા’ દ્વારા કરવામાં આવી છે. અને એ રીતે કામગીરીનું વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું છે.

(૨) મહિલાઓનું આર્થિક સશક્તિકરણ તેમના એકંદર સશક્તિકરણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ મંડળોએ બહેનોને શાહુકારના ચુંગાલમાંથી બહાર કાઢવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આર્થિક સ્વાવલંબન અને રોજગારી આર્થિક સશક્તિકરણમાં એ રીતે મહત્ત્વનો ફાળો આપે છે.

(૩) આર્થિક વિકાસની સાથે સાથે સામાજિક વિકાસ અને સમરસતા અગત્યનો મુદ્દો બને છે. કોમી એખલાસ, સમાનતા, બંધુત્વની ભાવના, દારૂબંધી, વ્યસન મુક્તિ વગેરે જેવા મુદ્દાઓ આપોઆપ જ મહિલાઓની જીવનશૈલીનો અને તેમના થકી સમગ્ર કુટુંબની જીવન વ્યવસ્થાનો ભાગ બને છે.

(૪) વિકાસની સમગ્ર પ્રક્રિયામાં જો કોઈ મહત્ત્વનો મુદ્દો હોય તો તે તાલીમ અને પ્રશિક્ષણનો છે. શિક્ષણ જે માળખાગત ઢાંચામાં આપવામાં આવે છે તેનાથી જુદા જ પ્રકારનું શિક્ષણ અહીં અગત્યનું બને છે. કુશળતાની તાલીમ અને એ તાલીમ દ્વારા રોજગારીમાં વૃદ્ધિ અને વિકાસ એવો સ્વાભાવિક ક્રમ ઊભો થાય છે.

(૫) સામાજિક અને આર્થિક પરિવર્તનના કિસ્સાઓ પણ આ કથનીઓમાં નોંધપાત્ર છે. દુકાળ જેવી કુદરતીઓ આપત્તિઓના સંદર્ભમાં સામૂહિક આપત્તિ વ્યવસ્થાપન કેવી રીતે સ્થળાંતર થતું રોકે છે તેનાં ઉદાહરણો આ કથનીઓમાં જોવા મળે છે.

(૬) એમ કહેવામાં આવે છે કે કળિયુગમાં સંગઠનમાં શક્તિ છે. ગરીબ બહેનો સંગઠિત થાય અને તેમની સંગઠિત તાકાતનો પરચો આપે તો સામાજિક-આર્થિક પરિવર્તન આપોઆપ થાય છે. અનેક પ્રકારના સામાજિક પડકારોનો સામનો કરવાનું એકલ-દોકલ રીતે અને સંગઠિત રીતે પણ અનિવાર્ય બની જાય છે તેનું કારણ એ છે કે ભારતનો સમાજ જ્ઞાતિઓ અને ધાર્મિક મતભેદો અને ભેદભાવોથી વહેંચાયેલો છે. આવા વિઘટનકારી સમાજમાં પણ બહેનો સંગઠિત થઈને કેવી રીતે વિકાસ કરી શકે છે તે બાબત અહીં જોવા મળે છે.

(૭) મહિલાઓ પોતાના પરિવારમાં સામાજિક અત્યાચારનો ભોગ બનતી હોય છે. તેનું કારણ વિવિધ પ્રકારનાં બંધનો હોય છે. આ બંધનોનો પ્રતિકાર બહેનો કરી શકતી હોતી નથી. આવી યાતનાઓમાં પસાર થઈને પણ બહેનો પોતાનાં સંતાનોને કેવી રીતે સુખ આપી શકાય તેની ચિંતા કરતી હોય છે. આવા અનેક દાખલા આ કથનીઓમાં પણ જોવા મળે છે.

એ સ્પષ્ટ છે કે આ દાખલા સામાજિક અને આર્થિક પરિવર્તન સમાજના તદ્દન છેવાડાના વર્ગો કેવી રીતે લાવી શકે તે દર્શાવે છે.

સંપાદકઃ જયંતિકા જયંતભાઈ અને લીના પટેલ, પ્રકાશકઃ શ્રી મહિલા સેવા અનુસૂયા ટ્રસ્ટ, સેવા રિસેપ્શન સેન્ટર, ટિળક બાગ સામે, ભદ્ર, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોનઃ ૦૭૯-૨૫૫૦૬૪૪૪, ૨૫૫૦૬૪૭૭. કિંમતઃ રૂ. ૭૦.


## 'સ્ત્રી જીવન સંઘર્ષઃ પ્રાચીન કાળથી ભક્તિ ચળવળ' – ભાગ–૧

આ પુસ્તક નારી આંદોલનના ઈતિહાસ અને વર્તમાનના પડકારોનું આલેખન કરે છે. આ પુસ્તક 'ઉન્નતિ' અને 'સહિયર'નો સહિયારો પ્રયાસ છે. ભારતમાં નારી આંદોલનના ઈતિહાસના આલેખનો સ્ત્રી અભ્યાસમાં મહત્ત્વના અંશ રૂપે થયાં છે. ઉપરાંત, નારી જૂથોની વિવિધ મુદ્દાઓ ઉપર લડત અને અનેકવિધ સ્વરૂપે પ્રતિક્રિયાનાં આલેખનો પણ ઉપલબ્ધ છે. પરંતુ આ પુસ્તિકાની એક સવિશેષ ઉપયોગિતા છે. તેમાં સંવાદના સ્વરૂપમાં નારી આંદોલનનો ઈતિહાસ અને વર્તમાન પડકારો વિશે સમજ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ પુસ્તિકા મુખ્યત્વે પાયાના ક્ષેત્રિય કાર્યકરોની સ્ત્રી-પુરુષ ભેદભાવ, પિતૃસત્તાક સમાજ વ્યવસ્થા, સ્ત્રીઓના ઊતરતા સ્થાનનાં ઐતિહાસિક મૂળ તેમ જ સમતાપૂર્ણ વિકાસ માટે સશક્તિકરણની જરૂરિયાતને લગતી વિભાવનાઓ અંગે સમજ વધારવાના આશયથી તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તિકામાં મહિલા મંડળની ચર્ચામાં ભાગ લેતાં તમામ પાત્રો કાલ્પનિક છે. કોઈ પ્રસંગે ઐતિહાસિક કે તાજેતરમાં બનેલા બનાવો સાથે તેમના અનુભવોને સાંકળવામાં આવ્યા હોય તો તે માત્ર મુદ્દાઓ તેમ જ વિભાવનાઓને સ્પષ્ટ કરવાના આશયથી જ સાંકળવામાં આવ્યા છે.

આ નારી આંદોલનનો ઈતિહાસ ચાર ભાગમાં તૈયાર કરવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે. આ પુસ્તક આ શ્રેણીનો પહેલો ભાગ છે. આ સમગ્ર શ્રેણી નારી આંદોલનની ઐતિહાસિક પાર્શ્વભૂમિ, આંતરરાષ્ટ્રીય ફલક, વર્તમાન આંદોલન ક્ષેત્રે મુદ્દાઓ તેમ જ પડકારો સમજવા માટે સક્રિય કાર્યકર્તાઓ તેમ જ અભ્યાસુઓને ઉપયોગી થાય તેમ છે. આ શ્રેણીમાં સરળ ભાષા, લોકગીતો, વ્યક્તિચિત્રો વગેરેનો ઉપયોગ મૂળસોતા કાર્યકરોને છેવાડાની બહેનોને આંદોલનની આવશ્યકતા સમજાવવામાં ઉપયોગી થઈ શકે તેમ છે.

પ્રથમ ભાગમાં સ્ત્રી-પુરુષ ભેદભાવ, પિતૃસત્તા વગેરે જેવી નારીવાદી વિભાવનાઓ ઉપરાંત પ્રાચીન કાળથી ભક્તિ ચળવળના સમય સુધીનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં ભારતની પિતૃસત્તાનું માળખું કેવી રીતે ઘડાતું ગયું તેની વાત છે. જ્ઞાતિપ્રથા તેમ જ પિતૃસત્તાના તાણાવાણા દ્વારા ઊભી થયેલી બ્રાહ્મણીય પિતૃસત્તાની આછી રૂપરેખા તેમાં આપવામાં આવી છે. હિંદુ ધર્મના બ્રાહ્મણવાદ સામેના પડકાર રૂપે શરૂ થયેલી બૌદ્ધ ધર્મ અને ભક્તિ ચળવળની વાત અને તેમાં સ્ત્રીઓની ભૂમિકાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. આ સમયે ભારતમાં પ્રસરી રહેલા ઈસ્લામની વાત પણ કરવામાં આવી છે. ઈસ્લામની પહેલાં અરબસ્તાનમાં પ્રચલિત ધર્મની સરખામણીમાં રહેલાં વધુ ઉદારમતવાદી પાસાંઓ આજે વ્યવહારમાં દેખાતાં નથી. આમ, પિતૃસત્તા સામેના આ તમામ પ્રયત્નો પોતાના સ્થળ, કાળ અને જે તે સમયની આર્થિક, સામાજિક અને રાજકીય પરિસ્થિતિથી ઘડાયા હતા અને તેથી મર્યાદિત હતા તેની વાત કરે છે.





આ પુસ્તિકા શ્રેણી સ્ત્રીઓના તેમ જ વિકાસના પ્રશ્નો અંગે કામ કરતા પાયાના કાર્યકરોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. પાયાના કાર્યકરો માટે નારી આંદોલન અંગે પોતાની સમજ વિકસાવવા ઉપરાંત આ સમજને બહોળા સમુદાય સુધી લઈ જવા માટે મદદરૂપ થાય તેવા સાહિત્યની જરૂર પડે છે. આ પુસ્તિકા તેની ગરજ સારે છે.

પુસ્તિકાઓનો અભ્યાસ કર્યા બાદ કાર્યકરો પોતાના કાર્ય વિસ્તારના લોકસમૂહોમાં પણ આ વિષયની રજૂઆત કરી શકે તે પ્રમાણે પુસ્તિકાનું આયોજન કરવામાં આવ્યું છે. પુસ્તિકામાં જણાવવામાં આવેલાં ઉદાહરણો ઉપરાંત સ્થાનિક કક્ષાએ વધુ પ્રચલિત હોય તેવાં ઉદાહરણો અને ગીતોનો સમાવેશ પણ તેમાં કરી શકાય છે. પ્રત્યેક પુસ્તિકામાં સ્ત્રી-પુરુષ સમાનતા, પ્રભુત્વ ધરાવતાં વર્ગ, જ્ઞાતિ અને ધર્મથી ઉપર ઉઠીને તમામ સીમાંત ઓળખ ધરાવતાં જૂથોના દૃષ્ટિકોણ અને તેમનાં અનુભવોનાં ઉદાહરણો રજૂ કરવાની કોશિષ કરવામાં આવી છે.

પ્રત્યેક મુદ્દામાં તે અંગેની નારીવાદી સમજ, તેની સામે થયેલા વિરોધના મહત્ત્વના મુદ્દાઓ અને બનાવો તથા તેમનું વિશ્લેષણ આપવાની કોશિશ આપવામાં આવી છે કે જેથી વાચક પોતાના સંગઠન કે કાર્યક્ષેત્રમાં બનતા બનાવોને આ મુદ્દાઓ સાથે સાંકળીને પગલાં લઈ શકે.

પ્રાપ્તિસ્થાનઃ 'ઉન્નતિ', અને 'સહિયર': જી-૩, શિવાંજલિ ફ્લેટ્સ, જાધવ અમીશ્રદ્ધા સોસાયટી પાસે, નવજીવન, આજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯. ફોનઃ ૦૨૬૫-૨૫૧૩૪૮૨ ઈમેલઃ sahiyar@gmail.com

## સિવિલ સોસાયટી એન્ગેજમેન્ટ ફોર મેઈનસ્ટ્રીમિંગ ડિસેબિલિટી ઈન ડેવલપમેન્ટ પ્રોસેસ




આ પુસ્તક ગુજરાતમાં બહુહિતધારક ભાગીદારી સાથે કરવામાં આવેલા કાર્યલક્ષી સંશોધન પ્રોજેક્ટનો અહેવાલ છે. તાજેતરનાં વર્ષોમાં વિકલાંગતાના પ્રશ્નને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે નાગરિક સમાજનાં જૂથો અને સંસ્થાઓને સામેલ કરવા માટે કેટલાક પ્રયાસો થતાં રહ્યા છે. તેમાં એવી સમજ કામ કરે છે કે માત્ર સેવાઓ પૂરી પાડવી એ અગત્યનું નથી અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની જરૂરિયાતો અને અધિકારોને સર્વાંગી ધોરણે સંતોષવાની જરૂર છે.

'ઉન્નતિ' અને 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ' દ્વારા સંયુક્તપણે ૨૦૦૨-૦૫ના ગાળા દરમ્યાન એક કાર્યલક્ષી સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. તેનો ઈરાદો વિકલાંગતાના ક્ષેત્રે પ્રવર્તમાન પરિસ્થિતિને સમજવાનો અને વિકલાંગતાના પ્રશ્નને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે નાગરિક સમાજનાં જૂથોની સહભાગિતા ઊભી કરવાનો હતો.


આ અહેવાલમાં જે વ્યૂહરચનાઓનો અમલ કરવામાં આવ્યો, અવરોધમુક્ત પર્યાવરણ ઊભું કરવા માટે જે સંયુક્ત પગલાં ભરવામાં આવ્યાં, જાહેર શિક્ષણ અને સંચાર, વિકાસની પ્રક્રિયામાં વિકલાંગતાના મુદ્દાને મુખ્ય પ્રવાહમાં લાવવો વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ અંગ્રેજી પુસ્તકમાં સહયોગી પ્રયાસનો અમલ કરતી વખતે જે કંઈ પદાર્થપાઠ શીખવા મળ્યા તે ૮ બાબતોના સંદર્ભમાં આપવામાં આવ્યા છેઃ (૧) ભૌતિક પહોંચ (૨) માહિતીની પ્રાપ્તિ અને જાગૃતિ (૩) સમાજનાં વલણો અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ (૪) સંસ્થાગત સ્તરે વિકલાંગતાના પ્રશ્નને મુખ્ય પ્રવાહમાં લાવવો (૫) નાગરિક સમાજની ભાગીદારી (૬) નીતિ વિષયક પ્રશ્નો (૭) શિક્ષણ અને રોજગારીની તકો (૮) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પ્રોત્સાહન અને પ્રેરણા. પુસ્તકમાં અંતે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગે સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવની કલમ-૯ની વિગતો આપવામાં આવી છે. તે ઉપરાંત બાયવાકો મિલેનિયમ ફ્રેમવર્ક-૨૦૦૨ની પ્રાદેશિક નીતિઓના સંદર્ભમાં છણાવટ પણ કરવામાં આવી છે. આ ઉપરાંત ૧૯૯૫ના વિકલાંગતા ધારાની કલમ-૪૪,૪૫ અને ૪૬ની જોગવાઈઓ પણ આપવામાં આવી છે.

પ્રાપ્તિસ્થાનઃ 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ', બંગલો નં.૧, પંચજ્યોત સોસાયટી, હસમુખ કોલોની ચાર રસ્તા, વિજયનગર, નારણપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોનઃ ૦૭૯-૬૫૪૨૫૬૪૬, ઈમેલઃ prg@hi-india.org અને 'ઉન્નતિ'.

## એન્જેન્ડરિંગ વર્કપ્લેસિસઃ ફ્રેમવર્ક ફોર એ જેન્ડર પોલિસી

આ અંગ્રેજી પુસ્તક એક મેન્યુઅલ છે. સ્વૈચ્છિક સંગઠનો સાથે જેન્ડર પોલિસી ઘડવા માટે કરવામાં આવેલી વાતચીતમાંથી પ્રાપ્ત થયેલી માહિતીના આધારે આ મેન્યુઅલ તૈયાર કરવામાં આવ્યું છે. સમગ્ર સ્વૈચ્છિક ક્ષેત્રમાં તેનો ઉપયોગ કરી શકાય તેમ છે. એવું સામાન્ય રીતે ધારી લેવામાં આવ્યું છે કે સ્વૈચ્છિક ક્ષેત્રમાં સ્ત્રી-પુરુષ ભેદભાવના પ્રશ્નો તેમના સંગઠનાત્મક કાર્યમાં એક અનિવાર્ય ભાગ હશે. તેનું કારણ એ છે કે મહિલાઓના સમાવેશ અને સશક્તિકરણ ઉપર ભાર મૂકનારા વિશિષ્ટ કાર્યક્રમો કરવામાં આવતા હોય છે. જો કે, આ મેન્યુઅલ તૈયાર કરવા માટે જે પ્રયાસ કરવામાં આવ્યો તેના ઉપરથી એમ જાણવા મળ્યું હતું કે આ ધારણા ખોટી છે. તેથી આ મેન્યુઅલ સ્વૈચ્છિક સંગઠનોમાં જે વાસ્તવિક વ્યવહારો અને પર્યાવરણ છે તેના વિશે કેટલીક માહિતી પૂરી પાડે છે.




બીજી એક માહિતી એ પણ જાણવા મળી છે કે વિવિધ સંગઠનો કાર્યસ્થળે મહિલાઓના સમાવેશ અંગે વિવિધ પ્રકારના વ્યવહારો ધરાવે છે. પરંતુ આ વ્યવહારો ઉપરછલ્લા હોય છે અને મહિલાઓને સંગઠનમાં ટકાવી રાખવા માટે પૂરતા પ્રમાણમાં શક્તિશાળી હોતા નથી. ઉપરાંત તેમને નેતૃત્વ અને નિર્ણય પ્રક્રિયામાં ભૂમિકા આપવામાં આવીત નથી. અથવા એમ પણ કહી શકાય કે તેમના કાર્યને અસર કરે તેવા અવરોધો દૂર થઈ શકે અને

જીવનમાં સંતુલન ઊભું થઈ શકે તેવા પ્રકારનું વાતાવરણ પણ ઊભું કરવામાં આવતું નથી.

સ્વૈચ્છિક ક્ષેત્રમાં કાર્ય સ્થળ હજુ પણ પુરુષોના વર્ચસ્વવાળું રહ્યું છે. કાર્યસ્થળે અને ઘરે એમ બંને જગ્યાઓએ તેમની જરૂરિયાતો અને ભૂમિકાઓ પરિપૂર્ણ થાય તેવા જ પ્રકારની પરિસ્થિતિ રહી છે તેથી આ મેન્યુઅલમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરવામા આવ્યો છેઃ (૧) જેન્ડર પોલિસી (૨) જાતીય સતામણી સામેની નીતિ (૩) કાર્યસ્થળે જાતીય સતામણી અંગેના નિવારણ માટેની સમિતિ (૪) સ્ટાફના સભ્યોમાં સ્ત્રીઓ અને પુરુષોમાં સમાનતા (૫) શ્રેણીગત વ્યવસ્થા, નેતૃત્વ અને નિર્ણય પ્રક્રિયાની ભૂમિકામાં મહિલાઓની સ્થિતિનું વિશ્લેષણ (૬) સંગઠનની અંદર મહિલાઓ પ્રત્યે સંવેદનશીલ એવા વ્યવહારોનું દસ્તાવેજીકરણ.

આ પુસ્તકમાં નીચેના ત્રણ પ્રકરણોનો સમાવેશ કરવામાં આવ્યો છેઃ (૧) જેન્ડર પોલિસીનું મહત્ત્વ (૨) જેન્ડર પોલિસી દ્વારા સંગઠનોમાં ભેદભાવનું નિવારણ (૩) જેન્ડર પોલિસીને કાર્યગત બનાવવી.


પ્રાપ્તિસ્થાનઃ પાર્ટિસિપેટરી રિસર્સ ઈન એશિયા, ૪૨, તુઘલકાબાદ ઈન્સ્ટિટ્યુશનલ એરિયા, નવી દિલ્લી ૧૧૦ ૦૬૨. ફોનઃ ૦૧૧-૨૯૯૬૦૯૩૧-૩૨-૩૩. ઈમેલઃ info@pria.org.

### કાઈટ્સ ઓવર ધ મેંગો ટ્રી

આ અંગ્રેજી પુસ્તકમાં ગુજરાતમાં હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે એખલાસની પુનર્સ્થાપના કરવા માટે આવેલા પ્રયાસોની ચર્ચા કરવામાં આવી છે. પુસ્તક ત્રણ ભાગ અને દસ પ્રકરણાં વહેંચાયેલું છે.

પ્રથમ ભાગમાં સાંસ્કૃતિક મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૯૯૨ અને ૨૦૦૨માં થયેલાં રમખાણો તથા તે વચ્ચેના દાયકા દરમ્યાનની ગતિવિધિઓનો ઉલ્લેખ કરીને મહાત્મા ગાંધીએ ચલાવેલું ખિલાફત આંદોલન, દેશના ભાગલા અને તે પછીની પરિસ્થિતિ વિશે પણ તેમાં પૂર્વભૂમિકારૂપ ચર્ચા કરવામાં આવેલી છે. જૂનાં રજવાડાં અને યુરોપના વર્ચસ્વની શી અસર ગુજરાત ઉપર પડી તેની પણ ટૂંકમાં ચર્ચા કરવામાં આવી છે.

બીજા ભાગમાં સંઘ પરિવારનાં સંગઠનો, મુસ્લિમ સુધારકો અને મુસ્લિમ રાષ્ટ્રવાદીઓ તથા રમખાણોની પરિસ્થિતિ વિશે ચર્ચા કરવામાં આવી છે. વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળની ભૂમિકાની ચર્ચા તથા ભારતીય મજદૂર સંઘ, રાષ્ટ્ર સેવિકા સમિતિ, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, સેવા વિભાગ અને ભારતીય જનતા પક્ષની ચર્ચા કોમી માહોલના સંદર્ભમાં કરવામાં આવી છે.




ત્રીજા વિભાગમાં 'સેવા'નો અનુભવ ખૂબ જ વિગતવાર દર્શાવવામાં આવ્યો છે. વિવિધ પ્રકારની પ્રક્રિયાઓ દ્વારા કેવી રીતે હિંદુ અને મુસ્લિમ સમુદાયોમાં અને ખાસ કરીને મહિલાઓમાં કોમી શાંતિ અને એખલાસ ઊભાં થાય તેનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, 'કેર' દ્વારા ચલાવવામાં આવેલા ગુજરાત હાર્મની પ્રોજેક્ટ હેઠળ વિવિધ સંગઠનોએ શાંતિ, સુલેહ અને સુમેળ માટે કેવા પ્રયાસો કર્યા અને એ પ્રયાસોનું પરિણામ કેવી રીતે આવ્યું તે દર્શાવવામાં આવ્યું છે. છેલ્લા પ્રકરણમાં ભવિષ્યમાં કોમી એખલાસ ઊભો કરવા માટે કઈ કઈ બાબતો ધ્યાનમાં રખાવી જોઈએ તેના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી છે. વિવિધ બિન-સરકારી સંગઠનોના નેતાઓની મુલાકાતો લઈને તેને અંગે ચર્ચા કરવામાં આવી છે. 'સેવા' દ્વારા મહિલાઓ માટે જે કામ કરવામાં આવે છે તે પોતે જ હિંસા સામે કામ કરે છે એમ જણાવવામાં આવ્યું છે. રોજગારી, આવક, પોષક આહાર, આરોગ્યની સંભાળ, બાળ સંભાળ, યોગ્ય આવાસ, અસ્કયામતો, સંગઠિત તાકાત, નેતૃત્વ અને શિક્ષમ જેવા પ્રશ્નોની આસપાસ મહિલાઓને સંગઠિત કરવામાં અને તેમની સામાજિક આર્થિક સુધારણા કરવામાં 'સેવા'એ મહત્ત્વની ભૂમિકા ભજવી. એ જ રીતે 'ગુજરાત હાર્મની પ્રોજેક્ટ' હેઠળ વિવિધ બિન-સરકારી સંગઠનોએ માનસિક અને આર્થિક પુનર્વસન માટે કરેલા પ્રયાસોનું આલેખન આ ભાગમાં કરવામાં આવ્યું છે.

આ પુસ્તકનો ઉપોદ્ઘાત 'પ્રશાંત'ના નિયામક ફાધર સેડ્રિક પ્રકાશ દ્વારા લખવામાં આવ્યો છે. તેઓ જણાવે છે કે આ પુસ્તક ખૂબ જ સમયસરનું પુસ્તક છે. લેખક આશાની શક્યતાઓ પૂરી પાડે છે અને જે રાજ્યમાં વિભાજન અને નિરાશા ઘાતક ગહનતા ધરાવે છે તે રાજ્યમાં પતંગનો મહોત્સવ આશા જન્માવે છે.

લેખકઃ જેનેટ એમ. પાવર્સ. પ્રાપ્તિસ્થાનઃ પ્રિજર સિક્યુરિટી ઈન્ટરનેશનલ, ૮૮ પોસ્ટ રોડ વેસ્ટ, વેસ્ટપોર્ટ, સીટી ૦૬૮૮૧, અમેરિકા. વેબસાઈટઃ www.praeger.com/PSI

છેલ્લા ત્રણ માસ દરમ્યાન અમે નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરી હતીઃ

## ૧. નાગરિક નેતૃત્વ અને શાસન

### ગ્રામીણ શાસન

**(ક) સામાજિક અન્વેષણ અને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના**

ગુજરાતમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારાના અમલમાં પંચાયતોની અસરકારકતા ઊભી કરવા માટે ૨૦૦૬ પછી ક્ષમતાવર્ધનનના અને જાગૃતિ ઊભી કરવાના અનેક કાર્યક્રમો કરવામાં આવ્યા. તેને પરિણામે રાજ્ય સરકારના ગ્રામ વિકાસ વિભાગ સાથે હિમાયત કરવાની તક પ્રાપ્ત થઈ અને રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થાન્ (એસઆઈઆરડી)ને નિયમિત ધોરણે તાલીમનો ટેકો પૂરો પાડવામાં આવ્યો. તા. ૧૯થી ૨૨ ડિસેમ્બર, ૨૦૦૮ દરમ્યાન રાજ્યના ૯૦ ઈજનેરો માટે એક અભિમુખતા કાર્યક્રમ ચલાવવા એસઆઈઆરડીને ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો. એ ઉપરાંત તા. ૨૭.૨.૦૯ના રોજ પંચાયતોના ૩૬,૦૦૦ પ્રતિનિધિઓને સેટકોમ દ્વારા તાલીમ પૂરી પાડવામાં આવી હતી.

રાજસ્થાનમાં લૂણી તાલુકામાં કેટલીક ગ્રામ પંચાયતોને સામાજિક અન્વેષણ માટે માહિતી એકત્ર કરવા ટેકો પૂરો પાડવામાં આવ્યો અને તેઓ ધોરણોસર કામ કરે તે માટે પણ ટેકો પૂરો પાડવામાં આવ્યો. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારા હેઠળ ગામ સ્તરના કાર્યકરોને તાલીમ આપવા માટે તાલુકાના વહીવટી તંત્રને પણ બે તબક્કે ટેકો પૂરો પાડવામાં આવ્યો. રાજસ્થાનમાં શેરગઢ અને સિણધરી તાલુકામાં વિવિધ હિતધારકો સાથે બીજા દોરની મિટિંગ યોજવામાં આવી હતી. તેમાં સામુદાયિક નેતાઓ અને કાર્યક્રમ અધિકારીઓએ ભાગ લીધો હતો.

**(ખ) નાગરિક નેતાઓનું ક્ષમતાવર્ધન**

છેલ્લાં ૫ વર્ષથી નાગરિકો શાસનને પારદર્શક અને ઉત્તરદાયી બનાવવા માટે સક્રિય રીતે અને વ્યૂહાત્મક રીતે ભાગ લઈ રહ્યા છીએ. ગુજરાતમાં સાબરકાંઠાની ૫૦ પંચાયતો અને અમદાવાદની ૩૦ પંચાયતોના નાગરિક નેતાઓને ઓળખી કાઢવામાં આવ્યા અને તેમને સતત સામાજિક અને રાજકીય રીતે સશક્ત બનાવવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો. ગુજરાતના બે તાલુકાઓના ૪૬ નાગરિક નેતાઓને પણ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારાના અમલનાં વિવિધ પાસાંઓ માટે ડિસેમ્બર ૨૦૦૮ દરમ્યાન તાલીમ આપવામાં આવી હતી.

ગ્રામ પંચાયત સ્તરનાં નાગરિક મંડળો તાલુકા સ્તરે ક્ષેત્રીય વિકાસ સમિતિમાં એકત્ર થયાં છે. આ મહામંડળોને માર્ચ ૨૦૦૯થી એક માસિક સમાચારપત્ર પ્રકાશિત કરવા માટે ટેકો આપવામાં આવી રહ્યો છે. આ સમાચારપત્ર ઉત્તરદાયી અને પારદર્શી શાસનને પ્રોત્સાહન આપવા માટે નાગરિકો દ્વારા કરવામાં આવેલા પ્રયાસો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. શહેરી નાગરિક નેતાઓ ગરીબો માટેની સેવાઓમાં સુધારો થાય તે માટે જે પ્રયાસો કરે છે તેમનું દસ્તાવેજીકરણ 'પ્રિયા' સાથેના સહયોગમાં કરવામાં આવ્યું છે. બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા અને ભારતમાં આવા જ પ્રકારના પ્રયાસોનું દસ્તાવેજીકરણ કરવાના વ્યાપક પ્રયાસના ભાગરૂપે આ પ્રયાસનું દસ્તાવેજીકરણ થઈ રહ્યું છે. દક્ષિણ આફ્રિકા અને બ્રાઝિલના કેટલાક કર્મશીલોએ ભારતની મુલાકાત લીધી હતી અને કેટલાક નાગરિક નેતાઓ સાથે વાતચીત કરી હતી.

**(ગ) માહિતી અધિકારના ઉપયોગને પ્રોત્સાહન**

પારદર્શી અને ઉત્તરદાયી શાસન માટેના સાધન તરીકે માહિતી અધિકારના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે આ અંગે કાયદો પસાર થયો તે પછી વિવિધ પ્રયાસો કરવામાં આવ્યા છે. ગુજરાતમાં ત્રણ તાલુકાઓના ૧૪ નાગરિક નેતાઓને માહિતી અધિકારના પ્રશિક્ષણ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા અને તેમને તા. ૨૩.૧૨.૦૮ના રોજ તે અંગે અભિમુખ કરવામાં આવ્યા હતા. આ પ્રશિક્ષિત નાગરિક નેતાઓ દ્વારા તે પછી માહિતી અધિકાર અંગે ૩૬ શિબિરો યોજવામાં આવી હતી. ૫૩ મહિલાઓ સહિત ૮૩૧ જણાને આ શિબિરોમાં માહિતી અધિકાર વિશે માહિતી પૂરી પાડવામાં આવી હતી અને ૫૪ અરજીઓ તૈયાર કરવામાં આવી હતી. એ જ રીતે રાજસ્થાનમાં જોધપૂર જિલ્લામાં લૂણી તાલુકામાં માહિતી અધિકાર ધારા અંગે ૨ શિબિરો યોજવામાં આવી હતી. તેમાં ૩૧ જણાને તે અંગે માહિતી પૂરી પાડવામાં આવી હતી અને તેમાં ૧૨ અરજીઓ તૈયાર કરવામાં આવી હતી.

### (ઘ) ક્ષમતાનિર્માણ

રાજસ્થાનમાં ઇંદિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુએનડીપી), ઈંદિરા ગાંધી પંચાયતી રાજ સંસ્થાન - જયપુર અને 'ઉન્નતિ'ના સંયુક્ત પ્રયાસો દ્વારા પંચાયતો માટે બહુપાંખી તાલીમની દરમ્યાનગીરી કરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે માહિતીના અધિકાર વિશે 'સ્વરાજ અપડેટ' નામનું એક ત્રિમાસિક પ્રકાશિત કરવામાં આવે છે અને રાજ્યની તમામ પંચાયતોમાં તે મોકલવામાં આવે છે. તા.૨૩-૨૪ ડિસેમ્બર, ૨૦૦૮ દરમ્યાન પાલી જિલ્લામાં રોહિત તાલુકામાં ગ્રામ સેવકો અને સરપંચો માટે એક અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો. તેમાં ૫૧ સહભાગીઓએ ભાગ લીધો હતો. આ પ્રકારની તાલીમમાં આ છેલ્લો કાર્યક્રમ હતો. પશ્ચિમ રાજસ્થાનના ચાર જિલ્લામાં ગ્રામ પંચાયતોને પ્રાપ્ય હાર્ડવેર માટે એક સ્થિતિદર્શક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. પંચાયતોના ક્ષમતાનિર્માણ અંગેના પ્રશ્નોની ચર્ચા કરવા માટે યોજાયેલા એક પરિસંવાદમાં ૨૦૯ તાલુકા વિકાસ અધિકારીઓએ ભાગ લીધો હતો.

ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓના અને મહિલા નેતાઓનાં મંડળોને ગુજરાતમાં ત્રણ તાલુકામાં અને રાજસ્થાનમાં એક તાલુકામાં પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેઓ આ પ્રશ્નોના નિવારણ માટે વિવિધ હિતધારકો સાથે ચર્ચા વિચારણા કરે છે. ગુજરાત પંચાયત ધારામાં ત્રણેય સ્તરની પંચાયતમાં છેવાડાના લોકોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સામાજિક ન્યાય સમિતિઓની ફરજિયાત રચના કરવાની વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવી છે. ૨૦૦૨માં આ સમિતિઓને સક્રિય બનાવવા માટેની એક ઝુંબેશ શરૂ કરવામાં આવી. જો કે, સામાજિક ન્યાયના પ્રશ્નોને આ સમિતિઓ ઓળખે અને ઉકેલે તે માટે તેમને મદદ કરવાની જરૂરિયાત જણાઈ. સામજિક ન્યાયના પ્રશ્નો ન્યાયની વ્યવસ્થાઓ અંગે તા.૨૦.૩.૦૯ના રોજ તાલુકા સ્તરની કાર્યશાળા યોજવામાં આવી. તે અગાઉ જૂથ સ્તરની ચાર કાર્યશાળાઓ યોજવામાં આવી હતી. રાજસ્થાનના નાગરિકત્વ અને શાસન વિષય વિશે તા. ૯થી ૧૧ ડિસેમ્બર ૨૦૦૮ દરમ્યાન જોધપુર ખાતે પ્રશિક્ષકોની તાલીમ યોજવામાં આવી હતી. તેમાં ૧૫ સંગઠનોમાંથી ૨૦ પુરુષો અને ૬ મહિલાઓ સહિત કુલ ૨૬ જણાએ ભાગ લીધો હતો. તા.૪થી ૭ ફેબ્રુઆરી, ૨૦૦૯ દરમ્યાન નાગરિકત્વ અને સામાજિક ઉત્તરદાયિત્વ વિશેની પ્રશિક્ષકોની તાલીમમાં ગુજરાતનાં ૧૨ સંગઠનોમાંથી ૨૪ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

### શહેરી શાસન

ગુજરાતમાં ચાર શહેરો માટે સિટી ટેકનિકલ એડવાઈઝરી ગ્રૂપ (સીટીએજી) અને સિટી ટેક્નિકલ વોલન્ટિયર્સ કોર્પ્સ (સીવીટીસી) સ્થાપવા માટે જવાહરલાલ નેહરુ રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન હેઠળ 'ઉન્નતિ' એક ચાવીરૂપ બિન-સરકારી સંગઠન તરીકે કામ કરે છે. આ સંદર્ભમાં સુરતમાં તા.૧૯.૧.૦૯ના રોજ હિતધારકોની એક પરામર્શ સભા ગોઠવવામાં આવી હતી. તેમાં મહાનગરપાલિકાઓ, બિન-સરકારી સંગઠનો, વિદ્વાનો, ધંધાકીય જૂથો અને સમુદાયો તથા એનટીએજી/એસટીએજીના સભ્યો સહિત ૨૦૦થી વધારે લોકો હાજર રહ્યા હતા. ગુજરાતી અને અંગ્રેજી અખબારોના ૬ પત્રકારોને શહેરી શાસનમાં લોકોની સહભાગિત અંગેના કિસ્સાઓનું દસ્તાવેજીકરણ કરવા માટે અને શહેરી ગરીબો સાથે સંબંધિત વિશિષ્ટ પ્રશ્નોને આવરી લેવા માટે શિષ્યવૃત્તિઓ આપવામાં આવી હતી.

રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન હેઠળ નાનાં અને મધ્યમ નગરો માટે બે યોજનાઓ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં આવાસ અને પાયાની સેવાઓ પૂરી પાડવા માટે ચાલે છે. સામાન્ય રીતે ગરીબ ઝૂંપડાવાસીઓ શહેરના વિકાસ માટે જે મોટી યોજનાઓ તૈયાર કરવામાં આવે છે તેમાં દૃશ્યમાન થતા નથી અને તેમને અવગણવામાં આવે છે. ગુજરાતમાં ૧૦ નગરોમાં આ યોજનાઓના અમલ અંગે અને અમલની પ્રક્રિયાને સમજવા વિશે એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. મિશન વિશે અભિમુખતા કેળવવા માટે ૧૦ બિન-સરકારી સંગઠનોના કાર્યકર્તાઓ માટે તા. ૨૧.૨.૦૯ના રોજ એક તાલીમ યોજવામાં આવી હતી.

તા.૨૩ થી ૨૭, ૨૦૦૯ દરમ્યાન સિટીઝન રિપોર્ટ કાર્ડ વિશે શહેરી વિસ્તારોમાં કામ કરનારાં બિન-સરકારી સંગઠનોના ૨૧ સહભાગીઓ માટે એક તાલીમ યોજવામાં આવી હતી. બેંગ્લોરના 'પબ્લિક અફેર્સ સેન્ટર' (પીએસસી) દ્વારા આ તાલીમમાં સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો. જામિયા મિલિયા ઈસ્લામિયા અને 'ઉન્નતિ' દ્વારા સંયુક્ત રીતે તા. ૮થી ૧૦ ડિસેમ્બર, ૨૦૦૮ દરમ્યાન નવી દિલ્લી ખાતે 'કન્ટૂર્સ ઓફ મિડિયા ગવર્નન્સ' વિશે એક આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આ પરિસંવાદમાં માધ્યમો અંગેની વૈશ્વિક નીતિનું સીમાંકન કરવામાં આવ્યું હતું અને શાસનના એક ભાગ તરીકે માધ્યમોના શાસન તંત્રને જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

## ૨. સામાજિક સમાવેશ અને સશક્તિકરણ

### (ક) દલિત અને મહિલા અધિકારો

પશ્ચિમ રાજસ્થાનના ત્રણ જિલ્લામાં ૧૧ દલિત સંસાધન કેન્દ્રો દ્વારા દલિતોના અધિકારો સંબંધી પ્રયાસો કરવામાં આવે છે. ગામ સ્તરે લોકોની સંસ્થાઓ તરીકે ૨૪૮ ગામોમાં પુરુષો અને મહિલાઓની સમિતિઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ સમિતિઓમાંથી ૨૨ તાલુકા સ્તરની સમિતિઓ બનાવવામાં આવી છે. આ સંસ્થાઓએ દલિતો અને મહિલાઓ સામેના અત્યાચારોના ૧૬ કિસ્સા ઉઠાવ્યા હતા. અસરગ્રસ્તોને સલાહ આપવાના સંદર્ભમાં, કાનૂની માર્ગદર્શન પૂરું પાડવાના સંદર્ભમાં અને વહીવટીતંત્રને પગલાં લેવા માટે દબાણ કરવાના સંદર્ભમાં તેમને ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો. આ કિસ્સામાં ૩૪ વીઘા જમીન ઉપર દબાણના ચાર કિસ્સા અને ભેદભાવના બે કિસ્સાનો સમાવેશ થાય છે. 'દલિત અપડેટ' દ્વિમાસિકના બે અંકો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે તેમાં સરકારી યોજનાઓ અને જમીનની માલિકી સંબંધી પ્રશ્નો તથા મહિલાઓ સંબંધી પ્રશ્નો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

તા.૧૫.૦૩.૨૦૦૯ના રોજ જોધપુર ખાતે વકીલો અને પત્રકારોની એક બેઠક દલિતો અને મહિલાઓના અધિકારોના પ્રશ્નો તથા વિકાસ સાથેના તેના સંબંધો વિશે તેમને સંવેદનશીલ બનાવવા માટે યોજવામાં આવી હતી. આ બેઠકમાં ૨૨ વકીલો, ૪ પત્રકારો અને ૧૬ દલિત કર્મશીલો હાજર રહ્યા હતા. જાન્યુઆરી ૨૦૦૯માં તાલુકા સ્તરે ૩ બહુહિતધારક સંવાદ યોજવામાં આવ્યો હતો. તેમાં ૧૯૬ જેટલાં સરકારી અધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, પત્રકારો, વકીલો અને દલિત સમુદાયના નેતાઓ હાજર રહ્યા હતા. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ફોર પેરાલિગલ સ્ટડીઝ - અમદાવાદ સાથેના સહયોગમાં પેરાલિગલની બીજી બેચ તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ થઈ છે. તેમની પ્રથમ દોરની તાલીમ જોધપુર ખાતે તા.૧૯ થી ૨૧, ૨૦૦૯ દરમ્યાન યોજવામાં આવી હતી કે જેમાં ૧૦ મહિલાઓ સહિત ૩૦ કર્મશીલોએ ભાગ લીધો હતો.

### (ખ) સ્ત્રી–પુરુષ સામાજિક ભેદભાવ

પશ્ચિમ રાજસ્થાનમાં મહિલાઓની જમીન માલિકીના મુદ્દે એક સંમેલન યોજવામાં આવ્યું હતું. તા.૨૪-૨૫ માર્ચ, ૨૦૦૯ના રોજ ઉન્નતિ અને ઓક્સફામ ઈન્ડિયા ટ્રસ્ટ તથા તેનાં સહભાગી સંગઠનોના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલા આ સંમેલનમાં ૪૫૦ મહિલા નેતાઓએ ભાગ લીધો હતો. આ સંગઠનો આઈ.આર.ડી.પી. પ્રોજેક્ટમાં છેલ્લાં એક વર્ષથી કામ કરે છે. લૂણી તાલુકાનાં ૧૫ ગામોમાં 'વિશાખા' - જયપુરના સહયોગથી એક જાગૃતિ શિબિર યોજવામાં આવી હતી. ફેબ્રુઆરી-માર્ચ, ૨૦૦૯ દરમ્યાન યોજવામાં આવેલી આ બેઠકોમાં પુરુષોને સામાજિક ભેદભાવ વિશે સંવેદનશીલ બનાવવામાં આવ્યા હતા. જોધપુરમાં બે યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓ અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ સાથે સંવાદ પણ યોજવામાં આવ્યો હતો.

### (ગ) જીવનનિર્વાહને પ્રોત્સાહન

જાન્યુઆરી-૨૦૦૯માં કચ્છમાં મુસા અને વાંઢ ખાતે કૌશલ્ય વર્ધન અને ઉત્પાદન વિશે એક કાર્યશાળા યોજવામાં આવી હતી કે જેમાં ૩૮ મહિલાઓએ ભાગ લીધો હતો. કાપડની ડિઝાઈન, પોત અને ભાત વિશે તેમની સમજ ઊભી થાય તે માટે તેમાં પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

## ૩. આપત્તિ જોખમ ઘટાડાના સામાજિક નિર્ધારકો

પશ્ચિમ રાજસ્થાનમાં સાર્વજનિક મિલકત સંસાધનોની સ્થિતિને સમજવા વિશે એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. તા.૨૩-૨૪ જાન્યુઆરી, ૨૦૦૯ દરમ્યાન જયપુરમાં રાજ્ય સ્તરની એક કાર્યશાળા યોજવામાં આવી હતી. તે ઉન્નતિ, અલવરની ક્રપાવિશ, જયપુરની જીવીએનએમએલ, જયપુરની સેન્સ, ભીલવાડાની એફઈએસ અને ઓક્સફામ ઈન્ડિયા ટ્રસ્ટ દ્વારા સંયુક્તપણે યોજવામાં આવી હતી. તેનો ઈરાદો સામૂહિક સમજ ઊભી કરવાનો હતો. તેમાં ૨૮ સંગઠનોમાંથી ૨૨ સહભાગીઓ હાજર રહ્યા હતા. બાડમેર અને જોધપુર જિલ્લાઓની જિલ્લા આપત્તિ સંચાલન યોજનાઓની સમીક્ષા કરવામાં આવી હતી અને તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. તા.૦૭.૦૧.૨૦૦૯ અને તા.૦૩.૦૩.૨૦૦૯ દરમ્યાન યોજવામાં આવેલી વિમર્શ સભાઓમાં તેનાં તારણો રજૂ કરવામાં આવ્યાં હતાં. રાજસ્થાનના સિણધરી તાલુકાના ડાબર ભાતીયાં ગામમાં આપત્તિ જોખમનું સામૂદાયિક સીમાંકન કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં ભચાઉ તાલુકાનાં નેર અને બનિયારી ગામોમાં સમુદાય આધારિત આપત્તિ જોખમ ઘટાડાની યોજનાઓ તૈયાર કરવા માટે એ જ પ્રકારની કવાયત કરવામાં આવી હતી. ભચાઉમાં

તા.૨૪-૨૫ માર્ચ, ૨૦૦૯ દરમ્યાન વિકાસલક્ષી કાર્યક્રમોમાં આપત્તિ જોખમ ઘટાડાના અભિગમને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે એક પ્રાદેશિક વિમર્શ સભા યોજવામાં આવી હતી કે જેમાં ૪૫ સહભાગીઓ હાજર રહ્યા હતા. ૧૮ બિન-સરકારી સંગઠનો સાથે સંગઠનાત્મક સ્તરે આપત્તિના સામનાની તૈયારી માટેની સ્વમૂલ્યાંકન પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી અને પરામર્શ સભા દરમ્યાન તેનાં પરિણામોની આપ-લે કરવામાં આવી હતી.

પશ્ચિમ રાજસ્થાન દુકાળ સંભવ વિસ્તાર છે અને ત્યાં દલિતો તથા અસહાય સમુદાયો પાણીની અછતનો સામનો કરે છે. બાડમેર જિલ્લાના સિણધરી તાલુકામાં ૨૮ પરિવારોને ૧૨ વ્યક્તિગત અને બે સામુદાયિક જળસંગ્રહ વ્યવસ્થા ઊભી કરવા માટે ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો. ૭૭ ગરીબ પરિવારોને પાણી પૂરું પાડવા માટે ટાંકી સાથેનું એક ટ્રેક્ટર સહાયિત દરે પૂરું પાડવામાં આવ્યું હતું.

છેલ્લા વર્ષ દરમ્યાન જોધપૂર અને બાડમેર જિલ્લાના પાંચ તાલુકાના ૩૮ નાનાં અને સીમાંત ખેડૂતો સાથે બાગાયત અને ગૌચરની જમીનના વિકાસ માટેના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી કે જેથી અસહાય સમુદાયો માટે ઘાસચારાની સલામતી ઊભી થાય. આ કાર્યક્રમ હેઠળ પાણીના સંગ્રહ માટેની ટાંકીઓ પણ બાંધવામાં આવી અને ૩૮ જેટલાં જમીનના પ્લોટના નિભાવ માટે નિયમિત ટેકો પૂરો પાડવામાં આવ્યો. જંતુનાશક દવાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું. સેવા-વીમો સાથેના સહયોગમાં ૪૧ પરિવારોને વીમા સાથે સાંકળવામાં આવ્યાં. આરોગ્યના ૮ અને મૃત્યુના ૨ દાવાઓ નોંધાવવામાં આવ્યા અને તેમાંથી આરોગ્યના ૬ અને મૃત્યુના ૧ વીમા દાવાઓ સ્વીકારવામાં આવ્યા છે.

ભચાઉના ખરોલ વાંઢ એ બન્ની પ્રદેશનું પશુપાલક સમુદાયનું ગામ છે. અંતરિયાળ વિસ્તારમાં આવેલી આ વસાહત મહેસૂલી ગામ તરીકે માન્યતા પામેલી નથી અને તેથી ત્યાં માળખાગત સવલતોનો અભાવ પ્રવર્તે છે. સમુદાય આધારિત આપત્તિ જોખમ ઘટાડાના આયોજન અંગેની કવાયત દરમ્યાન આ વાંઢમાં લોકોએ બહુહેતુક સામુદાયિક કેન્દ્ર સ્થાપવા માટે પોતાનો રસ દર્શાવ્યો હતો અને તેમણે તેમાં શ્રમદાન કર્યું હતું. આ કેન્દ્ર બંધાઈ ગયું છે અને સમુદાય દ્વારા જ તેનો નિભાવ કરવામાં આવે છે. સરકારે વાંઢમાં એક આંગણવાડી અને એક બાળમંદિરની શરૂઆત કરી છે.

उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: sie@unnati.org વેબસાઈટ: unnati.org

ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, પાલ-ચોપાસની બાય-પાસ લિંક રોડ, જોધપુર, રાજસ્થાન.

ફોન: ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન: રમેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોન: ૯૮૨૫૧૫૬૪૦૨

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.